૪૦૫૦

# પ્રસ્તાવના.

પરમ શ્રેષ્ટ આધાર તુલ્ય જૈન ધર્મને ઉદ્યોતમાં લાવવો એ દરેક જૈનીની મુખ્ય ફરજ છે. આ હેતુને અમલમાં લાવવાને તેમજ અજ્ઞાન બાળકો તથા અભણ પુરૂષોને ધુરંધર ધર્મના ધોરી રસ્તે ચઢાવવાને શ્રી રાજનગરે પાંજરાપોળમાં શેઠ જેશંઘભાઈ હઠીશંઘની ધર્મશાળામાં શ્રી આદ્ય જૈન ધર્મ પ્રવર્તક સભા ઈ. સ. ૧૮૮૪ માં સ્થાપવામાં આવી, ત્યારથી આ સભા તરફથી એક જૈન નિશાળ ઉઘાડવામાં ી તેથી થતા ફાયદા જોઈ હાલમાં શેહેરમાં બીજે ઘણે નીશાળો માંડવામાં આવી છે. તે પણ આ સભાની નીચે ચાલે છે. આ નિશાળોમાં ભણનાર વિદ્યાર્થીઓ શાસ્ત્રી લીપીથી અજાણ માણસોને સારૂ "દેવસીરાઈ ણ સુત્ર અર્થ સહીત" નામની ચોપડીની પહેલી છપાવેલી તે ખપી જવાથી તેમાં સુધારો તથા વ- ી બીજી આવૃત્તિ બહાર પાડી છે. તેમાં સમકીતના ા, માર્ગાનુસારીના ૩૫ બોલ, મિથ્યાત્વના બોલ, શિ છત્રીશી રત્નાકર પચ્ચીશી, અષ્ટપ્રકારી પૂજાના દૂહા ન એકાદશીનું ગણણું એ નવાં વધારવામાં આવ્યાં છે. ાં પણ સામાન્ય વર્ગવાળા માણસથી આ પુસ્તકનો ઇ શકાય એ હેતુથી કીંમત તેની તેજ રાખવામાં છે. આ ચોપડી છપાવવાના કામમાં સબ મેનેજીંગ ...ના મેમ્બરોએ ઘણીજ મેહેનત લીધી છે માટે સભા તેમનો ઉપકાર માને છે.

આ પુસ્તકને શુદ્ધ છપાવવાનો બનતો પ્રયત્ન કર્યો છે મ છતાં તેની અંદર મતિમંદતાથી તથા આંખદોષથી ભુલ રહી ગઈ હોય તથા વીતરાગ આજ્ઞાથી વિરૂદ્ધ સૂત્રાર્થ ખાયો હોય તે સર્વે મનવચન કાયાએ કરી તસ્સ મિચ્છામે દુક્કડં. સભાના સર્વે મનોરથ સફળ થાઓ. તથાસ્તુ.

લી. શ્રી આદ્ય જૈનધર્મ પ્રવર્તક સભા.

અમદાવાદ.

# अनुक्रमणिका.

## चैत्यवंदनो.



## स्तवनो.



## सज्झायो.



## स्तुतीओ.



## छुटा बोल.



## पच्चखाण.

सांजनांपचखाण.

# अथ प्रतिक्रमण सूत्र.

## अर्थ सहित.

---

## १ अथ नवकार मंत्र.

**નમો અરિહંતાણં**—અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ.

**નમો સિદ્ધાણં**—સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ.

**નમો આયરિઆણં**—આચારજ ભગવાનને નમસ્કાર થાઓ.

**નમો ઉવજ્ઝાયાણં**—ઉપાધ્યાયજીને નમસ્કાર થાઓ. (સ્કાર થાઓ.

**નમો લોએ સવ્વ સાહૂણં**-લોકની અંદર સર્વ સાધુઓને મારો નમ-

**એસો પંચ નમુક્કારો**—એ પાંચ નમસ્કાર.

**સવ્વ પાવપ્પણાસણો**—એ સર્વ પાપનો નાશ કરવાવાળા છે.

**મંગળાણંચ સવ્વેસિં**—સર્વ મંગળીકને વિશે.

**પઢમં હુવઈ મંગલં**—તે પેહેલું મંગળીક છે.

પદ ( ૯ ) સંપદા ( ૮ ) ગુરૂ ( ૭) લઘુ ( ૬૧ ) સર્વ વર્ણ ( ૬૮ ).

## २ अथ पंचिंदिअना अर्थ.

**પંચિંદિઅ સંવરણો**—પાંચ ઈંદ્રિઓના વિકારને રોકનાર.

**તહ નવવિહ**—તથા નવ પ્રકારના.

**બંભચેર ગુત્તિધરો**—શીયલ વ્રતની ગુપ્તિને ધારણ કરનાર.

**ચઉવિહ કસાયમુક્કો**—ચાર પ્રકારના કષાયથી છૂટા.

ઇઅ અઠારસ ગુણેહિં સંજુત્તો—એ અઢાર ગુણે કરીને સહીત હોય.

**પંચમહવ્વય જુત્તો**—પાંચ મહાવ્રત યુક્ત. [ સમર્થ હોય.
**પંચવિહાયાર પાલણ સમથ્થો**—પાંચ પ્રકારના આચાર પાળવાને
**પંચ સમિઓતિ ગુત્તો**—પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.
**છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ**—એ છત્રીસ ગુણે કરીને સહીત મારો ગુરૂછે.
પદ ( ૮ ) ગાથા ( ૨ ) ગુરૂ ( ૧૦ ) લઘુ ( ૭૦ ) સર્વ વર્ણ ( ૮૦ )

# ૩ अथ इच्छामि खमासमणाना अर्थ.

**ઇચ્છામિ ખમાસમણો**—ક્ષમાદિક ગુણે કરીને સહીત એવા હે સાધુજી હું ઈચ્છું છું.
**વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ**—પાપ વ્યાપાર છોડીને અથવા શરીરની શકિતવડે વાંદવાને.
**મથ્થએણ વંદામિ**—મસ્તકવડે હું નમસ્કાર કરૂંછું.
ગુરૂ ( ૩ ) લઘુ ( ૨૫ ) સર્વ વર્ણ ( ૨૮ )

# ૪ ॥ अथ सुगुरुने सुखशातानी पृच्छा ॥

**ઇચ્છકાર સુહરાઇ સુહદેવસિ ॥ સુખ તપ શરીર નિરાબાધ ॥ સુખ સંજમ જાત્રા નિર્વહોછોજી ॥ સ્વામી શાતા છેજી ॥ ભાત પાણીનો લાભ દેજોજી ॥ ઇતિ ॥**

# (૫) अथ इरिया वहियाना अर्थ.

ઇચ્છાકારેણ—ઇચ્છાએ કરીને,
**સંદિસહભગવન્**—ભગવંત આદેશ આપો.
**ઈરિયાવહિયં પડિક્કમામિ**—માર્ગમાં ચાલતાં જે પાપ થાય તેથી હું નિવરતું? ગુરૂ કહે નિવર્તો.
**ઇચ્છંઇચ્છામિ પડિક્કમિઉં**—પ્રમાણ. મારા મનની ઇચ્છાએ પાપને. પરિહરવાને ઈચ્છું છું.

**ઇરિયાવહિયાએ**—માર્ગમાં ચાલતાં જીવની.
**વિરાહણાએ**—વિરાધના થઈ હોય.
**ગમણાગમણે**—જતાં આવતાં.
**પાણક્કમણે**—કોઈ જીવ ચાંપ્યો હોય.
**બીયક્કમણે**—બીજ સુકાં, લીલાં ચાંપે.
**હરિયક્કમણે**—લીલી વસ્તુ ચાંપી હોય.
**ઓસાઉત્તિંગ**—ઠારનું પાણી તથા કિડિયારૂં કે ગધઈયાં.
**પણગદગ**—પાંચ વર્ણી સેવાળ (નીલ, ફુગ) તથા કાચું પાણી.
**મટ્ટીમક્કડા**—માટી, કરોળીયાના પડ.
**સંતાણા સંકમણે**—જાળ; ચાંપ્યાં હોય તેથી.
**જેમેજીવાવિરાહિયા**—મેં જે જીવની વિરાધના કીધી હોય.
**એગિંદિયા**—એકેંદ્રી ( પૃથ્વી, પાણી, અગ્ની, વાયરો, વનસ્પતી
**બેઇંદિયા**—બે ઇંદ્રી, ( કીડા,અળસીયા, પાણીના પુરા વિગેરે. )
**તેઇંદિયા**—ત્રણ ઇંદ્રી વાળા ( માકણ, કીડી, મંકોડા વિગેરે. )
**ચઉરિંદિયા**—ચાર ઇંદ્રી વાળા ( માંખી, ભમરા, ફુદાં )
**પંચિંદિયા**—પાંચ ઇંદ્રીં વાળા (મનુષ્ય ત્રીજંચ વીગેરે જીવોને. )
**અભિહયા**—સામા આવતા હણ્યા હોય.
**વત્તિયા**—ધુડે કરીને ઢાંક્યા હોય.
**લેસિયા**—ભુમી સાથે, ભીંતે ઘસ્યા.
**સંઘાઇયા**—માંહોમાંહે શરીરે શરીર મેળવ્યાં હોય.
**સંઘટ્ટીયા**—થોડા સ્પર્શવડે પીડા કરી.
**પરિયાવિયા**—પીટ્યા એટલે પરિતાપ ઉપજાવ્યા.
**કિલામિયા**—થકવીને મુડદાલ કીધા હોય.
**ઉદ્દવિયા**—ત્રાસ પમાડી હાલી ચાલી ન શકે એવા કીધા.
**ઠાણાઓઠાણં, સંકામિયા**—એક સ્થાનથી બીજે સ્થાનકે મુકયા હોય.

**જીવિયાઓ વવરોવિયા**—જીવીત થકી ચુકાવ્યાં મારી નાંખ્યાં.

**તસ્સમિચ્છામિદુક્કડં**—તે પાપ મિથ્યા, નિષ્ફળ થાઓ.

પદ ( ૨૫ ) શંપદા ( ૮ ) ગુરૂ ( ૧૪ ) લઘુ ( ૨૩૬ ) સર્વ વર્ણ (૧૫૦)

# (૬) अथ तस्स उत्तरीना अर्थ.

**તસ્સ ઉત્તરી કરણેણ**—તે પાપ શુદ્ધ કરવાને.

**પાયચ્છિત કરણેણં**—તે પાપને છેદ કરવાને.

**વિસોહીકરણેણં**—આત્માને શુદ્ધ કરવાને.

**વિસલ્લી કરણેણં**—આત્માને માયા નિયાણને મિથ્યાત્વ એ ત્રણ શલ્ય રહીત કરવાને.

**પાવાણંકમ્માણં**—પાપ કરમ તેને.

**નિગ્ઘાયણટ્ઠાએ**—ટાળવાને અર્થે.

**ઠામિકાઉસ્સગ્ગં**—કાઉસ્સગ્ગ કરૂંછું.

પદ ( ૬ ) સંપદા (૧) ગુરૂ ( ૧૦ ) લઘુ ( ૩૯ ) સર્વ વર્ણ ( ૪૯ ).

# ૭॥ अथ अन्नथ्थ ऊसासिएणंना अर्थ ॥

**અન્નથ્થ ઉસસિએણં**—બીજે ઠેકાણે, ઊંચા સ્વાસવડે.

**નીસસિએણં, ખાસિએણં, છીએણં**—નીચા સ્વાસવડે, ઉધરસવડે છિંકવડે.

**જંભાઇએણં, ઉડ્ડુએણં, વાય નિસગ્ગેણં**—બગાસાવડે, ઓડકાર વડે, વા સંચરવાથી.

**ભમલિએ, પિત્ત મુચ્છાએ, ॥ ૧ ॥ સુહુમે હિં અંગસંચાલે હિં**—તમ્મરવડે પિત્તના ઉછાળાથી, અંગના સુક્ષ્મ સંચારથી.

**સુહુમે હિં ખેલ સંચાલેહિં**—સુક્ષ્મ થુંક અથવા કફ ગળવા વડે.

**સુહુમે હિં દિટ્ઠિ સંચાલેહિં ॥ ૨ ॥**—સુક્ષ્મ દ્રષ્ટીના સંચારવડે.

**એવમાઇએ હિં આગારે હિં**—આ પૂર્વોક્ત બાર આગાર આદે લેઇને બીજા આગારોથી

અભગ્ગો અવિરાહિઓ—અખંડિત, અવિરાધ્યો.
હુજ્જમે કાઉસ્સગ્ગો ॥૩॥—મ્હારે કાઉસ્સગ્ગ હોજો.
જાવ, અરિહંતાણં, ભગવંતાણં—જ્યાંસુધી, અરિહંત, ભગવાનને.
નમુક્કારેણં, નપારેમિ ॥૪॥ તાવકાયં—નમસ્કાર વડે, ન પારૂં, ત્યાંસુધી મારી કાયાને.
ઠાણેણં, મોણેણં ઝાણેણં—સ્થાનકવડે, મૌનપણે, ધ્યાને.
અપ્પાણં વોસિરામિ ॥૫॥—પોતાની મેળે વોસિરાવું છું.
સંપદા (૫) પદ (૨૮) ગુરૂ (૧૩) લઘુ (૧૨૭) સર્વ વર્ણ (૧૪૦)

# ૮ ॥ અથ લોગસ્સના અર્થ.

લોગસ્સ ઉજ્જોઅગરે—લોકને કેવળ જ્ઞાન વડે ઉદ્યોતના કરનાર.
ધમ્મ તિત્થયરે જિણે—ધર્મ તીર્થના કરણહાર.
અરિહંતે કિત્તઇસ્સં—કર્મરૂપ વેરીના હણનારની કીર્તિ કરૂછું.
ચઉવીસંપિ કેવલી ॥૧॥—એ ચોવીસે કેવળી છે. (નાથને વાંદું છું.
ઉસભમજિઅં ચવંદે—પેહેલા શ્રી રીખભદેવ, વળી બીજા અજીત-
સંભવ મભિણંદણં ચ સુમઇં ચ—સંભવનાથ, અભિનંદન સુમતીનાથ.
પઉમપ્પહં સુપાસં, જિણંચ ચંદપ્પહં વંદે ॥૨॥—પદમ પ્રભુ, સુપાર્શ્વ, રાગ દ્વેષના જીતનાર. ચંદ્ર પ્રભુને વાંદુંછું.
સુવિહિં ચ પુપ્ફદંતં—સુવિધીનાથ, તથા પુષ્પદંત એ બે નામ નવમાના.
સીઅલ સિજ્જંસ વાસુપુજ્જંચ—શીતળનાથ, શ્રેયાંસનાથ, શ્રી વાસુપૂજ્ય
વિમલ મણંતં ચ જિણં—વિમલનાથ, અનંતનાથ રાગ દ્વેષના જીતનારને
ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥—શ્રી ધર્મનાથ, શ્રી શાંતીનાથને વાંદુંછું.
કુંથું અરં ચ મલ્લિં—કુંથુનાથ, અરનાથ, શ્રી મલ્લીનાથને.
વંદેમુણિસુવ્વયં નમિજિણં ચ—વંદુ મુનીસુવ્રત, શ્રી નમીનાથને.

**વંદામિ રિઠ્ઠનેમિં**--અરિષ્ટ નેમનાથને વાંદુ છું.
**પાસં, તહ વદ્ધમાણં ચ** ॥૪॥--પાર્શ્વનાથ,તેમજ શ્રી વર્ધમાનસ્વામીને.
**એવં, મએ અભિથુઆ**--મેં એણી પ્રકારે કીર્તી કરી તે કેવા છે તે કહે છે.
**વિહુય રયમલા**--જેણે કર્મરૂપ રજ, મેલ ટાળ્યા છે.
**પહીણ જરમરણા**--જેણે જરા અને મરણનાં દુઃખ ખપાવ્યાં છે.
**ચઉવીસંપિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ**--॥૫॥ એ ચોવીસે તિર્થંકર, રાગ દ્વેષના જીતનાર મારા ઉપર પ્રસન્ન થાઓ.
**કિત્તિય વંદિય મહિયા**--સ્તવ્યા વાંદ્યા પૂજ્યા.
**જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા**-જે એ લોકોને વિષે ઉતમ સિદ્ધ થયા.
**આરૂગ્ગ બોહિલાભં**--સમકીત બોધ બીજ, રોગ રહીતપણું.
**સમાહિવર મુત્તમં દિંતુ** ॥૬॥--ઉત્તમ પ્રધાન એવી સમાધિ સ્થિરતા આપો.
**ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા**-ચંદ્રમાથી અધિક નિર્મલ, સુર્યથી અધીક પ્રકાશ કરણહાર.
**સાગરવર ગંભીરા**--સમુદ્રની પેઠે ગંભીર છે.
**સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ** ॥૭॥-એહવા સિદ્ધ મુજને સિદ્ધી દેખાડો.
પદ (૨૮) સંપદા (૨૮) ગુરૂ (૨૭) લઘુ (૨૨૯) સર્વવર્ણ (૨૫૬)

# अथ मुहपतीना ५० बोल अंग सुधाना.

**સુત્ર અર્થ તત્ત્વ ૧ કરી સદ્દહુ. સમકિત મોહની. ૨ મીશ્ર મોહની ૩ મિથ્યાત મોહની ૪ પરીહરૂં.**
**કામ રાગ. ૫ સ્નેહ રાગ ૬ દ્રષ્ટી રાગ ૭ પરીહરૂં.**
**સુદેવ ૮ સુગુરૂ ૯ સુધર્મ ૧૦ આદરૂં.**
**કુદેવ ૧૧ કુગુરૂ ૧૨ કુધર્મ ૧૩ પરીહરૂં.**

જ્ઞાન ૧૪ દર્શન ૧૫ ચારિત્ર ૧૬ આદરૂં.
જ્ઞાન ૧૭ દર્શન ૧૮ ચારિત્ર ૧૯ વિરાધના પરીહરૂં.
મનગુપ્તિ ૨૦ વચનગુપ્તિ ૨૧ કાયગુપ્તિ ૨૨ આદરૂં.
મન ડંડ ૨૩ વચન ડંડ ૨૪ કાય ડંડ ૨૫ પરીહરૂં.

## हवे अंगना बोल २५ लख्याछे.

હાસ્ય ૧ રતિ ૨ અરતિ ૩ પરીહરૂં ડાબે હાથે પડી લેહવા.
ભય ૪ સોગ ૫ દુગંચ્છા ૬ પરીહરૂં જમણે હાથે પડી લેહવા.
કૃષ્ણલેશ્યા ૭ નિલલેશ્યા ૮ કાપોતલેશ્યા ૯ પરીહરૂ. માથા ઉપર પડી લેહવા. (પડી લેહવા.)
રસગારવ ૧૦ રિદ્ધીગારવ ૧૧ સાતાગારવ ૧૨ પરિહરૂ. મોંઢે
માયાશલ્ય ૧૩ નિયાણશલ્ય ૧૪ મિથ્યાત્વશલ્ય ૧૫ પરીહરૂં. છાતી આગળ પડી લેહવા.
ક્રોધ ૧૬ માન ૧૭ પરીહરૂં. પુંઠે ડાબે ખભે પડી લેહવા.
માયા ૧૮ લોભ ૧૯ પરીહરૂં. પુંઠે જમણી તરફ ખભે પડી લેહવા. પૃથ્વીકાય ૨૦ અપકાય ૨૧ તેઉકાય ૨૨ ની જયણા કરૂં. ડાબે પગે પડી લેહવા. (જમણે પગે પડી લેહવા.)
વાઉકાય ૨૩ વનસ્પતિકાય ૨૪ ત્રસકાય ૨૫ ની રક્ષા કરૂં.
તે મધ્યે સાધુ શ્રાવકને બોલ ૫૦ કહેવા. અને લેશ્યા ૩ શલ્ય ૩ કખાય ૪ એ દસ સિવાય બોલ ૪૦ સાધવી શ્રાવિકાને કહેવા.

## ॥૭॥ अथ करेमिभंतेना अर्थ.

**કરેમિ ભંતે સામાઇયં**—હે ભગવંત હું કરૂંછું. સમતા રૂપ સામાયક.
**સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ**—સાવદ્ય જે પાપનાજોગ તે ત્યાગ કરૂંછું.

**જાવ નિઅમં**—જ્યાંસુધી નિયમ છે. ત્યાંસુધી
**પજ્જુવાસામિ**—આરાધુ ભક્તિ કરૂંછું.
**દુવિહં**—બે ભેદે કરવું નહી કરાવવું નહી તે.
**તિવિહેણં**—ત્રણ ભેદે, તે, મન, વચન, કાયા તેણે કરી.
**મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ**—મન, વચન, કાયા-એ કરીને ન કરૂં તથા ન કરાવું.
**તસ્સ ભંતે પડિક્કમામિ**—હે ભગવંત તેથી હું નિવરતુંછું.
**નિંદામિ ગરિહામિ**—નિંદુછું ગુરૂની સાખે ગરહુંછું.
**અપ્પાણં વોસિરામિ**—મારા આત્માને વોસિરાવું છું.

# ॥૧૦॥ अथ सामाइअ वयजुत्तोना अर्थ.

**સામાઇઅ વયજુત્તો**—સામાયકના વ્રતે યુક્ત. (હોય ત્યાં સુધી.
**જાવ મણે હોઇ નિયમસંજુત્તો**—જ્યાંલગી મન નિયમે સંજુક્ત
**છિન્નઇ અસુહં કમ્મં**—અસુભ કર્મને તોડે.
**સામાઇય જત્તિઆવારા ॥૧॥**— જેટલી વાર સામાયક કરે તેટલીવાર
**સામાઇઅંમિ ઉકએ**—વળી સામાયક કરતી વખતે. (રેજ હોય.)
**સમણોઇવ સાવઓ હુવઈજમ્હા**—શ્રાવક હોય તે પણ સાધુની પે-
**એએણકારણેણં બહુસો સામાઇઅં કુજ્જા ॥૨॥**—એ કારણ થ-કી ઘણીવાર સામાયક કરવાં.

**સામાયિક વિધિ લીધું વિધિ પાર્યું. વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય તે સવીહું મન વચન કાયાએ કરી. મિચ્છામિ દુક્કડં. ॥ દશ મનના દશ વચનના બાર કાયાના એવં ૩૨ દોષમાં જે કાંઇ દોષ લાગ્યો હોય તે સવીહું મન વચન કાયાએ કરી તસ્સ મિછામિ દુક્કડં॥**

## ॥११॥ अथ जांकिंचिना अर्थ.

જં કિંચિ નામતિથ્થં—જે કોઈ નામ તિર્થ હોય. (નુષ્ય લોકમાં.)
સગ્ગે પાયાલિ માણુસેલોએ—સ્વર્ગ લોકમાં પાતાળ લોકમાં ને મ-
જાઇં જિણબિંબાઇં—જે કોઈ જિનેશ્વર ભગવાનની પ્રતિમા હોય.
તાઇં સવ્વાઇં વંદામિ ॥—તે સર્વે પ્રતે હું નમસ્કાર કરૂંછું.

## ॥१२॥ अथ नमुथ्थुणंना अर्थ.

નમુથ્થુણં અરિહંતાણં—અરિહંતને નમસ્કાર થાઓ.

ભગવંતાણં ॥૧॥ આઇગરાણં—ભગવાનને. ધર્મની શરૂઆત કરનારને.
તિથ્થયરાણં—તિર્થંકરને.
સયંસંબુદ્ધાણં ॥૨॥—પોતે પોતાની મેળે બોધ પામેલા છે તેમને.
પુરિસુત્તમાણં પુરિસસીહાણં—પુરૂષને વિષે ઉત્તમ છે, પુરૂષને વિષે સિંહ સમાન છે તેમને.

પુરિસવર પુંડરીઆણં—પુરૂષને વિષે ઉત્તમ પુંડરીક કમળ જેવા છે તેમને.

પુરિસવર ગંધહથ્થીણં ॥૩॥—પુરૂષને વિષે ગંધ હસ્તી જેવા છે તેમને
લોગુત્તમાણં લોગનાહાણં—લોકમાં ઉત્તમ, લોકના નાથને.
લોગહિઆણં—લોકના હિત કરનારને.

લોગપઈવાણં—લોકને વિષે દીવા સમાન છે તેમને.

લોગપજ્જોઅગરાણં ॥૪॥—લોકના વિષે પ્રકાશ કરનારને.

અભયદયાણં—અભય દાનના આપનારને.

ચખ્ખુદયાણં—ચક્ષુના આપનારને.

મગ્ગદયાણં સરણદયાણં—મોક્ષ માર્ગ આપનારને, શરણ આપનારને.

બોહિદયાણં ॥૫॥—સમકિતના આપનારને નમસ્કાર થાઓ.

**ધમ્મદયાણં ધમ્મદેસિયાણં**—ધર્મના આપનારને, ધર્મના ઉપદેશ કરનારને
**ધમ્મનાયગાણં ધમ્મસારહીણં**—ધર્મના નાયકને, ધર્મના સારથીને.
**ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥૬॥**—ધર્મના ઉત્તમ ચાર પ્રકારના લશ્કરના ચક્રવર્તી રાજા.
**અપ્પડિહયવરનાણં**—નહી રોકાયેલું કેવળ જ્ઞાન છે જેમને.
**દંસણધરાણં**—દર્શનના ધરનારને.
**વિઅટ્ટછઉમાણં ॥૭॥**—વિત્યું છે છળ કપટ છદ્મસ્થપણું.
**જિણાણં જાવયાણં**—જિનને જાપકને.
**તિન્નાણં તારયાણં**—પોતે સંસાર સમુદ્રથી તરેલા છે, ને બીજાને તારવાને સમર્થ છે. (કરાવનારને.)
**બુદ્ધાણં બોહયાણં**—તત્વના જાણ છે તેમને, ભવ્ય જીવોને જાણપણું
**મુત્તાણં મોઅગાણં ॥૮॥**—કર્મથી મુકાણા છે, બીજાને મુકાવનાર છે તેમને.
**સવ્વન્નૂણં સવ્વદરિસીણં**—સર્વજ્ઞને. સર્વ દર્શિને.
**સિવ**—સર્વ ઉપદ્રવ રહિત.
**મયલ મરૂઅ મણંત મક્ખય**—અચળ, રોગ રહિત, અનંત અક્ષય.
**મવ્વાબાહ**—સર્વ પ્રકારે બાધા રહિત.
**મપુણરાવિત્તિ**—ફરીથી જેથી પાછા આવવું નથી.
**સિદ્ધિગઈ**—એવી સિદ્ધિ ગતિ છે.
**નામધેયં ઠાણં સંપત્તાણં**—નામ જેનું, એવા સ્થાનકે પોતે પોંચ્યાછે.
**નમોજિણાણં**—તે જીનને નમસ્કાર થાઓ.
**જિઅભયાણં ॥૯॥ જેઅ અઈઆ**—ભય જીતનારા, જે ભૂતકાળને વિષે
**સિદ્ધા જેઅભવિસ્સંતિ**—મોક્ષે પોંચ્યા છે, કે સિદ્ધ થશે.
**ણાગએકાલે**—અણાગત કાલને વિષે.
**સંપઈઅ વટ્ટમાણા**—વર્તમાન કાળને વિષે વર્તમાન તિર્થંકરોને.
**સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥**—તે સર્વ પ્રતે મન વચન કાયાએ કરી વાંદુ છું.

સંપદા (૯) ગાથા (૧૩) પદ (૩૩) ગુરૂ (૩૩) લઘુ (૨૬૪) સર્વવર્ણ (૨૯૭.)

# ॥१३॥ अथ जावंतिचेइआइंनाअर्थ.

**જાવંતિ ચેઇઆઈં,**—જેટલી જીન પ્રતિમા હોય.

**ઉઢ્ઢે અ.**—ઉર્ધ્વ લોકને વિષે. વળી.

**અહે અ**—અધો લોકને વિષે, વળી.

**તિરિઅ લોએ અ,**—તિર્છા લોકને વિષે વળી.

**સવ્વાઈ તાઈ વંદે,**—તે સર્વ પ્રતે હું વાંદુ છું.

**ઈહ સંતો**—અહિં રહ્યો છતાં.

**તત્થ સંતાઈ ॥૧॥**—ત્યાં તે પ્રતિમા છે તે પ્રતે. ॥૧॥

સંપદા (૪) ગાથા (૧) પદ (૪) ગુરૂ (૩) લઘુ (૩૨) સર્વ વર્ણ. (૩૫.)

**ઇચ્છામિ ખમાસમણો બોલવું જોઇએ.**

# ॥१४॥ अथ जावंतकेविसाहूनाअर्थ.

**જાવંત કેવિ સાહૂ**—જેટલા, કોઇ પણ સાધુ છે.

**ભરહે રવય**—પાંચ ભરત, પાંચ ઐરવ્રત.

**મહાવિદેહે અ,**—પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્રમાં.

**સવ્વેસિં તેસિં**—વળી તે સર્વ પ્રતે.

**પણઓ,**—નમસ્કાર થાઓ તે સાધુ કેવા છે.

**તિવિહેણ**—મન વચન કાયાએ કરીને.

**તિદંડ**—અશુભ મન વચન કાયાના ત્રણ દંડથી.

**વિરયાણં ॥૧॥**—નિવર્ત્યા છે. ॥૧॥

પદ (૪) સંપદા (૪) લઘુ (૩૭) ગુરૂ (૧) સર્વ વર્ણ (૩૮)

## ॥१५॥ अथ नमस्कारना अर्थ.

નમોઽર્હત્—અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ.
સિદ્ધા ચાર્યો—સિદ્ધ ભગવાનને, આચારજ ભગવાનને.
પાધ્યાય સર્વસાધુભ્ય:—ઉપાધ્યાયને, સર્વ સાધુને નમસ્કાર થાઓ.

## ॥१६॥ अथ उपसर्गहरस्तवनना अर्थ.

ઉવસગ્ગહરં—ઉપસર્ગ હરનારા.
પાસં—શ્રી પાર્શ્વ નામનો યક્ષ છે સેવક જેનો એવા.
પાસં વંદામિ—શ્રી પાર્શ્વનાથ મહારાજને હું વાંદુ છું.
કમ્મઘણમુક્કં,—કર્મના સમુહથી મુક્ત છે.
વિસહરવિસનિન્નાસં—સાપનું ઝેર અતિશયે કરીનેનાશ કરવા વાળા છે.
મંગલકલ્લાણઆવાસં ॥૧॥—મંગલ અને કલ્યાણનું ઘર છે. ॥૧॥
વિસહર ફુલિંગમંતં,—વિખધર ફુલિંગ મંત્ર.
કંઠેધારેઇ—કંઠને વિષે યાદ કરે .
જો સયા મણુઓ,—જે કોઇ માણુસ હમેશાં.
તસ્સ ગહ રોગમારી,—તેના ગ્રહ, રોગ, મરકી.
દુઠ્ઠજરા જંતિ ઉવસામં ॥૨॥—દુષ્ટ શત્રુ, ઉપશમ પામે ॥૨॥
ચિઠ્ઠઉ દૂરે મંતો,—રહો. દુર. મંત્ર.
તુજ્જપણામો વિ—તમને નમસ્કાર કરવો તે, પણ.
બહુફલો હોઇ,—ઘણું ફળ આપનાર છે.
નર તિરિએ સુવિ જીવા,—માણુસ, ત્રિજંત્ર, સર્વ જીવ.
પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં॥૩॥—નથી પામતા દુઃખ દારિદ્ર. ॥૩॥
તુહ સમ્મત્તે લધ્ધે,—તમારૂ સમ્યકત્વ દર્શન પામ્યા છતે.

**ચિંતામણિ**— ચિંતામણિ રત્ન.
**કપ્પપાયવબ્ભહિએ,**—કલ્પવૃક્ષથી પણ અધિક એવા.
**પાવંતિઅવિગ્ઘેણં,**—વિઘ્ન રહિતપણે પામે છે.
**જીવા**—ભવ્ય જીવો.
**અયરામરંઠાણં॥૪॥**—અજરામર સ્થાનક. ॥૪॥
**ઇઅ સંથુઓ મહાયસ,**—એ પ્રમાણે, સ્તવ્યો, હે ! મહાયશ.
**ભત્તિબ્ભર**—ભક્તિને સમુહે કરીને.
**નિબ્ભરેણ**—પુરણ ભરે છતે.
**હિઅએણ તા**—હૃદય વડે, તે કારણ માટે.
**દેવ દિજ્જ**—હે દેવ, આપો.
**બોહિં, ભવેભવે**—બોધી બીજ જન્મો જન્મ.
**પાસ જિણચંદ ॥૫॥**—હે પાર્શ્વ જીણચંદ્ર. ॥૫॥
પદ ( ૨૦ ) સંપદા (૨૦) ગુરૂ (૨૦) લઘુ ( ૧૬૫ ) સર્વવર્ણ ( ૧૮૫ )

# ॥ १७ ॥ अथ जय वीयरायना अर्थ.

**જય વીયરાય જગગુરૂ,**- જય પામો, હે શ્રીવીતરાગ, હે જગત્રય ગુરૂ.
**હોઉ મમ તુહ પભાવઓ**—હોજો, મારે તમારા, પ્રભાવથી.
**ભયવં ભવ નિવ્વેઓ**—હે ભગવંત. ભવનું ઉદાસપણું થાઓ.
**મગ્ગાણુસારિઆ ઇટ્ઠ ફલ**—માર્ગાનું સારીપણું, ઇચ્છેલા ફળની.
**સિદ્ધી ॥૧॥ લોગવિરૂદ્ધચ્ચાઓ,**-સિદ્ધી, લોક વિરૂધનો ત્યાગ થાઓ.
**ગુરૂજણપૂઆ**—માતા પિતાદિક સદ્‌ગુરૂની શેવા.
**પરત્થકરણંચ**—પરોપકાર કરવો તે મારે થાઓ.
**સુહ ગુરૂ જોગો**—શુદ્ધ ગુરૂનો મેળાપ થાઓ.
**તવ્વયણ સેવણા**—તેમના વચનની સેવા થાઓ.

**આભવ મખંડા ॥૨॥**—જ્યાં સુધી મારે સંસાર છે ત્યાંસુધી અખંડ હોજો

**વારિજજઇ જઇવિ**— નિષેધ્યું છે જો કે.

**નિઆણ બંધણં**—નિયાણાનું બાંધવું.

**વીઅરાય તુહ સમએ**—હે શ્રીવીતરાગ તમારા સિદ્ધાંતમાં.

**તહવિ મમ હુજજ સેવા**—તોપણ મારે હોજો. ભક્તિ.

**ભવે ભવે તુમ્હ ચલણાણં**—જન્મોજન્મના વિષે તમારા ચરણની શેવા.

**દુઃખખઓ**—શરીર અને મન સંબંધી દુઃખનો ક્ષય.

**કમ્મખ્ખઓ, સમાહિમરણં**—આઠ કરમનો નાશ, સમાધી મરણ.

**ચ બોહિલાભો અ, સંપજજઉ**—વળી બોધી બીજનો લાભ થાઓ.

**મહ એઅં, તુહ નાહ**— મારે એ ચાર બાબતો, તુમ નાથ પ્રતે.

**પણામ કરણેણં ॥ ૪ ॥ સર્વમંગલ**—નમસ્કાર, કરવાથી. બધાં મંગળીક માંહે.

**માંગલ્યં**,—માંગળીક છે.

**સર્વકલ્યાણકારણં**—સર્વ કલ્યાણનું કારણ છે.

**પ્રધાનં સર્વધર્માણાં**,—સર્વ ધર્મમાં મુખ્ય છે જે.

**જૈનં જયતિ શાસનં ॥ ૫ ॥**—જૈનશાસન જયવંતુ વર્તે છે.

સંપદા(૨૦) ગાથા(૫) પદ (૨૦) ગુરૂ (૧૯) લઘુ (૧૭૨) સર્વવર્ણ(૧૯૧)

# ॥૧૮॥ અથ અરિહંતચેઇ આણંના અર્થ.

**અરિહંત ચેઇઆણં** અરહંતની પ્રતીમાને વાંદવાને અર્થે.

**કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥**—હું કાઉસ્સગ્ગ કરૂંછું.

**વંદણ વત્તિઆએ**—વાંદવાના ફળને અર્થે.

**પુઅણ વત્તિઆએ**,—પૂજવાના ફળને અર્થે.

**સક્કાર વત્તિઆએ**—સત્કારના ફળને અર્થે.

**સમ્માણ વત્તિઆએ**—સન્માનના ફળને અર્થે.

**બોહિલાભવત્તિઆએ**—બોધી બીજના લાભના ફળને અર્થે.
**નિરૂવસગ્ગવત્તિઆએ ॥૨॥**—જન્મ જરા મરણના ઉપસર્ગથી રહિત મોક્ષરૂપ સ્થાનક પામવાને અર્થે.
**સદ્ધાએ, મેહાએ**—આસ્થાવડે, નિર્મળ બુદ્ધિએ.
**ધીઇએ, ધારણાએ,**—ચિત્તની સ્થિરતાએ, વિચાર પૂર્વક.
**અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ,**—વારંવાર વિચાર પૂર્વક ચઢતે ભાવે.
**ઠામિકાઉસ્સગ્ગં ॥૩॥**—હું સ્થાનક પ્રતે કાઉસ્સગ્ગ કરૂંછું.
સંપદા ( ૩ ) ગાથા ( ૩ ) પદ(૧૫ )ગુરૂ( ૧૬ )લઘુ( ૭૩ )સર્વવર્ણ(૮૯).

# ॥ १ए ॥ अथ सामायक लेवानो विधि.

પ્રથમ ઊંચે આસને પુસ્તક પ્રમુખ મુકીને ॥ શ્રાવક શ્રાવિકા કટાસણું ॥ મુહપત્તી ચવલો લઇ ॥ શુદ્ધ વસ્ત્ર પહેર્યા પુંજી કટાસણા ઉપર બેસી ॥ મુહપત્તી ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ થાપનાજી સન્મુખ રાખીને એક નવકાર ગણી પંચિંદિય કહી ઇચ્છામિ ખમાસમણ દેઇ ॥ ઇરિયાવહિઆ ॥ તસ્સઉત્તરી ॥ અન્નત્થ ઉસસીએણં કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ॥ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ॥ સામાયિક મુહપત્તી પડિ લેહું॰ ઇચ્છં॰ એમ કહી ॥ મુહપત્તી તથા અંગની પડિ લેહણના પચાસ બોલ કહી મુહપત્તી પડિ લેઈએ ॥ ખમાસમણ દેઈ॰ ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદીસાહું ઇચ્છં વળી ખમાસમણ દેઇ॥ ખમા ૦॥ ઇચ્છા ૦॥ સામાઇક ઠાઉં ઇચ્છં એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી॥ ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી વહિલ ॥ કરેમિભંતે કહે ॥ પછી ખમાસણ દેઈ ઇચ્છા ૦॥ બેસણે સંદિસાહું

ખમા૦ ઈચ્છા૦ બેસણે ઠાઉં ખમા૦ ।। ઇચ્છા ૦ ।। સઝાય સંદિસાહું ।। ખમા ૦ ।। ઈચ્છા ૦ ।। સઝાય કરૂં ।। ઈચ્છં ।। એમ કહી ત્રણ નવકાર ગણવા પછી બે ઘડી સઝાય ધર્મ ધ્યાન કરવું ।। ઇતિ૦

## ।।२०।। अथ सामायक पारवानो विधि. ।।

।। ખમાસમણ દેઈ ।। ઈરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ સુધી કહી ।। ખમા૦ ।। ઈચ્છા૦ ।। મુહપત્તિ પડિ લેહુ કહી મુહપત્તી પડિલેહી ખમા૦ ઈચ્છા૦ સામાઇકિ પારૂં ।। યથા શક્તિ ।। વળી ખમા ૦।। ઈચ્છા ૦।। સામાયક પાર્યું ।। તહત્તિ કહી પછી જમણો હાથ ચરવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી એક નવકાર ગણી "સામાઇય વ-યજુત્તો" કહીએ ।। પછી જમણો હાથ થાપના સન્મુખ સવળો રા-ખીને એક નવકાર ગણીએ ।।

## ।।२१।। अथ चैत्यवंदन करवानो विधि. ।।

પ્રથમ ત્રણ ખમાસમણાં દેઇને પછી ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં. ઈચ્છં. પછી ચૈત્યવંદન, જંકિંચિ; પછી બેહાથ જોડી નાસિકા સુધી ઊંચા રાખી નમુથ્થુણં કહેવું; જાવંતિચેઈઆઈ, ખમાસમણું દેઇ જાવંત કેવિસાહૂ પછી નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ પછી સ્તવન કહેવું. પછી બે હાથ જોડી માથા સુધી ઊં-ચા રાખી જય વીયરાય કહેવા આભવમખંડા સુધી કહી હાથ જરા નીચા ઉતારી બધા જયવીયરાય પુરા કરવા, પછી ઉભા થઈ અરિહંત ચેઈઆણં કરેમિ કાઉસગ્ગં અનથ્થ ઉસસિએણં, કહી કા-ઉસગ્ગ એક નોકારનો કરી પછી નમો અરિહંતાણં, નમોર્હત્ સિદ્ધા-ચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી એક થોય કહેવી.

ઇતિ ચૈત્યવંદન વિધિ ।।।।

# ॥२२॥ अथ सव्वलोए अरिहंत चेइआणं.

**સવ્વલોએ અરિહંત ચેઇઆણું**—સર્વ લોકમાં અરિહંતનાં બિંબને.
**કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ વંદણ વત્તિઆએ,**—વાંદવાના ફળને અ-
ર્થે હું કાઉસ્સગ્ગ કરૂંછું.

બાકીનો પાઠ અરિહંત ચેઇઆણું પ્રમાણે લેવો.

# ॥२३॥ अथ पुख्खर वरदी.

**પુખ્ખરવર દીવડ્ઢે**—પુષ્કરવરનામા દ્વીપના અર્ધ ભાગમાં.
**ધાયઇ સંડે અ જંબુદ્દીવે અ**—ધાતકી ખંડ અને જંબુદ્વીપમાં.
**ભરહેરવયવિદેહે**—પાંચ ભરત, પાંચ ઐરવત ને પાંચ મહાવિદેહમાં
**ધમ્માઇગરે નમંસામિ** ॥૧॥—ધર્મની આદિના કરનારને હું નમુંછું ૧
**તમતિમિરપડલવિદ્ધંં, સણસ્સ**—અજ્ઞાનરૂપી અંધકારના સમુહના
નાશ કરનાર. (તેમણે પૂજ્યા એવા.
**સુરગણ નરિંદ મહિઅસ્સ**—દેવતાના સમુહ તથા માણસના ઇંદ્ર
**સીમાધરસ્સ વંદે,**—મર્યાદામાં રાખનાર (સિદ્ધાંત) ને વાંદુંછું.
**પપ્ફોડિઅ મોહજાલસ્સ** ॥૨॥ તોડી નાંખીછે મોહરૂપી જાળ તે
જેણે (એવા સિદ્ધાંતને હું વાંદુંછું) ॥૨॥
**જાઇજરામરણસોગપણાસણસ્સ**—જન્મ, જરા, મરણ, અને શોક
તેના અતિશયે કરીને નાશના કરનારને.
**કલ્લાણપુખ્ખલવિસાલસુહાવહસ્સ**—કલ્યાણનુ કરનાર અને પુષ્કળ
વીસ્તિર્ણ એવું મોક્ષ સંબંધી સુખ તેનો કરનાર=આપનાર.
**કો દેવદાણવનરિંદગણચ્ચિઅસ્સ**—કોણ, દેવ અને દાનવ અને
માણસના રાજાઓના સમુહ તેમણે પુજયો છે એવો.

**ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં** ॥૩॥—શ્રૂત ધર્મ તેનો સાર એટલે શક્તિને પામીને, કોણ પ્રમાદ કરે ? ॥ ૩ ॥

**સિદ્ધે ભો પયઓણમો જિણમએ**—ભો=હે જ્ઞાનવંત લોકો ! સિદ્ધ એવો જીન મતને આદર સહિત થકો હું નમસ્કાર કરૂંછું તે.

**નંદી સયા સંજમે,**—જીન મતના પ્રસાદ થકી ચારિત્રને વિષે સદા નંદી=સમૃદ્ધિ થાઓ.

**દેવંનાગ સુવન્ન કિન્નરગણ, સ્સબ્ભૂય ભાવચ્ચિએ**—દેવ, નાગ, જ્યોતીશી વ્યંતરના સમૂહે સત્યભાવે કરી અર્ચ્યા=પૂજ્યો છે.

**લોગો જથ્થ પઇટ્ઠિઓ જગમિણં**—વળી લોક એટલે ત્રિકાળજ્ઞાન જેનેવિષે કહ્યું છે તે જગતને,

**તેલુક્ક મચ્ચાસુરં**—ત્રણ લોક મધ્યે મનુષ્ય અને અસુર=ભૂવનપતિ પ્રમૂખ દેવ ઉપલક્ષણથી નારકી ત્રીજંચ પણ લેવા તેને પ્રકાસ્યું છે,

**ધમ્મો વઢ્ઢઉ સાસઓ વિજયઓ, ધમ્મુત્તરં વઢ્ઢઉ** ॥૪॥—એવો શ્રુત ધર્મ તે વૃદ્ધીને પામો સાશ્વતો છે તે વિશેષ જયવંત છે, ધર્મનું પ્રધાનપણું થાય તેમ વૃદ્ધીને પામો. ॥ ૪ ॥

**સુઅસ્સ ભગવઓ**—હે ભગવંત તે શ્રૂત સિદ્ધાંતને આરાધવા ભણી

**કરેમિ કાઉસ્સગં**—હું કાઉસ્સગ કરૂછું.

પદ ૧૬ સંપદા ૧૬ ગુરૂ ૩૪ લઘુ ૧૮૨ સર્વવર્ણ ૨૧૬

# ॥२४॥ अथ सिद्धाणं बुद्धाणं.

**સિદ્ધાણં બુદ્ધાણં પારગયાણં પરંપરગયાણં**—સિદ્ધને બુધને સંસાર સમુદ્રથી પારગત થયેલાને અનુક્રમે મોક્ષ પોહોચેલાને,

**લોઅગ્ગ મુવગયાણં, નમો સયા સવ્વ સિદ્ધાણં**—॥ ૧ ॥ લોકના અગ્ર ભાગને પોચેલા એવા સર્વે સિદ્ધોને સદા નમસ્કાર થાઓ ॥૧॥

**जो देवाणवि देवो**—जे देवोनो पण देव छे.
**जंदेवापंजली नमंसंति**—जेने देवो हाथ जोडीने नमेछे.
**तं देव देवमहिअं**—ते देवतानो देव एटले इंद्र तेणे पुजायाछे तेवा
**सिरसा वंदे महावीरं**—॥ २ ॥ महावीर स्वामीने मस्तके करीने
हुं वांदुछुं=नमस्कार करुंछुं. ॥ २ ॥
**इक्कोवि नमुकारो**—एक पण नमस्कार.
**जिणवर वसहस्स वद्धमाणस्स**—जीनवरमां वृषभ सरखा एटले
प्रधान एवा वर्धमान स्वामीने नमस्कार.
**संसार सागराओ, तारेई नरं वनारिं वा**—॥३॥ संसार समुद्र-
थी माणुस अथवा स्त्रीने तारे. ॥ ३ ॥
**उज्जिंत सेल सिहरे**—गीरनार पर्वतना शिखर उपर.
**दिख्खा नाणं निसीहिआ जस्स**—दिक्षा कल्याणक ज्ञान एटले
केवळज्ञान कल्याणक अने निषेधीका एटले मोक्ष कल्याणक ए त्रयणे
जेमनां थयां छे.
**तं धम्म चक्कवट्टिं** १—ते धर्म चक्रवर्ती (करुंछुं ॥ ४ ॥
**अरिठ्ठ नेमिं नमंसामि**— ॥ ४ ॥ अरिष्टनेमीने हुं नमस्कार
**चत्तारि अठ्ठ दस दो,अ**—चार, आठ, दस, अने बे.
**वंदिआ जिणवरा चेउव्वीसं**—चोवीस जीनवरने नमस्कार इन्द्रा-
दीके करेलो छे. (कर्युं छे सर्व प्रयोजन जेणे एवा.
**परमठ्ठ निठ्ठिअठ्ठा**—परमार्थे करी एटले सत्यार्थे करी जे स्थीर अचळ
**सिद्धा सिद्धिं मम दिसंतु** ॥५॥—सीद्धो मुजने सिद्धि =मोक्ष आपो५
पद २० संपदा २० गुरु २५ लघु १५१ सर्व वर्ण १७६

## ॥१५॥ अथ वेयावच्च गराणं.

**वेयावच्चगराणं, संतिगराणं**—श्री जीनशासनना वैयावच्च एटले

સાર સંભાળના કરનાર અને શાંતીના કરનાર.

**સમ્મદ્દિટ્ઠિ સમાહિ ગરાણં**— ॥ ૧ ॥ સમકિત દ્રષ્ટિ જીવોને સમાધિના કરનાર દેવોને આશ્રીને ॥ ૧ ॥

**કરેમિ કાઉસ્સગ્ગં**—હું કાઉસ્સગ્ગ કરૂંછું.

# ॥ ૨૬ ॥ अथ परमेष्टी नमस्कार.

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ** ॥૧॥—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સર્વ સાધુ એ પાંચ પરમેષ્ટીને નમસ્કાર હો. ॥ ૧ ॥

# ॥૨૭॥ अथ संसारदावानी स्तुति.

**સંસારદાવાનલદાહનીરં**—સંસારરૂપી દાવાનળ=અગ્નિ તેના તાપને ઓલવવાને પાણી સમાન. ( વાને પવન સમાન. )

**સંમોહધૂલીહરણે સમીરં**—મોહ=અજ્ઞાનરૂપ ધુળ તેને હરણ કર-

**માયારસાદારણસારસીરં**—કપટરૂપ પૃથ્વી તેને ઉખેડવાને ઘણા તીક્ષણ હળ સમાન એવા.

**નમામિ વિરં ગિરિસારધીરં**— ॥ ૧ ॥ વીરસ્વામી જે મેરૂ પર્વતની પેઠે ધીર છે એવાને હું નમુંછું ॥૧॥

**ભાવાવનામ સુરદાનવમાનવેન,**—ભાવે કરીને નમ્યા એવા દેવતા અને દાનવ અને મનુષ્ય તેના સ્વામી,

**ચુલાવિલોલકમલાવલિમાલિતાનિ**—તેમના મસ્તકને વિષે જે મુગટ તે ઉપર રહેલી દેદીપ્યમાન કમળની શ્રેણીઓ તેમણે પુજ્યાછે એવા.

**સંપૂરિતાભિનત લોક સમીહિતાનિ**—બરાબર રીતે પુરણ કર્યાછે નમનાર લોકના મનો વાંચ્છિત જેમણે એવા,

**કામં નમામિ જિનરાજ પદાનિ તાનિ** ॥ ૨॥ જીનેશ્વર ભગવા-

-નના તે ચરણકમલ પ્રતે યથેચ્છપણે હું નમુંછું ॥૨॥

**બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામં**—ગંભિર અર્થવાળું અ-
થાગ જ્ઞાન જેને વિષે છે એવું વળી સુંદર પદની રચના તે રૂપ
પાણીના સમૂહ તેણે કરી શોભાયમાન એવી,

**જીવાહિંસા વિરલ લહરિસંગમાગાહદેહં**—વળી જીવદયા રૂપ
અંતર રહીત એવા તરંગો તેના સંગમવડે કરીને અપાર છે દેહ=સ્વરૂપ
જેનું એવો વળી,

**ચૂલાવેલંગુરૂગમમણિસંકુલં દૂરપારં**—વળી સીદ્ધાંતોની ચૂલીકારૂપી
વેલો છે જે સમુદ્રને વિષે, વળી જેમાં મોટા એવા સરખા પાઠ તે
રૂપ રત્ને કરી ભરેલો છે જે વળી તે સમુદ્રનો અત્યંત દુર છે
પાર=કાંઠો જેનો.

**સારં વીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે ॥૩॥**—વળી પુજ્ય
એવો વીર જીનેશ્વરનો આગમરૂપી સમુદ્ર તે પ્રત્યે આદરસહિત સ-
મ્યક પ્રકારે હું સેવુંછું. ॥૩॥

**આમૂલાલોલધૂલીબહુલપરિમલાલીઢલોલાલિમાલા**—મુળ સુધી
ચપળ એવું વળી મકરંદ સુગંધના કણીઆ તેના ઘણા સુગંધ તેને
વિષે આશક્ત એવા જે ચપળ ભમરાઓ તેની માળા.

**ઝંકારારાવસારામલદલકમલાગારભૂમિનિવાસે**—શ્રેણી તેના ગું-
જાર તેના શબ્દ તેણે કરીને જે પ્રધાન છે એવો, વળી નિર્મળ
એવાં પાંદડાં તેણે કરીને સહિત એવું કમળ તેની ઉપર ઘર છે જેનું
તેની મધ્ય ભાગની ભૂમિને વિષે ચેન કરવાની શય્યા છે તેને વિષે
વસતું છે જેનું એવી,

**છાયાસંભારસારે વરકમલકરે તારહારાભિરામે**—કાંતિ તેના સ-
મૂહે કરી પ્રધાન એવી વળી સુંદર કમળ છે જેના હાથને વિષે

એવી વળી દેદીપ્યમાન હારે કરીને સુંદર છે હૃદય જેનું તેણે કરી સુંદર એવી.

**વાણીસંદાહદેહે ભવ વિરહવરં દેહિ મે દેવિ સારં ॥૪॥**— દ્વાદશાંગી રૂપ વાણી તેનો સમૂહ તેજ છે શરીર જેનું એવી દેવી મને સુંદર એવું મોક્ષરૂપી વરદાન આપ ॥ ૪ ॥

પદ (૧૬) સંપદા (૧૬) અક્ષર (૨૫૨)

# ॥૨૮॥ अथ कल्लाणकंदंनी स्तुति.

**કલ્લાણકંદં પઢમં જિણંદં**—સુખ વૃદ્ધિના મૂળ એવા પ્રથમ જીનેંદ્ર પ્રતે,

**સંતિંતઓ નેમિજિણં મુણિંદં**—અને શ્રી સાંતિનાથ પ્રતે તે વાર પછી મુનિઓના ઇંદ્રસમાન શ્રી નેમિજીનેશ્વર તે પ્રતે,

**પાસં પયાસં સુગુણિક્ક ઠાણં**—પાર્શ્વનાથ, જે ત્રણ ભુવનને વિષે પ્રકાશના કરનાર વળી સારા ગુણનું એક સ્થાન એવા,

**ભત્તીઈ વંદે સિરિ વદ્ધમાણં ॥૧॥**—શ્રી વર્ધમાન સ્વામી પ્રતે ભક્તિએ કરી વાંદુછું. ॥ ૧ ॥

**અપારસંસાર સમુદ્દપારં**—પાર વિનાના સંસાર સમુદ્રના અન્ત પ્રતે,

**પત્તા સિવં દિંતુ સુઇક્કસારં**—પામેલા એવા, પવિત્ર વસ્તુઓનો એક સાર એવું મોક્ષ તે પ્રતે દો, (જે વાંદવા યોગ્યછે),

**સવ્વે જિણંદા સુરવિંદવંદા**—સર્વે જીનેંદ્રો દેવતાઓના સમુહ તેને,

**કલ્લાણ વલ્લીણ વિસાલકંદા ॥ ૨ ॥**—કલ્યાણ રૂપ વેલીના મોટા મુળ જેવા છે. ॥ ૨ ॥ (રથ સમાન એવો,

**નિવ્વાણમગ્ગેવરજાણકપ્પં**—મોક્ષ મારગને વિષે પોહચાડવાને સુંદર

**પણાસિયાસેસ કુવાઇદપ્પં**—અતિશયપણે નાશ કર્યોછે સંપુર્ણ પા-

ખડિઓનો અહંકાર જેણે એવા, (પુરૂષોને આધાર ભુત એવા,
**મયં જિણાણં સરણં બુહાણં**—જીનેશ્વર ભગવાનના મત પ્રતે,પંડિત
**નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥ ૩ ॥**—ત્રણ જગતને વિષે
પ્રધાન એવા જીનમત પ્રત્યે નીત્ય હું નમસ્કાર કરૂંછું ॥ ૩ ॥
**કુંદિંદુ ગોખ્ખીર તુસારવન્ના**—મચકુંદ જાતીના ફુલ, ચંદ્રમા, ગા-
યનું દુધ તથા હિમ=બરફની પેઠે ઉજ્વળ છે રંગ જેનો,
**સરોજહથ્થા કમલે નિસન્ના**—હાથમાં કમળ ધારણ કરેલુંછે એવી
અને કમળને વિષે બેઠેલી. (હાથને વિષે છે એવી,
**વાએસિરી પુથ્થય વગ્ગહથ્થા**—વાધેશ્વરી પુસ્તકનો સમુહ જેના
**સુહાય સા અમ્હ સયા પસથ્થા ॥૪॥**—તે અમને હમેશાં સુખને
માટે થાઓ વળી તે વાધેશ્વરી શ્રી સંઘની ભક્તિ કરવાથી ઉત્તમ છે. ૪

# ॥ ૧૯ ॥ અથ ગુરુ વાંદણાં પ્રારંભ.

**ઇચ્છામિ ખમાસમણો વંદિઉં**—હું ઇચ્છુંછું હે ક્ષમાદિક ગુણે
પ્રધાન, વાંદવાને,
**જાવણિજ્જાએ નિસીહિઆએ ॥ ૧ ॥**—શક્તિએ (કાળક્ષેપ કર-
વાની) કરી, જીવહિંસાદિકથી નિવૃત્તિ રૂપ, પ્રયોજનવાળા શરીર વડે ૧
**અણુજાણહ, મે, મિઉગ્ગહં ॥ ૨ ॥**—મિત્ત અવગ્રહ એટલે સાડા
ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્ર તે માંહે પ્રવેશ કરવાની, મુજને આજ્ઞા આપો
એટલું શિષ્યનું વચન સાંભળી ગુરૂ કહે ( અણુજાણામિ કહેતાં ) હું
આજ્ઞા આપુછું એ ગુરૂનું વચન,
**નિસિહી**—પછી શીષ્ય નિસિહી=ગુરૂવંદણ સીવાય બીજી ક્રીયા નિ-
ષેધ એમ કહેતો થકો અવગ્રહમાં પેશીને બેસી સાધુ ડાબા ઢીંચણ
ઉપર અને શ્રાવક ચવળા ઉપર મહોપતી મુકે તે મુકી બે હાથ
કપાળે લગાડી ગુરૂના ચરણ પ્રતે સ્પર્શ કરવા આ રીતે કહે.

**અહો, કાયં, કાય, સંફાસં**—નીચલીકાય એટલે પગતે પ્રતે મારા હાથ અને લલાટે કરી સ્પર્શવું છે, તેની આજ્ઞા આપો, તે ગુરૂની આજ્ઞા પામી ગુરૂના ચરણ પ્રતે પોતાના હાથ તથા મસ્તકે કરી રૂડી રીતે સ્પર્શ કરે પછી ઉંચો થઈ મસ્તકે બે હાથ ચઢાવી ગુરૂના સામી દ્રષ્ટી રાખી,

**ખમણિજ્જો, ભે, કિલામો**—હે ભગવંત કંઈ ખેદ ઉપજાવ્યો હોય તે ખમજો,

**અપ્પ કિલંતાણં, બહુસુભેણભે, દિવસો, વઇક્કંતો ॥ ૩ ॥**—થોડોછે થાક જેને એવા તમે, ઘણા શુભે કરીને એટલે ખેમખુશળે આપ સાહેબનો દીવશ વીત્યો? (ગુરૂ કહે તહત્તિ=તેમજ. ગુરૂનું વચન સાંભળી શીષ્ય કહે)

**જત્તાભે ॥ ૪ ॥**—હે કરૂણા સમુદ્ર, આપ સાહેબની, તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય રૂપ યાત્રા, અવ્યાબાધપણે વર્તેછે? તે સાંભળી ગુરૂ કહે (તુમ્મપિવટ્ટએ) તને પણ વર્તેછે.

**જવણિજ્જં, ચ, ભે ॥ ૫ ॥**—ઇંદ્રીય અને નોઇંદ્રી એ પીડીત નહી એવું તમારૂં શરીર છે? ગુરૂ કહે (એવ) એમજ છે.

**ખામેમિ, ખમાસમણો, દેવસિઅં,**—હે ક્ષમા શ્રમણ દિવસ સંબંધિ **વઇક્કમ્મં ॥૬॥**—વ્યતિક્રમ=અપરાધ, તે પ્રતે હું ખામુંછું. એ સાંભળી ગુરૂ કહે (અહમવિખામેમિ) હું પણ ખમાવુંછું. સારણા વારણા દીકમાં થએલો પ્રમાદ ખમાવુંછું. પછી શીષ્ય, પગે જીનમુદ્રા અને હાથે યોગમુદ્રા સાચવતો ઉભો રહી નીચે પ્રમાણે કહે.

**આવસિઆએ, પડિક્કમામિ**—અવસ્ય કર્ત્તવ્ય જે ચરણ સીત્તરી અને કરણ સીત્તરી રૂપ પડિલેહણ પ્રમુખ કરતાં જે અતિચાર લાગ્યો હોય તેથી માઠું આચર્યું હોય તે થકી નિવર્તુંછું.

**ખમાસમણાણું, દેવસિઆએ, આસાયણાએ**-ક્ષમા શ્રમણ સંબંધિની દીવસને વિષે થઈ એવી આશાતનાએ કરીને ?

**તિતીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ**—તેત્રીસ માંહેની અનેરીકોઈ પણ આશાતનાએ કરીને જે કંઈ કુડું આલંબન લઈ મિથ્યાભાવ વરતાવ્યો હોય તે કિંચિત મિથ્યાભાવ રૂપ આશાતનાએ કરીને

**મણ દુક્કડાએ, વયદુક્કડાએ,**—મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ, વચન સંબંધી પાપ એટલે અસભ્ય વચને કરી થયેલી આશાતનાએ કરી (તે રૂપ આશાતનાએ કરી

**કાય દુક્કડાએ**—કાયા સબંધી પાપ એટલે આસન ગમનાદિક પાપ

**કોહાએ, માણાએ, માયાએ, લોહાએ**—ક્રોધે કરી, માન રૂપ આશાતનાએ કરી, માયા એટલે કપટ, લોભ રૂપ આશાતનાએ કરી.

**સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાયે**—સર્વ કાળ સંબંધી, અને સર્વ મિથ્યા ઉપચાર રૂપ સર્વ કુડ કપટરૂપ આશાતનાએ કરીને,

**સવ્વધમ્માઇક્કમણાએ, આસાયણાએ**—સર્વ ધર્મ તે આઠ પ્રવચન માતા રૂપ અથવા સર્વ ધર્મની કરણીને ઓળંગવા રૂપ આશાતનાએ કરીને

**જો, મે, અઇઆરો, કઓ, તસ્સ, ખમાસમણો**—જે મારે જીવે અતિચાર કર્યો હોય તે અતિચાર પ્રતે હે ક્ષમાશ્રમણ તમારી સમીપે

**પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં, વોસિરામિ॥૭॥** પ્રતિક્રમુંછું એટલે મિચ્છામિદુક્કડં દેઉંછું તેમ હું નિંદુછું, ગુરૂની સાખે ગરહુંછું=વિશેષે નિંદુછું. દુષ્ટ પાપિષ્ટ આત્મા પ્રત્યે હું વોસિરાઊંછું એટલે છોડાવુંછું.

અહીંઆં બીજી વારને વાંદણે આવસિઆએ એ પદ ન કહેવું

પદ (૫૮) ગુરૂ (૨૫) લઘુ (૨૦૧) સર્વવર્ણ (૨૨૬)

# ॥૩ણા અથ અતિચારની આઠ ગાથા ॥

**નાણંમિ દંસણંમિઅ**—જ્ઞાનને વિષે, દર્શનને વિષે,

**ચરણંમિ, તવંમિ, તહય વિરિયંમિ**—ચારિત્રને વિષે વળી તપને વિષે, તેમજ વિર્યને વિષે,

**આયરણંઆયારો**—જે આચરણ એટલે વ્યાપાર, તેને આચાર કહીયે

**ઇઅએસો પંચહા ભણિઓ॥૧॥**—એ પ્રકારે એ પ્રત્યક્ષ, પાંચ પ્રકારે આચાર તે શ્રી તીર્થંકરે કહ્યાછે. ॥૧॥

**કાલે વિણએ બહુમાણે,**—કાલને વિષે એટલે જે કાલે જે ભણવાનું હોય તેજ ભણવું તેને કાલ કહીએ. બીજું વિણએ કહેતાં જ્ઞાનીનો વિનય વંદનાદિક કરવું, જ્ઞાની તથા જ્ઞાનને વિષે બહુ માન કરવું.

**ઉવહાણે તહ અનિણ્હવણે**—ઉપધાન વહેવું તેમજ વિદ્યાગુરૂ તેને વિસારવો નહીં. (ણુવો તે બે શુદ્ધ ભણવાં,

**વંજણ અથ્થ તદુભએ**—સૂત્ર, અક્ષર, શુદ્ધ ભણવો અર્થ શુદ્ધ ભ-

**અઠ્ઠવિહોનાણમાયારો॥૨॥**—એ આઠપ્રકારે જ્ઞાનાચાર જાણવો॥૨॥

**નિસ્સંકિઅ, નિક્કંખિઅ**—નિઃશંકિત=વીતરાગના વચનમાં શંકા ન કરવી, નિઃકાંક્ષિત=જીનમત વિના બીજા મતની ઈચ્છા કરવી નહીં.

**નિવ્વિતિગિચ્છા અમૂઢ દિઠ્ઠીઅ**—નિર્વીતિગિચ્છા=સાધુ, સાધવીના મેલાં વસ્ત્ર દેખી દુગંચ્છા, નિંદા કરવી નહીં, અમૂઢદૃષ્ટિ=બીજા મતના લોકનો ચમત્કાર દેખી એ મતમાં કાંઈક છે એમ વિચારવું નહીં, તથા જીનમતના નવ તત્વમાં પ્રવિણ હોવું તે.

**ઉવવૂહ થિરીકરણે**—ઉપ વૃંહક=સમકિત ધારી ગુણવંતના અલ્પ ગુણની શ્રધાપુર્વક પ્રશંસા મોઢે પ્રકાશવી તે, સ્થિરીકાર=જીન મતથી પડતા પ્રાણીને થિર કરનાર.

**વચ્છલ્લ પ્પભાવણે, અઠ્ઠ ॥ ૩ ॥**—સાધર્મીકની વિશેષ ભક્તિ કરવી તથા સર્વ જીવોને વિષે મૈત્રીભાવ રાખે તે પ્રભાવિક=બીજા ધર્મના. લોક જીન ધર્મની અનુમોદના કરે એવાં કામ કરવાં. ॥૩॥
એ આઠ લક્ષણ દર્શનાચારનાં જાણવાં.

**પણિહાણ જોગજુત્તો**—પ્રણિધાન=એકાગ્ર સાવધાનપણે કરી મન વચન કાયાના યોગ સર્વ ચારિત્ર પાળવાને વિષે યુક્ત હોય એવો.

**પંચહિં સમિઇહિંતિહિં ગુત્તીહિં ॥**—પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ તેણે કરી.

**એસ ચરિત્તાયારો**—એ ચારિત્રાચાર.

**અઠ્ઠવિહો હોઇ નાયવ્વો ॥૪॥**—એ આઠ પ્રકારે છે તે જાણવું.॥૪॥

**બારસવિહંમિવિ તવે**—બાર વિધ તપને વિષે નિશ્ચે.

**અબ્ભિંતર બાહિરે કુસલદિઠ્ઠે**—છ ભેદ અભ્યંતર અને છ ભેદ બાહ્ય સહીત છે વળી તીર્થંકરોએ પ્રકાસ્યું છે એવા તપને વીષે

**અગિલાઇ અણાજીવી**—દુર્ગંછાભાવરહિત છે, વળી અશનાદિક આજીવિકાએ કરી રહિત છે એટલે હું જો તપ કરૂ તો પેટ ભરાઇ ચાલે એવી બુદ્ધિથી તપ ના કરવો.

**નાયવ્વો સો તવાયારો ॥ ૫ ॥**—જાણવો તે તપ્પાચાર ॥૫॥

**અણસણ મૂણોયરિયા**—અનશનતપ=ચાર આહારનો ત્યાગ થોડા કાળસુધી અથવા જાવજીવ સુધી કરવો તે, ઉનોદરિકા=વસ્ત્રપાત્ર ઓછાં કરવાં અથવા ભુખ હોય તે કરતાં પાંચ સાત કોળીઆ ઓછા જમવા તે. (સંક્ષેપ કરવો અને રસનો ત્યાગ કરવો

**વિત્તી સંખેવણં રસચ્ચાઓ**—વૃત્તિ સંક્ષેપ તપ=આજીવિકાનો

**કાયકિલેસો સંલીણયાય**—કાયોત્સર્ગ કરવો=કાયાને દમવી; વિષય

કષાયને ઉદીરવા નહીં અંગોપાંગ કુકડીની પેઠે સંવરી રાખવા તેને સલીનતા તપ કહીએ

**બજ્ઝો તવો હોઇ ॥ ૬ ॥**—એ બાહ્ય તપ છે ॥ ૬ ॥

**પાયચ્છિત્તં વિણઓ**—પ્રાયશ્ચિત તપ=અપરાધ કરેલો હોય તેની ગુરૂ પાસે આલોયણ લેવી તે; વિનય તપ=ગુરૂનો વિનય તથા ભક્તિ સાચવવી

**વેયાવચ્ચંતહેવ સજ્ઝાઓ**—વૈયાવૃત્યતપ=ગુરૂને આહારાદીક લાવી આપવા, પગ ચાંપવા વિગેરે વૈયાવચ કરવી તે; તેમજ વળી સજ્ઝાય=ભણવું ઇત્યાદીક પાંચ પ્રકારનો સ્વાધ્યાય તપ

**ઝાણં ઉસ્સગ્ગો વિઅ**—ધ્યાનતપ=શુભધ્યાનનું ધ્યાવવું; ઉત્સર્ગતપ=કર્મ ક્ષય અર્થે કાઉસગ્ગ કરવો; નિશ્ચે

**અભ્ભિંતરઓ તવો હોઇ ॥૭॥**—એ છ પ્રકારે અભ્યંતરતપછે॥૭॥

**અણિગૂહિઅ બલ વિરિઓ**—અનિગૂહિત=અણઢાંકેલું પ્રગટ છે બલ વીર્ય જેનું

**પડિક્કમઇ જો જહુત્તમાઉત્તો**—પરાક્રમ કરે જે યથોક્ત=શ્રીતિર્થંકર દેવે કહ્યું છે તેમ ખેદ નહીં પામતો ધર્મને વિશે ઉદ્યમ કરે તથા ઉપયુક્ત=સાવધાન થકો કરે.

**જુંજઇ અ જહા થામં**—પોતાના બળના અનુસારે યથાશક્તિ પ્રમાણે જોડે, એટલે લાગે ધર્મ કાર્યને વિશે

**નાયવ્વો વીરિઆયારો ॥૮॥**—એ વીર્યાચાર જાણવો.

## ॥૩૧॥ अथ देवसिअंआलोअं लिख्यते॥

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્**—પોતાની ઇચ્છાએ કરીને આજ્ઞા

કરો હે ભગવંત; (ચુ=પ્રકાશું

**દેવસિઅં આલોઉં**—દિવસ સંબંધી જે અતિચાર તે પ્રત્યે આલો-

ઇચ્છ આલોએમિ—આ રીતે પ્રકાશુ છું (અતિચાર કીધો હોય

**જોમે દેવસિઓ અઈયારો કઓ**—જે મારે જીવે દિવસ સંબંધી

**કાઈઓ વાઇઓ માણસિઓ**—કાયા સંબંધી, વચન સંબંધી, અને મન સંબંધી

**ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો**—ઉત્સૂત્ર એટલે જિનાગમથી વીરૂદ્ધ બોલવું, તે હેતુથી ઉત્પન્ન થયેલો તથા ઉન્માર્ગના યોગે નીપજ્યો જે, અકલ્પ=વિધિ થકી રહિતપણાના હેતુ થકી ઉત્પન્ન થયેલો એવો

**અકરણિજ્જો દુજ્જાઓ**—અકરણિય=નહીં કરવા યોગ્ય એવો, દુર્ધ્યાન તે માઠા ધ્યાનનું ધ્યાવવું

**દુવિચિંતિઓ અણાયારો**—દુષ્ટ કાર્યને મનમાં ચીંતવતું તે માટેજ અનાચાર=જે થકી વ્રતાદીકનો સર્વથા ભંગ થાય તે માટેજ

**અણિચ્છિઅવ્વો અસાવગ પાઉગ્ગો**—જે ઈચ્છવાયોગ્ય નથી તે માટેજ શ્રાવકને પ્રાયોગ્ય કે શ્રાવકને ઉચીત નથી. એ રીતે સર્વ મન સંબંધી અતિચાર

**નાણે દંસણે ચરિત્તા ચરિત્તે**—જ્ઞાનને વિષે, દર્શનને વિષે કંઈક વિરતિ રૂપ, કંઇક અવિરતિ રૂપ એવું જે દેશવિરતીરૂપ શ્રાવકનું ચા-રિત્ર તેને વિષે

**સુએ સામાઇએ તિન્હં ગુત્તીણં**—શ્રુતસિદ્ધાંતને વીષે, સામાઇકને વિષે, મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાય ગુપ્તિ એ ત્રણ ગુપ્તિ અણ પાળવે કરી (કરવે કરી

**ચઉન્હં કસાયાણં**—ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કસાય

**પંચન્હ મણુવ્વયાણં**—પાંચ અનુવ્રત માંહેથી,

**તિન્હં ગુણવ્વયાણં, ચઉન્હં સિક્ખા વયાણં**—ત્રણ ગુણવ્રત

માંહેથી તથા ચાર શિક્ષાવ્રત માંહેથી (વક ધર્મ તે માંહેથી **બારસવિહસ્સ સાવગધમ્મસ્સ**—એ બાર પ્રકારના વ્રત રૂપ જે શ્રા- **જં ખંડિઅં જં વિરાહિઅં**—જે ખંડયું=દેશ થકી ભાગ્યું અને જે વિરાધ્યું=સર્વ થકી ભાગ્યું હોય (હોય તે મીથ્યા=નીષ્ફળ થાઓ **તસ્સ મિચ્છામિ દુક્કડં**—તેહનું પાપ એટલે દુષ્કૃત મારે જે લાગ્યું ગુરૂ (૨૯) લઘુ (૧૩૯) સર્વવર્ણ (૧૬૮)

# ॥३२॥ अथ सात लाख ॥

**સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્પકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેરેંદ્રિય, બે લાખ તેરેંદ્રિય, બે લાખ ચૌરેંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચપંચેંદ્રિય, ચૌદ લાખ મનુ-ષ્ય, એવંકારે** ( એ પ્રમાણે ) **ચોરાશી લાખ જીવાયોનિ માંહે માહારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં** ( મારતાં ) **પ્રત્યે અનુમોદ્યો** ( વખાણ્યો ) **હોય, તે સર્વે મને, વચને, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ઇતિ ॥** ( એનો અર્થ સુગમ છે )

# ॥३३॥ अथ अढार पाप स्थान ॥

**પહેલે પ્રાણાતિપાત** ( જીવહીંસા ) **બીજે મૃષાવાદ** ( જુઠું ) **ત્રીજે અદત્તાદાન** ( નહીં આપેલું લેવું તે=ચોરી ) **ચોથે મૈથુન** ( સ્ત્રીસેવન ) **પાંચમે પરિગ્રહ** ( પૈસા રાખવો ) **છઠે ક્રોધ, સાતમે માન** ( અહંકાર ) **આઠમે માયા** ( કપટ ) **નવમે લોભ, દશમે રાગ, ઇગિઆરમે દ્વેષ, બારમે કલહ** ( ક્લેશ ) **તેરમે અભ્યાખ્યાન** (આળદેવું) **ચૌદમે પૈશુન્ય** ( ચાડી ) **પન્નરમે રતિઅરતિ,** ( સુખ દુઃખે

કરખશોક કરવો) **શોળમે પરપરિવાદ** (પારકી નીંદા) **સતરમે માયા મૃષાવાદ** (મનમાં બીજી વાત હોય ને મોંડે મીઠું બોલવું એ રીતે છળ કરીને ઠગવું) **અઢારમે મિથ્યાત્વ શલ્ય** (મિથ્યાત્વ સેવવારૂપ પરીણામ) **એ અઢાર પાપ સ્થાનક માંહે માહારે જીવે જે કોઈ સેવ્યું હોય સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય તે સર્વે મને, વચને, કાયાએ કરી તસ્સમિચ્છામિદુક્કડં ॥**

# ॥૩૪॥ अथ देवसिअ पडिक्कमणे ठाउं ॥

**સવ્વસવિ, દેવસિઅ**—સર્વે પણ દિવસ સંબંધી અતિચાર તે.

**દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ,તસ્સમિચ્છામિદુક્કડં**—દુશ્ચિંતિત તે માઠુ ચિંતવેલુ વિચારેલું તે થકી, વળી દુર્ભાષિત જે ઉપયોગ રહિત ખોટું બોલવું તે થકી, વળી દુશ્ચેષ્ટિત એટલે ઉપયોગ રહીત દુષ્ટ ચેષ્ટા રૂપ પ્રવૃત્તિ કરવા થકી, જે અતિચાર લાગ્યો હોય તે મારૂં પાપ મીથ્યા થાઓ.

# ॥ ३५ ॥ अथ वंदिता सूत्र.

**વંદિત્તુ સવ્વ સિદ્ધે**—સર્વજ્ઞ એવા તિર્થંકરતેમને તથા સિદ્ધભગવાનને **ધમ્માયરિએ અ સવ્વસાહૂઅ**—ધર્માચાર્ય=ધર્મના દાતાર તેમને તથા ઉપાધ્યાય=સિદ્ધાંતના ભણાવનાર તેમને તથા સર્વ સાધુ મુનિરાજને વાંદિને નમસ્કાર કરીને,

**ઇચ્છામિ પડિક્કમિઉં, સાવગ ધમ્માઇઆરસ્સ ॥૧॥**—શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચારથકી પ્રતિક્રમવાને નિવર્ત્તવાને હું ઇચ્છુંછું॥૧॥

**જોમે વયાઇઆરો, નાણે તહ દંસણેચરિત્તે અ**—જે મારે વ્રતોના અતિચાર જ્ઞાનને વિષે તથા દર્શનને વિષે તથા ચારિત્રને વિષે અને

ચ શબ્દ થકિ તપાચારના તથા વિર્યાચારના અતિચાર,

**સુહુમો અ બાયરો વા,તં નિંદે તંચ ગરિહામિ॥૨॥**—સુક્ષ્મ તથા બાદર કે પ્રગટ જાણવામાં આવે તેવો જે કોઈ અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુછું તથા ગુરૂ સમક્ષ હું ગર્હુછું ॥૨॥

**દુવિહે પરિગ્ગહંમિ,સાવજ્જેબહુવિહે અ આરંભે**—બે પ્રકારના પરિગ્રહ છે તેની ઉત્પત્તિનું કારણ સાવઘ=પાપ સહીત એવો વળી બહુવિધ=અનેક પ્રકારના આરંભ, તેને

**કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૩॥**—પોતે કરવા થકી તથા કરતાંને અનુમોદવા થકી જે અતિચાર લાગ્યો હોય તે દિવસ સંબંધી અતિચાર પ્રત્યે હું પ્રતિક્રમુછું કે૦ નિવર્તુંછું. ॥૩॥

**જં બદ્ધમિંદિએહિં,ચઉહિંકસાએહિં અપ્પસત્થેહિં**—જે બાંધ્યું હોય ઈંદ્રીઓવડે કરી ચાર કષાયવડે કરી અપ્રશસ્ત કે૦ માઠા મિથ્યાત્વાદિક ભાવે કરી.

**રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪॥**—રાગે કરી અથવા દ્વેષે કરી તેને નિંદુછું અને તેને ગુરૂ સાખે ગર્હુછું ॥૪॥

**આગ્ગમણે નિગમણે,**—આવવા જવામાં.

**ઠાણે ચંકમણે અણાભોગે**—મિથ્યાત્વીને સ્થાનકે ઉભું રહેતાં, ત્યાંજ આમ તેમ ફરતાં, અનુપયોગ થકી,

**અભિઓગે, અ નિઓગે,**—રાજાના આદેશ તથા ઘણા લોકના આગ્રહ થકી, વળી, પરાધીન આજીવિકા ચલાવતા જેની ચાકરી કરીએ તેની આજ્ઞા થકી મિથ્યાદૃષ્ટિ સંબંધિ રથ યાત્રા પ્રમુખ જોવાને અર્થે જે કરવું પડે તેથી જે અતિચાર લાગે તે.

**પડિક્કમે દેસિયં સવ્વં ॥૫॥**—દીવસ સંબંધી સર્વને પ્રતિક્રમુંછું તેથી નિવરતુંછું ॥ ૫ ॥

**સંકા કંખ વિગિચ્છા,**—જીન વચનમાં શંકા=સંદેહ, પરમતવાળાનો થોડો ગુણ દેખી તે ઉપર કાંક્ષા=અભિલાષ ઉપજે, સાધુ સાધવીનાં શરીર વસ્ત્ર મેલાં દેખી દુગંછા કરે

**પસંસ તહ સંથવો કુલિંગીસુ,**—કુલિંગી મિથ્યાત્વીને વિષે પ્રશંસા=વખાણ કરે તથા સંસ્તવ=પરિચય કરે (શ્રયીને જે

**સમ્મત્તસ્સ ઈઆરે,**—સમકીતના પાંચ અતિચાર જાણવા તે આ-

**પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૬ ॥**—દીવસ સંબંધી પાપ બાંધ્યું તે સર્વ પડિક્કમુ છું ॥ ૬॥

**છક્કાય સમારંભે,**—છકાય જીવોના આરંભમાં=ઉપદ્રવમાં,

**પયણે અ પયાવણે અ જે દોસા**—પચવતે=પોતે રાંધતે, વળી પચાવતે=બીજા પાસે રંધાવતે, વળી રાંધતાને અનુમોદતે જે દોષ= પાપ

**અત્તટ્ઠાય પરટ્ઠા**—આત્માને અર્થે એટલે પોતાને વાસ્તે, પરને અર્થે=બીજાને અર્થે ( લાગ્યા હોય તે નિશ્ચય હું નિંદુંછું ॥૭॥

**ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥૭॥**—તે બેઉને અર્થે કરવામાં જે દોષ

**પંચન્હમણુવ્વયાણં**—પાંચ અણુવ્રત તેને વિષે ( ચાર લાગ્યા હોય

**ગુણુવ્વયાણં ચ તિન્હમઈયારે**—અને ત્રણ ગુણ વ્રતને વિષે અતિ-

**સિક્ખાણં ચ ચઉન્હં**—ચાર શિક્ષા વ્રતને વિષે વળી તપસંલેખણાદીકને વિષે અતિચાર લાગ્યો હોય તે સર્વ

**પડિક્કમેદેસિયંસવ્વં॥૮॥**-દીવસ સંબધી અતિચારને હું પડિક્કમુંછું॥૮॥

**પઢમે અણુવ્વયંમિ,**—પૈહેલા અણુવ્રતને વિષે

**થૂલગ પાણાઈવાય વિરઇઓ**—સ્થૂલ=મોટા બાદર ત્રસજીવસંબંધી પ્રાણનો અતિપાત=વિનાશ તેની વિરતિ=નિવૃત્તિ તે થકી

**આયરિઅમપ્પસત્થે**—જે દોષ અપ્રશસ્ત=માઠા ભાવ હુવે છતે આચર્યો=સેવ્યો હોય

**ઈથ્થ પમાય પ્પસંગેણં ॥૯॥**—આ વ્રતને વિષે પ્રમાદના પ્રસંગથી સેવ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમીશ ॥૯॥

**વહુ બંધ છવિચ્છેએ**—વધ=મારવું, બંધ=દોરડાદિકે બાંધવું,છવિછેદ= બળદાદિકના શરીરના અવયવને છેદવાં.

**અઈભારે ભત્તપાણ વુચ્છેએ**—ઘણો ભાર ભરવો, ભાત પાણીનો વ્યુચ્છેદ એટલે અંતરાય કરવો.

**પઢમ વયસ્સ ઈઆરે**—પેહેલા વ્રતના અતિચાર મધ્યે જે અતિચાર

**પડિક્કમે દેસિયં સવ્વં ॥૧૦॥**—દિવસ સંબંધી લાગ્યો હોય તે સર્વે હું પડિક્કમુંછું ॥૧૦॥

**બીએ અણુવ્વયંમિ,**—બીજા અણુવ્રતને વિષે

**પરિથૂલગ અલિઅવયણ વિરઇઓ**—અતિશયે કરી મોટા અલિક-વચન=જુઠું તેની વિરતિ થકી

**આયરિઅ મપ્પસથ્થે**—જે અતિક્રમવું એટલે ઓળંગવું તે અપ્ર-શસ્તપણે એટલે અશુભ ભાવ હુએ છતે થાય

**ઈથ્થ પમાય પ્પસંગેણં ॥૧૧॥**—આ વ્રતમાં પ્રમાદના પ્રસંગવડે જે દોષ લાગ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમિશ ॥૧૧॥

**સહુસ્સા રહુસ્સ દારે**—સહસાત્કારે, એકાંતે, સ્ત્રીની ગુપ્ત વાત બીજાને કહેવાથી ( પવાથી અને જુઠાં ખત વિગેરે લેખથી

**મોસુવએસેઅ કૂડલેહેઅ**—ખોટો ઉપદેશ અથવા કૂડી બુદ્ધિ આ-

**બીઅ વયસ્સ ઈઆરે**—બીજા વ્રતના અતિચાર વિષે જે કોઈ અતિચાર. ( અતિચારને હું પડિક્કમુંછું ॥૧૨॥

**પડિક્કમે દેસિઅં સવ્વં॥૧૨॥**—લાગ્યો હોય તે દિવસ સંબંધીસર્વ

**તઈએ અણુવ્વયંમિ**—ત્રીજા અણુવ્રતને વિષે (રતિ થકી

**થૂલગ પરદ્દવ્વહુરણવિરઈઓ**—મોટી પારકા ધનની ચોરીની વિ-

**આયરિઅમપ્પસત્થે**—માઠા ભાવે ઓળંગવાથી

**ઈત્થ પમાયપ્પસંગેણં** ॥૧૩॥—પ્રમાદના પ્રસંગવડે આ વ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તે આવતી ગાથામાં પડિક્કમિશ ॥૧૩॥

**તેનાહુડપ્પઓગે**—ચોરની હરણ કરેલી વસ્તુને સોંગી જાણી લેવી, પ્રયોગ=ચોરને સહાય આપવાથી

**તપ્પડિરૂવે વિરૂદ્ધ ગમણેઅ**—તત્પ્રતિરૂપ વસ્તુ=ખોટી વસ્તુને ખરીના જેવી કરી વેચવાથી, વિરૂદ્ધ ગમન=તે દાનચોરી પ્રમુખ રાજ વિરૂદ્ધ આચરવું તેથી ( ચાર લાગ્યો હોય તે

**કૂડતુલ કૂડમાણે**—ખોટુ તોલ તથા ખોટુ માપ રાખવાથી જે અતિ-

**પડિક્કમેદેસિયં સવ્વં** ॥૧૪॥—સર્વ દીવસ સંબંધી અતિચારને પડીક્કમુછું ॥ ૧૪ ॥

**ચઉત્થે અણુવ્વયંમિ**—ચોથા અણુવ્રતને વિષે

**નિચ્ચં પરદાર ગમણ વિરઈઓ**—નિત્ય હમેશાં પરસ્ત્રીની સાથે ગમન એટલે કામ ભોગ ભોગવવાની વિરતિથી

**આયરિય મપ્પસત્થે**—ઓળંગવું તે અશુભ ભાવે કરી

**ઇત્થ પમાય પ્પસંગેણં** ॥૧૫॥—આ વ્રતમાં જે અતિચાર પ્રમાદના પ્રસંગથી લાગ્યો હોય તે આગલી ગાથામાં પડીક્કમીશ ॥ ૧૫ ॥

**અપરિગ્ગહિઆઇત્તર**—અપરિગ્રહીતા=બીજા કોઈએ નહી ગ્રહણ કરેલી એટલે કુમારી અથવા વિધવા તેની સાથે મૈથુન સેવવું તે, કોઇએ વેશ્યાદિકને સ્ત્રીને ઠેકાણે રાખેલી તેની સાથે મૈથુન સેવવું તે બીજું.

**અણંગ વીવાહ તિવ્વ અણુરાગે**—કામ ક્રીડા પરસ્ત્રીની સાથે હાંસી વિગેરે કરવું તે, પોતાનાં છોકરાં સિવાય પારકાના વિવાહ કરવા કરાવવા તે–કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો

**ચઉત્થ વયસ્સ ઇઆરે**—ચોથા વ્રતના અતિચારને
**પડિક્કમે દેસિયં સવ્વં ॥૧૬॥**—દીવસ સંબંધી સર્વે અતિચારને પડીકમુછું ॥ ૧૬ ॥ (અણુવ્રતને વિષે
**ઇત્તો અણુવ્વેએ પંચમંમિ**—એ ચોથા વ્રત કહ્યા બાદ પાંચમા
**આયરિઅમપ્પસત્થંમિ**—અશુભ ભાવે કરી જે આચર્યો હોય
**પરિમાણ પરિચ્છેએ**—પરિગ્રહના પરિમાણનો પરિછેદ કરે તેથી
**ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૭॥**—આ વ્રતનેવિષે પરમાદના પ્રસંગથી જે અતિચાર થયો હોય તે આગલી ગાથામાં પડીકમીશ ॥૧૭॥
**ધણધન્નખિત્તવત્થુ**—ધન, ધાન્ય, ખેતર, વાસ્તુ;=ઘર હાટ વિગેરે
**રૂપ્પ સુવન્ને અ કુવિઅ પરિમાણે**—રૂપું, સોનું; અને કુપિત=થાળ વિગેરેનું પરિમાણ નિયમ
**દુપએ ચઉપ્પયંમિ**—બે પગવાળાં=દાસદાસી વિગેરે, ચાર પગવાળાં=ઢોર વિગેરે પ્રમાણ ઉપરાંત રાખવાથી જે અતિચાર લાગ્યો હોય તે
**પડિક્કમે દેસિયં સવ્વં ॥૧૮॥**—સર્વે દીવસ સંબંધી અતિચારને હું પડીકમુંછું ॥૧૮॥

**ગમણસ્સ ઉ પરિમાણે**—જવાના પરિમાણ=નિયમથી
**દિસાસુઉઙ્ઢં અહે અ તિરિઅંચ**—ઉર્ધ્વ=ઉંચે અધો=નીચે-તિર્યક્=ત્રિછિ દિશાઓમાં જવાના નિયમથી વધારે જવું
**વુઙ્ઢિસઇ અંતરદ્ધા**—બીજી દીશી ઘટાડી એક દીશી વધારવી તે ચોથો અતિચાર મારગમાં યાદી જતી રહેવાથી નિયમથી વધારે ચાલવું એ પાંચમો અતિચાર તેમને
**પઢમંમિગુણવ્વએનિંદે॥૧૯॥**-પ્રથમ ગુણવ્રતનેવિષેહું નિંદુછું॥૧૯॥
**મજ્જંમિ અ મંસંમિઅ**-મદીરા અને વળી માંસ વળી બીજાપણ અભક્ષ્ય=નહિ ખાવા યોગ્ય પદાર્થ

**પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લેઅ**—ફુલ, ફળ, અને વળી ગંધ બરાસ, વિગેરે અને ફુલાદીકની માળા ભોગવવાથી

**ઉવભોગ પરિભોગે**—ઉપભોગ પરીભોગ નામે

**બીઅંમિ ગુણવ્વએનિંદે ॥૨૦॥**—બીજા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુછું ॥૨૦॥

**સચ્ચિતે પડિબધ્ધે**—સર્વ સચ્ચિત્તનો ત્યાગ કરીને અથવા તેનું પરિમાણ કર્યું હોય તેથી પ્રમાદને વશે વધારે સચ્ચિત વસ્તુનો આહાર કરવો તે; તે પેહેલો અતિચાર, પ્રતિબદ્ધ=સચ્ચિતની સાથે બાંધેલી વસ્તુ જેમકે ઝાડ ઉપરથી ગુંદર ઉખેડી ખાવો તથા ગોટલી સહીત કેરી, ઠળીઆ સહીત રાંણુ ખાવી તે સચ્ચિત પ્રતિબદ્ધ નામે બીજો અતિચાર

**અપોલ દુપ્પોલિઅંચ આહારે**—નહી પકાવેલો=નહી રાંધેલો પદાર્થ અને કાચાપાકા ઓળા, પુંખ, પાપડી વિગેરે ખાવાં એ ચોથો અતિચાર

**તુચ્છોસહિ ભખ્ખણયા**—તુચ્છોષધિભક્ષણ=મગની કોમળ ફળી તથા બોર વિગેરે તુચ્છ વસ્તુ ખાવી તે પાંચમો અતિચાર એ જેને સચ્ચિત વસ્તુ ખાવાનો નિયમ હોય તેને પાંચ અતિચાર સંભવે તેમાંનો કોઈ અતિચાર લાગ્યો હોય તે (પડીકમુછું ॥૨૧॥

**પડિક્કમે દેસિયં સવ્વં ॥૨૧॥**—સર્વે દીવસ સંબંધી અતિચારને હું

**ઈંગાલી વણ સાડી—**અંગારકર્મ=કુભાર, ભાડભુંજા વિગેરેનાં અગ્નિ સંબંધી કામ તે; વનકર્મ=પાન, ફળ, ફુલ તથા વનસ્પતિ ઈત્યાદીનું ઉગાડવું તથા છેદવું ઇત્યાદીક તે; શકટ કર્મ=ગાડાં વિગેરે વેચે વેચાવે તે

**ભાડી ફોડી સુવજ્જએ કમ્મં**—ભાટિકકર્મ=ઘોડા, ઊંટ, ઘર વિગેરે ભાડે આપવાં; સ્ફોટિકકર્મ=કુવા, વાવ, ખોદવા ખોદાવવા વિગેરે

ફોડતોડ કરવી તે; પાંચ સામાન્ય કર્મ તે પ્રતે શ્રાવક અત્યંતપણે વર્જે ત્યાગ કરે

**વાણિજ્જં ચેવયદંતલખ્ખરસકેસવિસવિસયં ॥૨૨॥**—કુવાણિજ્ય= ખરાબ વેપાર વિષે કહેછે, જેવા કે દાંત, લાખ=કસુંબો હરતાલ વીગરે રસ=ગોળ, તેલ વિગેરે મોર તથા ઘોડા ચમરી વીગેરેનો વેપાર અને પાંચમું વિષ=અફીણ, સોમલ, તથા વિષયાદીક=શસ્ત્રાદીકનો વિષય તે પાંચ કુવાણીજ્યને શ્રાવકે વર્જવાં. ॥૨૨॥

**એવં ખુ જંતપિલ્લણ**—એમ નિશ્ચે ઘંટી, ચરખો વિગેરે યંત્ર કર્મ અને શેરડી, તલ, સરસવ પીલવાથી જે કર્મ લાગે તે પ્રથમ યંત્ર પિલન કર્મ કહીએ

**કમ્મં નિલ્લંછણં ચ દવદાણં**—નાક, કાન વીંધવા પ્રમુખ તથા ઘોડા પ્રમુખના નાક વીંધાવવાં તે વિગેરે નિર્લંછન કર્મ જાણવું. અને ધર્મ બુદ્ધિએ અથવા બીજા હેતુથી અગ્નિદાન કરવું તે દવદાન.

**સર દહ તલાય સોસં,**—સરોવર, દ્રહ અને તળાવ વિગેરેને શોષણ કરવું **અસઈ પોસં ચ વજ્જિજ્જા ॥૨૩॥**—અસતિપોષણ=હીંસક જીવોનું તથા વ્યભીચારી સ્ત્રી વિગેરેનું પોષણ કરવું તે, એ પાંચ કર્મને નિશ્ચયે કરી શ્રાવકે વર્જવાં ॥૨૩॥

**સથ્થગ્ગિ મુસલ જંતગ**—શસ્ત્ર, અગ્નિ, મુષળ, યંત્ર તે ઘંટી પ્રમુખ **તણકટ્ઠે મંત મૂલ ભેસજ્જે**—તૃણ=સાવરણી ઇત્યાદી, કાષ્ટ=લાકડી ઈત્યાદી, મંત્ર=તે સાપ ખીલવા પ્રમુખના જાણવા મૂલ=નાગદમણી પ્રમુખ જડીબુટ્ટી, ભૈષજ્ય=ગોળી ચુરણ વિગેરે ઉપદ્રવકારી વસ્તુઓ જાણવી ઇત્યાદીક વસ્તુ દાક્ષીણતા ટાળી બીજાને

**દિન્ને દવાવિએવા**—આપવા થકી બીજા પાસે અપાવવા થકી પણ વળી આપનારને વખાણવાથી જે અતિચાર લાગ્યા હોય.

**પડિકકમે દેસિયં સવ્વં ॥૨૪॥**—સર્વદીવસ સંબંધી અતિચારને હું પડિકમુછું ॥૨૪॥

**ન્હાણુ વટ્ટણુવન્નગ**—સ્નાન=અજતનાએ નાહાવાથી, ઉદ્વર્તન=પીઠી વિગેરે કરી, શરીરનો મેલ ઉતારવો, વર્ણક=અળતો ગુલાલ વિગેરે પદાર્થ

**વિલેવણુ સદ્દ રૂવ રસ ગંધે**—વિલેપન=કેસર વિગેરે ચોપડવું. શબ્દ= કૌતુકથી સાંભળવાં; સ્ત્રી પ્રમુખનાં રૂપ જોવાં. મીઠા ખાટા વિગેરે રસ, કપુર કસ્તુરી વિગેરેના સારાગંધ

**વથ્થા સણુ આભરણે**—વસ્ત્ર, આસન=બેઠક, આભરણ=કુંડળ, કંકણ વિગેરે રાગથી જોવાં તેથી જે અતિચાર લાગ્યો હોય તે

**પડિક્કમે દેસિયં સવ્વં ॥૨૫॥**—દીવસ સંબંધી સર્વ અતિચારને હું પડિકમુછું ॥૨૫॥ ( ચેષ્ટા=જેથી લોકોને હાંસી આવે તે

**કંદપ્પે કુક્કુઇએ** —કંદર્પ=કામભોગની કથાનું કરવું તે, કૌકુચ્ય=કુ-

**મોહરિ અહિગરણ ભોગ અઇરિત્તે**—મુખરીપણું=વાચાળપણે ઘણું બડબડવું, અધિકરણ=શસ્ત્ર મુશળ વિગેરે સજ્જ કરી રાખવાં. ભોગ અતિરક્ત ભોગની વસ્તુ ખપ કરતાં વધારે રાખવી

**દંડંમિ અણુટ્ઠાએ**—અનર્થ દંડ વિરમણ નામે

**તઇઅંમિ ગુણુવ્વએનિંદે ॥૨૬॥**—ત્રીજા ગુણવ્રતને વિષે પુર્વોક્ત જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુછું ॥૨૬॥

**તિવિહે દુપ્પણિહાણે**—ત્રણ પ્રકારે દુઃપ્રણિધાન=દુષ્ટ વ્યાપારછે તેના ત્રણ અતિચાર એટલે મન વચન અને કાયાના જાણવા

**અણવટ્ઠાણે તહા સઇવિહુણે**—અનવસ્થાન=અવિનયપણે તથા બે ઘડી કરતાં ઓછે વખતે સમાયક પારવું તે તથા સ્મૃતિવિહીન=પ્ર-માદથી સામાયક કીધું કે નહીં તેનો ઉપયોગ ન રહે તે પાંચમો અ-તિચાર એ રીતે

**સામાઇઅ વિતહ કએ**—સમાયક પ્રતે જુઠ્ઠો કીધે થકે
**પઢમે સિખ્ખાવએ નિંદે ॥૨૭॥**—પ્રથમ સામાયિક નામે શિક્ષા વ્રતને વિષે ઉપર કહેલા અતિચાર માંહેલો જે અતિચાર લાગ્યો હોય તે પ્રતે હું નિંદુછું ॥૨૭॥
**આણવણે પેસવણે**—અણાવવાથી=કંઇ ચીજ મંગાવવી તે, પ્રેષણ નામે બીજો અતિચાર દાસદાસી પ્રમુખને નીમેલી જગાથી બહાર મોકલવાથી
**સદ્દે રૂવે અ પુગ્ગલખ્ખેવે**—ખુંખારાદી શબ્દવડે પોતાપણું જણાવવું તે શબ્દાનુંપાતિ અતિચાર, રૂપ નજરે પડવાથી કોઇ માણસની પાસે જવું તે રૂપાનુંપાતિ અતિચાર, કાંકરો નાંખી પોતાપણું જણાવવું તે પુદ્ગલોત્ક્ષેપ નામે અતિચાર એ પાંચ અતિચારમાંથી જે
**દેસાવગાસિઅંમિ બીએ સિખ્ખાવએ નિંદે ॥૨૮॥**—અતિચાર દેશાવકાશિકનામે બીજા શિક્ષા વ્રતને વિષે લાગ્યો હોય તે પ્રત્યે હું નિંદુછું ॥૨૮॥ (નીતિના ઠંડિલનો વિધિ=પ્રકાર તેને વિષે
**સંથારૂચ્ચારવિહી**—સંથારો=સજ્જા, ઉચ્ચાર=વડિનીતિ અને લઘુ
**પમાય તહ ચેવ ભોઅણાભોએ**—પ્રમાદ કરવો તેના ચાર અતિચાર, તેમજ વળી પોસો લીધા પછી ભોજનની ચિંતા કરે તે
**પોસહ વિહિ વિવરીએતઇએસિખ્ખાવએનિંદે ॥૨૯॥**—પોસાનો વિધિ=પ્રકાર વિપરીત કર્યે થકે ત્રીજા શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુછું ॥૨૯॥
**સચ્ચિત્તે નિખ્ખિવણે**—સચ્ચિત નિક્ષેપણ=સાધુને દેવા જોગ જે ભોજન તેના ઉપર સચ્ચિત વસ્તુ મુકવી
**પિહિણે વવએસ મચ્છરે ચેવ**—સચ્ચિતપિહિણ=દેવા જોગ વસ્તુને સચ્ચિત વસ્તુથી ઢાંકવી, વ્યપદેશ=પોતાની વસ્તુને પારકી તથા પા-

રકીને પોતાની કહેવી, મત્સર=કોપભાવે દાન આપવું ચેવ=નિશ્ચે

**કાલાઇક્કમ દાણે**—કાલાતિક્રમદાન=મુનિની ગોચરીનો વખત ઓ-ળંગીને મુનિને તેડે એવું જાણીને કે સાધુ વ્હોરશે પણ નહીં અને મારો નિયમ પણ ભાગશે નહીં

**ચઉત્થે સિખ્ખાવએ નિંદે ॥૩૦॥**—ચોથા અતિથિ સંવિભાગ નામે શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુછું ॥૩૦॥

**સુહિએસુ અ દુહિએસુ અ**—સુહિતેષુ=સમ્યકજ્ઞાન દર્શન અને ચા-રિત્રનું હિતછે જેમને તે, વળી દુઃખિતેષુ=રોગવડે પીડાયેલા એવા

**જા મે અસ્સંજએસુ અણુકંપા**—જે પોતાની ઈચ્છાયે વિચરનારા નહી પણ ગુરૂની આજ્ઞાને વિષે વિચરનાર સુસાધુ તેમને વિષે જે મારી અનુકંપા (દીધું હોય

**રાગેણવદોસેણ વ**—સંસારપણાના રાગવડે અથવા દ્વેશભાવથી દાન

**તંનિંદે તં ચ ગરિહામિ ॥૩૧॥**—તેને હું નિંદુછું અને ગુરૂ સાખે વધારે નિંદુછું ॥૩૧॥ ॥ એકત્રીશમી ગાથાનો બીજો અર્થ ॥

વસ્ત્ર પાત્રાદીકે કરી સુખીયા અને રોગે કરી દુખીઆ એવા અસંજતિ=વેશ ધારી પાસથ્થાદીક જીવહિંસાદીક કર્મ કરનારા એવા એને આતો મારા ગામના વાસીછે અથવા મારા ભાઇ છે વિગેરે રાગે કરીને અથવા જીનશાસનના દૂષીછે નિર્લજ છે ઇત્યાદીક દ્વેષ ઉપન્યો તોપણ ઘેર આવ્યા માટે દાન આપ્યું ઇત્યાદીક ભાવે મારે જીવે જે દયા કીધી હોય તેને હું નિંદુછું ૩૧॥

**સાહૂસુ સંવિભાગો**—સાધુઓને વિષે સંવિભાગ

**ન કઓ તવ ચરણ કરણ જુત્તેસુ**—ન કીધો હોય, તપ, ચારિત્ર, અને કરણ સિત્તરિએ કરીને સહીત એવા સુસાધુને વિષે

**સંતે ફાસુઅદાણે**—ફાસુદાન=નિર્દોષદાન છતે પણ ન આપ્યું હોય
**તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૨॥**—તેને હું નિંદું છું અને ગુરૂ સાખે વધારે નિંદું છું ॥૩૨॥
**ઇહ લોએ પરલોએ**—આ લોકને વિષે તથા પરલોકને વિષે
**જીવિઅ મરણે અ આસંસ પઓગે**-જીવિત અને મરણને વિષે વળી કામભોગને વિષે આસંસ પ્રયોગ=ઇચ્છાનો પ્રયોગ કરવો તે રીતે
**પંચવિહો અઇઆરો**—પાંચ પ્રકારના અતિચારમાંનો કોઈપણ
**મા મજ્જ હુજ્જ મરણંતે ॥૩૩॥**-મરણાંતસુધી મને નથશો ॥૩૩॥
**કાએણ કાઇઅસ્સ**—કાયાવડે=કાઉસગ ઇત્યાદી કાયાના શુભ વ્યાપાર કરવાવડે કાયા સંબંધી વધાદિક અતિચાર કરેલા તે
**પડિક્કમે વાઇઅસ્સ વાયાએ**—હું પડિકમુછું, વાચિકસ્ય=વચન સંબંધી અતિચાર તે મિચ્છામિ દુક્કડં એવા શુભ વચને કરીને
**મણસા માણસિઅસ્સ**—શુભ મને કરી મન સંબંધી અતિચારને
**સવ્વસ્સ વયાઇઆરસ્સ ॥૩૪॥**—સર્વ વ્રતના અતિચારને ત્રિકરણ શુદ્ધે કરી હું પડિકમુછું ॥૩૪॥
**વંદણ વય સિખ્ખા ગારવેસુ**—૧ વંદન=દેવ વંદન તથા ગુરૂ વંદન ૨ વ્રત બાર ૩ શિક્ષા, ૪ ગારવ,=રિદ્ધિ ગારવ, રસ ગારવ તથા સાતા ગારવ એ ત્રણ પ્રકારના અહંકારનું શેવન કરવાથી.
**સન્ના કસાય દંડેસુ**—[સંજ્ઞા=આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એ ચાર તથા ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ એ૯સંજ્ઞા ] કસાય= ચારકષાય, દંડ=મન દંડ, વચન દંડ અને કાય દંડવડે ધર્મ ધનથી આત્મા દંડાય
**ગુત્તીસુ અ સમિઇસુ અ**—મનાદિ ત્રણ ગુપ્તિ, તથા પાંચ સમિતિ વળી શ્રાવકની અગીઆર પડિમા વિગેરે ઉપરના નવ બોલ વિષે.

**જો અઇઆરો અ તં નિંદે ॥૩૫॥**—જે અતિચાર લાગ્યો હોય તે હું નિંદું છું ॥૩૫॥

**સમ્મદ્દિટ્ઠી જીવો**—સમ્યક્ દૃષ્ટી જીવ.

**જઇવિ હુ પાવં સમાયરઇ કિંચિ**—જો પણ થોડું પણ પાપ સમાચરે

**અપ્પો સિ હોઇ બંધો**—તે શ્રાવકને થોડો કર્મનો બંધ હોય

**જેણ ન નિદ્ધંધસં કુણઇ ॥૩૬॥**—જે કારણ માટે નિર્દયપણે પાપનો બંધ તે ન કરે, તેથી પાપ થોડું લાગેછે ॥૩૬॥

**તંપિ હુ સપડિક્કમણં**—તેને પણ નિશ્ચે પ્રતિક્રમણ કરવે કરી.

**સપ્પરિઆવં સઉત્તરગુણં ચ**—પશ્ચાતાપ સહીત વળી ઉત્તરગુણે સહીત એટલે ગુરૂએ દીધેલા પ્રાયશ્ચિતે યુક્ત

**ખિપ્પં ઉવસામેઇ**—ક્ષિપ્ર એટલે જલદીથી ઉપસમાવેછે

**વાહિ વ્વ સુસિક્ખિઓ વિજ્જો ॥૩૭॥**—જેમ સારો શિખેલો વૈદ્ય વ્યાધિ એટલે રોગ જલદી કાઢે છે તેમ ॥૩૭॥

**જહા વિસં કુટ્ઠગયં મંત મૂલ વિસારયા વિજ્જા હણંતિ મંતેહિં તો તં હવઇ નિવ્વિસં ॥૩૮॥**—જેમ શરીરમાં વ્યાપેલું સર્પાદિકનું વિષ, મંત્ર મૂળના જાણ વૈદ્ય મંત્રોએ કરીને હણેછે (દુર કરેછે) તે વારે તે શરીર વિષરહિત થાય છે. તેમજ ગુરૂના વાક્યાનુસારે તદઅક્ષર શ્રવણથી લાભ થાયછે ॥૩૮॥

**એવં અટ્ઠવિહં કમ્મં રાગ દોસ સમજ્જિયં**—એ પ્રકારે આઠ પ્રકારનાં કર્મ રાગદ્વેષે કરી ઉપાર્જેલાં તે પ્રત્યે ( દતો થકો

**આલોઅંતો અ નિંદંતો**—આળોવતો અને વળી સાચા મનથી નિં-

**ખિપ્પં હણઇ સુસાવઓ ॥૩૯॥**—જલદીથી ભલો શ્રાવક હણે છે (પાપને દુર કરે છે )॥૩૯॥

**કય પાવોવિ મણુસ્સો**—પાપનો કરનાર એવો પણ માણસ

**આલોઇય નિંદિઅ ગુરૂ સગાસે**—ગુરૂની પાસે આલોઈને તથા નિંદીને
**હોઇ અઇરેગ લહુઓ**—અત્યંત પાપથકી હળવો થાય
**ઓહરિઅ ભરૂ વ્વ ભારવહો ॥૪૦॥**—જેમ ભારનો વેહેનાર એટલે વૈતરૂ કરનાર, ભારને ઉતારીને હલકો થાય તેમ ॥૪૦॥
**આવસ્સએણ એએણ**—આવસ્યકે કરીને એટલે આ ભાવાવશ્યકે કરીને
**સાવઓ જઈવિ બહુરઓ હોઈ**—શ્રાવક જો પણ ઘણો રજવાળો એટલે ઘણા પાપે સહિત હોય તોપણ
**દુખ્ખાણ મંતકિરિઅં**—શારીરીક તથા માનસિક દુખોની અંત લાવનારી ક્રિયા એટલે વિનાશ ક્રિયાને (પાપનો વિનાશ કરશે ॥૪૧॥
**કાહી અચિરેણ કાલેણ ॥૪૧॥**—થોડા કાળ માંહે કરશે એટલે
**આલોઅણા બહુ વિહા**—આલોઅણા ઘણા પ્રકારની છે
**નય સંભરિઆ પડિક્કમણકાલે**—તે પડિકમણુ કરવાના વખતે ન સાંભરી હોય તે ન સાંભરવા થકી
**મૂલગુણ ઉત્તરગુણે**—મૂળ ગુણને વિષે તથા ઉત્તર ગુણને વિષે એટલે પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય (એટલે ગુરૂ સાખે નિંદુછું ॥૪૨॥
**તં નિંદે તંચ ગરિહામિ ॥૪૨॥**—તેને નિંદુછું તથા ગુરૂ સાખે ગર્હુછું

**(પછી ઉભો રહીને અથવા જમણો પગ નીચો બેસાડી નીચેની આઠ ગાથા બોલે)**

**તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ**—તે કેવળી ભાષીત ધર્મની
**અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ**—આરાધનાને માટે હું ઉઠયોછું
**વિરઓમિ વિરાહણાએ**—તે ધર્મની વિરાધના થકી હું નિવર્ત્યોછું
**તિવિહેણ પડિકકંતો**—મન, વચન, કાયાએ કરી પ્રતિક્રમતો થકો
**વંદામિ જિણે ચઉવ્વીસં ॥૪૩॥**—ચોવીસ જીન પ્રતે હું વાંદુછું ॥૪૩॥

**જાવંતિ ચેઇઆઇં**—જેટલાં જીનબિંબ છે
**ઉઢ્ઢે અ અહેઅ તિરિઅલોએ અ**–ઉર્ધ્વ, અધો, અનેતિર્યગ્લોકનેવિષે
**સવ્વાઇં તાઇંવંદે**—તે સર્વ પ્રતે હું વાંદુછું
**ઇહ સંતો તથ્થ સંતાઇં ॥૪૪॥**—અહીં રહ્યો થકો ત્યાં રહેલા જી-
નબિંબ પ્રતે વાંદુછું ॥૪૪॥

**જાવંત કેવિ સાહૂ**—જેટલા કોઇપણ સાધુ હોય (વિદેહ ક્ષેત્રમાં
**ભરહેરવય મહાવિદેહેઅ**—પાંચભરત, પાંચઐરવૃતતથા પાંચમહા
**સવ્વેસિં તેસિં પણઓ**—તે સર્વે પ્રતે મારો નમસ્કાર હોજો
**તિવિહેણ તિદંડવિરયાણં ॥૪૫॥**—જે મન વચન કાયાના ત્રણ દં-
ડથી વિરામ પામેલા છે તે સાધુઓ પ્રતે ત્રણ પ્રકારે હું વાંદુછું ॥૪૫॥
**ચિરસંચિય પાવપણાસણીઈ**—ઘણા વખતનાં સંચેલાં પાપનો નાશ
કરનારી

**ભવ સય સહસ્સ મહણીએ**—સોહજાર ભવને મથન કરનારી એટલે
હણનારી (નિકળેલી કથા કરવે કરીને
**ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઇ**—ચોવીસ તિર્થંકરના મુખમાંથી
**વોલંતુ મે દિઅહા ॥૪૬॥**—મારા દિવસો જાઓ ॥૪૬॥
**મમ મંગલ મરિહંતા**—મારે માંગલિક છે=એક અરિહંત દેવ
**સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મોઅ**—બીજા સિદ્ધ ભગવાન વળી ત્રીજા
સાધુ મુનિરાજ, ચોથો શ્રુત ધર્મ વળી ચારિત્રાત્મક ધર્મ જે તે
**સમ્મદ્દિઠ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ ॥૪૭॥**—સમ્યક્
દ્રષ્ટિદેવતા મને સમાધિ એટલે ચિત્તની સ્થિરતા વળી બોધિ એટલે જીન-
ધર્મની પ્રાપ્તિ તે પરભવ આપો ॥૪૭॥

**પડિસિદ્ધાણં કરણે**—નિષેધવા યોગ્ય અશુભ કાર્ય કરવાથી

**કિચ્ચાણમકરણે પડિક્કમણં**—કરવા યોગ્ય શુભ કાર્ય ન કરવાથી પ્રતિક્રમણ છે એટલે મિચ્છામિ દુક્કડ છે.

**અસદ્દહણે અ તહા**—તેમજ વળી અશ્રધાનને વિષે પણ

**વિવરીય પરૂવણાએ અ ॥૪૮॥**—અને વળી વિપરીત પ્રરૂપણા વિષે પણ મિચ્છામિ દુક્કડ છે ॥૪૮॥

**ખામેમિ સવ્વજીવે**—સર્વ જીવને હું ખમાવુંછું

**સવ્વે જીવા ખમંતુમે**—સર્વ જીવ મારા અપરાધ પ્રતે ખમો

**મિત્તી મે સવ્વભૂએસુ**—સર્વ પૃથ્વીને વિષે મારે મૈત્રી ભાવ છે.

**વેરં મઝ્ઝં ન કેણઈ ॥૪૯॥**—મારે કોઈ સાથે વેરભાવ નથી.

**એવમહં આલોઈઅ**—એ પ્રકારે હું આલોવીને

**નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં**—આત્મસાખે નિંદીને, ગુરૂ-સાખે નિંદીને સમ્યક્ પ્રકારે ખોટું જાણી

**તિવિહેણ પડિક્કંતો**—ત્રણ પ્રકારે પડિક્કમતો એટલે પાછો હઠતો

**વંદામિ જિણે ચઉવ્વીસં ॥૫૦॥**—ચોવીસજીન પ્રતે હું વાંદુછું॥૫૦॥

# ॥૨૬॥ अथ अभ्भुठिओ हं गुरु खामणां॥

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્**—હે ભગવાન તમારી ઈચ્છાએ કરી મને આદેશ આપો

**અભ્ભુઠ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં**—હું ઉઠયોછું દીવસમાં કીધેલા અપરાધ પ્રતે ખમાવવાને (ત્યારે ગુરૂ કહે ખામેહ=ખમાવ)

**ઇચ્છં ખામેમિ દેવસિઅં જં કિંચિ**—એજ હું ઈચ્છુંછું, હું ખામુંછું દીવસ સંબંધી અપરાધ પ્રતે, જે કંઇ

**અપત્તિઅં પરપત્તિઅં ભત્તે પાણે**—અપ્રિતિકં=અપ્રીતિ ભાવ

ઉપજાવ્યો હોય વળી વિશેષપણે અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય ભોજનને વિષે, પાણીને વિષે

**વિણએ વેઆવચ્ચે, આલાવે સંલાવે ઉચ્ચાસણે, સમાસણે**-વિનયને વિષે, વૈયાવચ=ગુરૂ સેવાનેવિષે એકવાર બોલાવવાનેવિષે, વારંવાર બોલાવવાને વિષે, ગુરૂથી ઊંચા આસને બેસવાને વિષે, ગુરૂની બરાબર આસન કરી બેસવાને વિષે

**અંતરભાસાએઉવરિભાસાએ જંકિંચિ,મજ્ઝવિણય,પરિહીણં સુહુમં વા, બાયરં વા**—ગુરૂ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, ગુરૂએ વાત કરી હોય તે ફરી પોતાની સ્ફુરતી દેખાડવાને વિશેષપણે વાત કરવામાં જે કંઈ માહારે વિનય ભક્તિ રહિતપણું થયું હોય તે નાનું કે મોટું થયું હોય તે સર્વે

**તુબ્ભે જાણહ, અહં ન યાણામિ તસ્સ મિચ્છામિદુક્કડં ॥૧॥**-તમે જાણોછો હું નથી જાણતો તે અપ્રીતિ પ્રમુખ અતિચારનું લાગેલું જે પાપતે મારૂ મિથ્યા થાઓ ॥૧॥ ગુરૂ (૧૫) લઘુ (૧૧૧) સર્વવર્ણ (૧૨૬)

# ॥ ३७॥ अथ आयरिय उवज्झाए ॥

**આયરિય ઉવજ્ઝાએ**—આચાર્ય તથા ઉપાધ્યાયજી તેમને

**સીસે સાહમ્મિએ કુલ ગણે અ**—શિષ્ય, સાધર્મિક, કુલ=એક આચાર્યનો પરિવાર, ગણ=ઘણા આચાર્યના પરિવાર=ગચ્છ વળી એસર્વઉપર

**જે મે કેઇ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ॥૧॥**—જે કોઇ પણ કષાય મારે જીવે કીધા હોય તે સર્વ તે આચાર્યાદિક પ્રત્યે ત્રિવિધે કરી હું ખામુંછું ॥૧॥

**સવ્વસ્સ સમણ સંઘસ્સ**—સર્વ શ્રમણ સંઘરૂપ

**ભગવઓ અંજલિં કરિય સીસે**—ભગવંતના મેં કીધેલા અપરાધ

પ્રત્યે અંજલિ=બે હાથ જોડી મસ્તકે લગાડી
**સવ્વં ખમાવઇત્તા**—સર્વે પ્રત્યે ખમાવીને (ખમું છું ॥૨॥
**ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥૨॥**—સર્વના અપરાધ પ્રત્યે હું પણ
**સવ્વસ્સ જીવરાસિસ્સ**—સર્વ જીવનો રાશિ=સમૂહ તેનો કીધેલો અપરાધ
**ભાવઓ ધમ્મ નિહિય નિયચિત્તો**—ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવો
**સવ્વં ખમાવઇત્તા**—સર્વને ખમાવીને
**ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥૩॥**—હું પણ સર્વ પ્રત્યે ખમું છું

લઘુ (૨૮). ગુરૂ (૯). સર્વવર્ણ (૩૭).

# ॥૩૮॥ અથ નમોસ્તુ વર્દ્ધમાનાય ॥

**ઇચ્છામોઅણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમોર્હત્.**—હમે સ્તુતી કરવા ઇચ્છીએ છીએ ક્ષમાશ્રમણ પ્રત્યે નમસ્કાર થાઓ
**નમોઽસ્તુ વર્દ્ધમાનાય**—નમસ્કાર થાઓ, વર્ધમાન સ્વામી પ્રત્યે
**સ્પર્દ્ધમાનાય કર્મણા**—જે કર્મની સાથે ઇર્ષાના કરનાર છે=કર્મના વેરી છે
**તજ્જયા વાપ્તમોક્ષાય**—તે કર્મનો જય કરીને મોક્ષ પ્રત્યે પામેલા એવા
**પરોક્ષાય કુતીર્થિનાં ॥૧॥**—કુતીર્થિ=મિથ્યા દ્રષ્ટી જીવને પરોક્ષ=દ્રષ્ટિથી દૂર છે ॥૧॥
**યેષાં વિકચારવિંદરાજ્યા**—જેમની વિકસ્વર કમળની શ્રેણીઓએ
**જ્યાયઃ ક્રમકમલાવલિં દધત્યા**—વખાણવા જોગ ચરણકમળની હાર ધારણ કરતી એવી
**સદૃશૈરિતિ સંગતં પ્રશસ્યં**—સરખાની સાથે મળવું ઘણું વખાણવા યોગ્ય છે એવું એટલે સરખા સાથે સરખા મળે તો શોભે
**કથિતં સંતુ શિવાય તે જિનેંદ્રાઃ ॥૨॥**—એમ કહ્યું છે તે જીનેંદ્રભ-

ગવાન કલ્યાણને અર્થે થાઓ ॥૨॥ (ઓને શાંતિ પ્રત્યે

**કષાયતાપાર્દિતજંતુનિવૃતિં**—કષાય રૂપ તાપથી પીડાયેલા પ્રાણી-

**કરોતિ યો જૈનમુખાંબુદાદ્‌ગતઃ**—જે કરેછે, જીનરાજના મુખરૂપ મે-

ઘથી નીકળેલો એવો (વૃષ્ટિના જેવો

**સ શુક્રમાસોદ્‌ભવવૃષ્ટિસંનિભો**—તે જેઠમાસથી ઉત્પન્ન થએલી

**દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરાં ॥૩॥**—વાણીઓનો વિસ્તાર મા-

રે વિષે તુષ્ટિ=સંતોષ કરો ॥૩॥

## ॥ ૩૯ ॥ અથ શ્રુતદેવતાસ્તુતિઃ ॥

**સુઅદેવયાએ કરેમિકાઉસ્સગ્ગં**,—શ્રુતદેવતાને અર્થે કાઉસ્મગ્ગ કરૂછુ

**સુઅદેવયાભગવઈ**,—શ્રુતદેવતા વળી ભગવતી

**નાણાવરણીય કમ્મસંઘાયં**—જ્ઞાનાવરણી કર્મના સમૂહ પ્રત્યે.

**તેસિં ખવેઉ સયયં**—તેઓના, હમેશાં ક્ષય કરો

**જેસિંસુયસાયરે ભત્તી॥૧॥**—જેઓની શ્રુતસાગરને વિષે ભક્તિછે॥૧॥

લઘુ ( ૩૬ ). ગુરૂ ( ૨ ). સર્વવર્ણ ( ૩૮ ).

## ॥ ૪૦ ॥ અથ ક્ષેત્ર દેવતાની સ્તુતિઃ ॥

**જીસે ખિત્તે સાહુ**—જેના ક્ષેત્રને વિષે સાધુમુનિરાજ

**દંસણ નાણેહિં ચરણ સહિએહિં**—દર્શન જ્ઞાન અને ચારિત્રસહિત

એવા સાધુઓ

**સાહંતિ મુખ્ખમગ્ગં**—મોક્ષ મારગને સાધેછે

**સા દેવી હરઉ દુરિયાઈ॥૨॥**—તે દેવી દુરિત પ્રત્યે હરો=દુર કરો.

લઘુ ( ૩૩ ). ગુરૂ ( ૩ ) સર્વવર્ણ ( ૩૬ ).

## ॥ ४१ ॥ अथ कमलदल स्तुति ॥

**કમલદલવિપુલનયના**—કમલની પાંખડી સમાન વિશાળ નેત્રવાળી
**કમલમુખી કમલગર્ભસમગૌરી**—કમલના જેવા મુખવાળી, વળી કમલના ગર્ભની પેરે ગૌરવર્ણ વાળી એવી
**કમલે સ્થિતા ભગવતી**—કમલને વિષે રહેલી એવી ઠકુરાઇ વાળી
**દદાતુ શ્રુતદેવતા સિદ્ધિં ॥૧॥**—શ્રુત=સિદ્ધાંતની અધિષ્ઠાયિકા દેવી અમને સિદ્ધિ આપો ॥૧॥
**ભુવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં**—ભુવનદેવતાને અર્થે કાઉસ્સગ્ગ કરૂં છું
**યસ્યાઃ ક્ષેત્રંસમાશ્રિત્ય**—જે દેવીનું ક્ષેત્ર અંગીકાર કરીને
**સાધુભિઃસાધ્યતેક્રિયાઃ**—સાધુઓવડે તપ સંયમ રૂપ ક્રિયાસધાય છે
**સા ક્ષેત્રદેવતા નિત્યં**—તે ક્ષેત્ર દેવી હમેશાં
**ભૂયાન્નઃસુખદાયિની ॥૨॥**—અમને સુખ આપનારી થાઓ ॥ ૨॥

## ॥ ४२ ॥ अथ भुवनदवतादिस्तुति ॥

**જ્ઞાનાદિગુણયુતાનાં**—જ્ઞાનાદિક ગુણે સહિત એવા
**નિત્યંસ્વાધ્યાયસંયમરતાનાં**—હમેશાં વાંચનાદિક સ્વાધ્યાય અને સંયમને વિષે આસકત એવા (ભુવન દેવી હમેશાં કલ્યાણ કરો ॥૧॥
**વિદધાતુ ભુવનદેવી, શિવંસદા સર્વ સાધૂનાં ॥૧॥**—સર્વ સાધુઓનું

## ॥ ४३ ॥ अथ अढाइज्जेसु मुनिवंदन ॥

**અઢાઇજજેસુ દીવસમુદ્દેસુ**—અઢી દ્વીપ બે સમુદ્ર સંબંધી
**પનરસસુ કમ્મભૂમીસુ**—પંદર કર્મ ભૂમિને વિષે
**જાવંતકેવિસાહૂ**—જેટલા કોઇ સાધુ
**રયહરણ ગુચ્છપડિગ્ગહધારા॥૧॥**—રજોહરણ=ઓઘો. અને ગુચ્છો=

પાત્રાંની ઝોલીની ઉપરનું લુગડું અને પાત્રાં ઇત્યાદિક ધર્મોપકરણ ધરનારા એવા ॥૧॥

**પંચમહુવ્વયધારા**—પાંચ મહાવ્રતધરનારા [ધરનાર

**અઠ્ઠારસ સહસ્સ સીલંગધારા**—અઢાર હજાર ચારિત્રના અંગના

**અખ્ખયાયારચરિત્તા**—સંપૂર્ણ આચાર રૂપ ચારિત્રના ધરનાર

**તે સવ્વે સિરસા મણસા મથ્થએણ વંદામિ ॥૨॥**—તે સર્વેને લલાટે કરીને. મને કરીને અને મસ્તકવડે હું નમસ્કાર કરૂંછું ॥૨॥

લઘુ (૭૨). ગુરૂ (૧૩). સર્વવર્ણ) ૮૫).

# ॥ ४४ ॥ अथ वरकनक ॥

**વરકનક સંખ વિદ્રુમ**—સુંદર સોનું, શંખ, પરવાળાં

**મરકતઘન સન્નિભં વિગતમોહં**—લીલમ અને સજલ મેઘ તેના જેવાછે એટલે પાંચ રંગછે જેના એવા અને મોહ રહિત

**સપ્તતિશતં જિનાનાં**—એકસોને સીતેર તીર્થંકરોને

**સર્વામરપૂજિતંવંદે॥૧॥**—જેમને દેવતાઓ પૂજે છે એવા તીર્થંકર દેવોને હું નમુછું ॥૧॥

# ॥ ४५ ॥ अथ तीर्थ वंदना ॥

**સકળ તીર્થ વંદૂ કરજોડ, જિનવરનામે મંગળ કોડ; પહેલે સ્વર્ગે લાખબત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિસ ॥૧॥ બીજે લાખ અઠ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બારલાખ સદ્દહ્યાં, ચોથે સ્વર્ગે અડ લખધાર,, પાંચમે વંદૂ લાખજ ચાર ॥૨॥ છઠ્ઠે સ્વર્ગે સહસ પંચાસ, સાતમે ચાલીશ સહસ પ્રાસાદ, આઠમે સ્વર્ગે છ હજાર, નવદશમે વંદૂ શત ચાર ॥૩॥ અગીયાર બારમે ત્રણસેં સાર, નવગ્રૈવેકે ત્રણસેં અઢાર, પાંચ અનુત્ત-**

૨ સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥ સહસ-સત્તાણું ત્રેવીસ સાર, જિનવર ભુવન તણો અધિકાર, લાંબાં સો જોજન વિસ્તાર, પંચાસ ઉંચાં બોહોતેર ધાર ॥૫॥ એ. કસોએંસી બિંબ પ્રમાણ સભા સહિત એક ચૈત્યે જાણ, સો કોડ બાવનકોડ સંભાળ, લાખ ચોરાણું સહસ ચોંઆળ ॥૬॥ સાતસેં ઉપર શાઠ વિશાળ સવી બિંબ પ્રણમું ત્રણકાળ, સાતકોડને બોહેતેર લાખ, ભુવનપતિમાં દેવલ ભાખ ॥૭॥ એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ, તેરશેં કોડ નવ્યાશીકોડ, સાઠ લાખવંદૂ કરજોડ॥૮॥ બત્રીશેંને ઓગણસાઠ, તીર્છા લોકમાં ચૈત્યનોપાઠ, ત્રણલાખ એકાણું હજાર, ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥ વ્યંતર જયોતિષિમાં વળી જેહ, શાશ્વતા જિન વંદૂ તેહ, રિષભ ચંદ્રાનન વારિખેણ, વર્દ્ધમાન નામે ગુણશેણ ॥૧૦॥ સમેત શિખર વંદૂ જિનવીશ, અષ્ટાપદ વંદૂં ચોવીશ, વિમલાચલને ગઢગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર॥૧૧॥ શંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર, અંતરિક વરકાણો પાસ, જીરાવલોને થંભણપાસ ॥૧૨॥ ગામનગર પુરપાટણ જેહ, જિનવર ચૈત્યનમું ગુણ ગેહ, વિહરમાન વંદૂં જિનવીશ, સિદ્ધ અનંત નમું નિશદીશ ॥૧૩॥ અઢી દ્વીપમાં જે અણગાર, અઢાર સહસસિલાંગના ધાર, પંચમહાવ્રત સમિતિ સાર, પાલે પલાવે પંચાચાર ॥૧૪॥ બાહ્ય અભિંતર તપ ઉજમાલ, તે મુનિ વંદૂ ગુણ મણિમાલ, નિત્ય નિત્ય ઉઠી કીર્તિ કરૂં, જીવ કહે ભવ સાયર તરૂં ॥૧૫॥

## ॥ ४६ ॥ अथ लघु शांति स्तव प्रारंभः॥

શાંતિં શાંતિ નિશાંતં—શ્રી શાંતિનાથ સ્વામી જે શાંતિના ધરછે તેમને.

**શાંતં શાંતાઽશિવં નમસ્કૃત્ય**—રાગદ્વેષ રહિતછે અને શાંત પામ્યાછે અ કલ્યાણકારક ઉપદ્રવો જે થકી એવા શ્રીશાંતિનાથ પ્રતે નમસ્કાર કરીને
**સ્તોતુઃ શાંત્તિનિમિત્તં**—સ્તુતિ કરનારની શાંતિના હેતુ છે
**મંત્રપદૈઃ શાંતયેસ્તૌમિ ॥૧॥**—મંત્રોના પદોએ એટલે અક્ષરગભિંત મંત્રવડે કરીને હું શાંતિને અર્થે સ્તુતિ કરૂંછું ॥૧॥
**ઓમિતિ નિશ્ચિતવચસે**—ઓં=રક્ષણ કરેછે તે અથવા પરમજયોતિ ઈતિ એટલે એ પ્રકારે નિશ્ચિત=નક્કી કર્યુંછે. વચઃ=વાચક પદ જેમનું અથવા ઓં વચને કરી કહેવા યોગ્ય છે વાચક ભાવ જેમનો એવા શાંતિનાથને [નને પુજાં=પુજાને અર્હતે=યોગ્યછે એવા
**નમોનમો ભગવતેઽર્હતેપૂજાં**—નમસ્કાર થાઓ ભગવતે=ભગવા-
**શાંતિજિનાય જયવતે**—શ્રી શાંતિજિન જે જયયુક્ત છે તેમને
**યશસ્વિને સ્વામિને દમિનાં ॥૨॥**—પ્રસિદ્ધ યશછે જેમનો વળી ઈંદ્રિયોને દમન કરનાર જે મુની મહારાજ તેમના નાથછે તેમને ॥૨॥
**સકલાતિશેષકમહા**—સમસ્ત ચોત્રીશ અતિશય રૂપ મોટી
**સંપત્તિ સમન્વિતાય શસ્યાય**—સંપદાએ કરીને સહીત તથા પ્રશંસવા યોગ્ય એવા (પૂજિત એવા)
**ત્રૈલોક્યપૂજિતાયચ**—વળી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ રૂપ ત્રણ લોકે
**નમોનમઃ શાંતિદેવાય ॥૩॥**—સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથને નમસ્કાર થાઓ ॥૩॥ (જે તેના)
**સર્વામર સસમૂહ**—સમસ્ત ચાર નિકાયના દેવતાના સમૂહ સહીત
**સ્વામિકસંપૂજિતાય નિર્જિતાય**—સ્વામિ જે ચોસઠ ઈંદ્રો છે તેમને સમ્યક પ્રકારે પૂજિત એવાછે વળી નથી જીત્યા દેવાદિકોએ
**ભુવનજન પાલનોદ્યત, તમાય**—ત્રણ ભુવનના લોકોના પાલન કરવામાં અત્યંત સાવધાન એવા છે તે

**સતતં નમસ્તસ્મૈ ॥૪॥**—શાંતિનાથ મહારાજને નિરંતર નમસ્કાર થાઓ. ॥૪॥ (વળી કેવા છે)

**સર્વદુરિતૌઘનાશન, કરાય**—સર્વ પાપના સમૂહનો નાશ કરનાર છે

**સર્વાશિવપ્રશમનાય**—સર્વ ઉપદ્રવને પ્રકર્ષેકરીસમાવનારછે વળીકેવાછે

**દુષ્ટગ્રહભૂતપિશાચ**—આકરા ગ્રહ તથા ઝાડમાં રહેનાર ભૂત રાક્ષસાદીક તથા શાકિની એ સર્વના ઉપદ્રવને અતિશયે કરી નાશ કરનાર છે=મટાડનાર છે

**શાકિનીનાંપ્રથમનાય ॥૫॥**—અર્થાત શાંતિજિનેશ્વરનું નામ યાદ કરનારના સર્વે ઉપદ્રવ નાશ પામે છે. માટે તેમને નમસ્કાર થાય છે॥૫॥

**યસ્યેતિ નામમંત્ર**—જે શાંતિજિનનો એ રીતે નામમંત્રે કરીને

**પ્રધાનવાક્યોપયોગકૃતતોષા**—સર્વોતમપવિત્ર વચનનો ઉપયોગ એટલે નામની યાદીએ કરી કર્યો છે ચિતને વિષે સંતોષ જેણે એવી

**વિજયા કુરૂતે જનહિત**—વિજયાદેવી શાંતિનાથ મહારાજને યાદ કરનાર માણુસનું હીત કરે છે

**મિતિ ચ નુતા નમત તં શાંતિં ॥૬॥**—એ પ્રકારે વળી તે દેવી નમેલી છે (શાંતિનાથને) હે ભવ્યજનો! તમે એ શાંતિનાથને પ્રણામ કરો ॥૬॥

**ભવતુ નમસ્તે ભગવતિ**—નમસ્કાર થાઓ હે ભગવત્તિ!

**વિજયા સુજયે પરા પરૈરજિતે**—હે વિજયા! હે સુજયા! તથા બીજા દેવોથી નથી જીતાએલી એવી હે અજીતા! તું

**અપરાજિતે જગત્યાં**—કોઈ ઠેકાણે પરાભવ ન પામેલી એવી હે અપરાજિતા! તું પૃથ્વીને વિષે

**જયતીતિ જયાવહે ભવતિ ॥૭॥**—જયવંતી વર્તો એમ સ્તુતિ કરેછતે જયાવહે=સ્તુતિ કરનાર ભક્તજનને આવહન કરનાર થાય છે એવી

હે જયાવહા દેવી! તથા હે ભગવતી ! એ પ્રકારે ચાર દેવીઓ તમને નમસ્કાર થાઓ ॥ ૭ ॥

**સર્વસ્યાપિચ સંઘસ્ય**—ચતુર્વિધ એવા સર્વપણ સંઘને

**ભદ્રકલ્યાણ મંગલ પ્રદદે**—સૌખ્ય, નિરૂપદ્રવપણુ, માંગલીક ઇત્યાદિક ને અતિશયે કરી આપનારી એવી દેવી ! ( ઉપદ્રવ રહીતપણુ

**સાધૂનાંચ સદાશિવ**—વળી મોક્ષને સાધનાર એવા મુનિઓને સર્વદા

**સુતુષ્ટિપુષ્ટિપ્રદે જીયાઃ॥ ૮ ॥**—શોભન ચિત્તની શાંતિ, ધર્મની વૃદ્ધિ તેને, પ્રદે=દેનારી એવી હે દેવી ? તું જયવંતિહો ॥ ૮ ॥

**ભવ્યાનાં કૃતસિધે**—ભવ્યજીવોને કરીછે સિદ્ધિ જેણે એવી

**નિર્વૃતિ નિર્વાણજનનિ સત્વાનાં**—વળી પ્રાણીઓને ચિત્ત સમાધિ તથા મોક્ષ એટલે પરમાનંદને ઉત્પન્ન કરનારી એવી

**અભયપ્રદાન નિરતે**—નિર્ભયપણું, ઉતકૃષ્ટ રીતે દેવાને તત્પરએવી

**નમોસ્તુસ્વસ્તિપ્રદે તુભ્યં ॥૯ ॥**—તથા કલ્યાણને પ્રકર્ષે કરી દેનારી હે દેવી તને નમસ્કાર હો ॥ ૯ ॥

**ભકતાનાં જંતૂનાં**—પોતાના ભક્ત એવા જીવોને

**શુભાવહે નિત્યમુદ્યતે દેવિ**—શુભ એટલે શ્રેયપણાને સર્વ પ્રકારે પમાડનારી એવી

**સમ્યગ્દ્રષ્ટીનાં ધૃતિ**—સમ્યગ્ દૃષ્ટિ જીવને સંતોષ,

**રતિ મતિ બુદ્ધિ પ્રદાનાય ॥૧૦॥**—પ્રિતિ, ભવિષ્યકાળ જાણનારી મતિ વર્તમાનકાળ વિષે જાણનારી બુદ્ધિ પ્રકર્ષે આપવાને નિત્ય ઉદ્યમ-વંત એવી હે દેવી ! તું છે ॥ ૧૦ ॥

**જિનશાસન નિરતાનાં**—જિનશાસનને વિશે રકત એવા

**શાંતિનતાનાં ચ જગતિજનતાનાં**-અને શ્રીશાંતિનાથ પ્રતે નમસ્કા-ર કરનારા એવા અને જગતને વિષે જનસમુદાયો છે તેમને

**શ્રીસંપત્કીર્ત્તિ યશો**—લક્ષ્મી રિદ્ધિ વિસ્તાર કીર્તી તે એક દિશા વ્યાપિ, યશ તે સર્વ દિશાવ્યાપિ તેની ( દેવી, તું જય પામ. ॥ ૧૧ ॥

**વર્દ્ધનિ જયદેવિ વિજયસ્વ ॥૧૧॥**—વધારનારી એવી હે જયા નામે

**સલિલાનલ વિષ વિષધર**—જલ, અગ્નિ, વિષ=ઝેર, અને સાપ

**દુષ્ટગ્રહ રાજરોગ રણભયત:**—ખરાબ ગ્રહ, એટલે અશુભ રાહુ કેતુ ઈત્યાદિ, અને ખરાબ સ્વભાવના રાજા, રોગ અને લડાઈના ભયથી

**રાક્ષસ રિપુગણ મારી**—રાક્ષસ, શત્રુના સમુહ, મરકીનો રોગ

**ચૌરેતિ શ્વાપદાદિભ્ય: ॥૧૨॥**—ચોર સાતઈતિના ભય અને મદોન્મત હાથી ઈત્યાદિ જીવોના ભયથી ॥ ૧૨ ॥

**અથરક્ષરક્ષ સુશિવં**—અથ=હવે, રક્ષણ કર રક્ષણ કર અને અતિશય નિરૂપદ્રવપપણુ તેને ( પ્રમાણે કર

**કુરૂકુરૂ શાંતિંચ કુરૂકુરૂસદેતિ**—વળી શાંતિને કર, અને નિરંતર એ

**તુષ્ટિંકુરૂકુરૂપુષ્ટિં**-સંતોષપણાને કર અને શરીરનું નિરોગપણુ=પુષ્ટિકર

**કુરૂકુરૂ સ્વસ્તિંચ કુરૂકુરૂત્વં ॥૧૩॥**—સ્વસ્તિ એટલે કલ્યાણ કર વળી એટલાંવાંનાં તું કર ॥ ૧૩ ॥

**ભગવતિ ગુણવતિ શિવશાંતિ**—હે ભગવતિ એટલે ઐશ્વર્યાદિ ગુણવાળી તથા હે ગુણવંતી કલ્યાણ શાંતિ

**તુષ્ટિ પુષ્ટિ સ્વસ્તીહ કુરૂકુરૂજનાનાં**—તુષ્ટિ અને પુષ્ટિ તથા કલ્યાણ એટલાંવાંનાં આ લોકોને વિષે માણસોને કર

**ઓમિતિ નમો નમો -હાં -હીં -હું -હ:**—જ્યોતિસ્વરૂપિણિ એવી હે દેવી! તને નમસ્કાર થાઓ નમસ્કાર થાઓ તથા ( -હાં, -હી -હું -હ: ય: ક્ષ: -હીં )

**ય: ક્ષ: -હીં ફુટ્ ફુટ્ સ્વાહા ॥૧૪॥**—ફુટ્, ફુટ્ સ્વાહા એ પ્રકારના

મંત્ર સ્વરૂપિણિ એવી હે દેવી તને નમસ્કાર થાઓ આમાં ફુટ્, ફુટ્ એ શબ્દ વિઘ્ન નાશ કરનાર મંત્રાક્ષર છે. અને -હ્રાં -હ્રી ઈ-આદિ શાંતિનો મુળ મંત્ર છે ॥૧૪॥

**એવં યન્નામાક્ષર**—એ પ્રકારે જેનાં નામાક્ષર મંત્ર (દેવી તે **પુરસ્સરં સંસ્તુતા જયાદેવી**—પુર્વક સ્તુતિ કરેલી એવી જયાનામા **કુરૂતે શાંતિં નમતાં—(પાઠાંતરે કુરૂતે શાંતિ નિમિત્તં)** શ્રી શાં-તિનાથ પ્રતે નમસ્કાર કરનારાઓને શાંતિ પ્રતે કરે છે. (પાઠાંતરે) શાંતિનું હેતુ તેને કરેછે

**નમો નમ: શાંતયે તસ્મૈ ॥૧૫॥**—તે શાંતિનાથ પ્રતે વારંવાર નમસ્કાર થાઓ ॥૧૫॥

**ઇતિ પૂર્વ સૂરિ દર્શિત**—એ પ્રમાણે પૂર્વાચાર્યે બતાવેલા એવા **મંત્ર પદ વિદર્ભિત: સ્તવ: શાંતે:**—મંત્ર પદ એટલે મંત્રાક્ષર બીજ તેણે વિરચિત શ્રી શાંતિનાથજીનું સ્તવ જેતે

**સલિલાદિભય વિનાશી**—પાણી આદિકના ભયનો નાશ કરનાર **શાંત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ॥૧૬॥**—અને ભક્તિમાન પુરૂષોને શાંતિ સુખ ઈત્યાદિ કરનારો થાઓ ॥૧૬॥

**યશ્ચૈનં પઠતિ સદા**—વળી જે માણસ આ સ્તવને ભણેછે **શૃણોતિ ભાવયતિ વા યથાયોગં**—યોગ ઠેકાણે રાખીને જે બીજા પાસેથી સાંભળેછે અથવા મનમાં સ્મરણ કરેછે

**સહિ શાંતિ પદં યાયાત્**—તે પુરૂષ નિશ્ચય શાંતિનું સ્થાનક તેને પામે **(પાઠાંતરે) શિવ શાંતિ પદં યાયાત્**—અથવા પાઠાંતરે કલ્યાણ અને શાંતિનું સ્થાનક પામે

**સૂરિ શ્રી માનદેવશ્ચ ॥૧૭॥**—શ્રી માનદેવ સૂરિ પણ શાંતિ પદને પામે એમાં કર્તાનું નામ સુચવ્યું છે ॥૧૭॥

**ઉપસર્ગા: ક્ષયં યાંતિ**—ઉપસર્ગો ક્ષય પામે છે
**च्छिद्यन्ते विघ्नवल्लय:**—વિઘ્ન રૂપિ વેલો તે પણ છેદાય છે
**મન: પ્રસન્નતામેતિ**—મન પ્રસન્નતા પ્રતે પામેછે
**પૂજ્યમાને જિનેશ્વરે ॥૧૮॥**—જિનેશ્વર ભગવાન તે પૂજેછતે ॥૧૮॥
**સર્વ મંગલ માંગલ્યં**—સર્વ માંગલ્ય માંહે માંગલીક એવું વળી
**સર્વ કલ્યાણ કારણં**—બધા કલ્યાણનું કારણ
**પ્રધાનં સર્વ ધર્માણાં**—સર્વ ધર્મમાં મુખ્ય એવું
**જૈનંજયતિ શાસનં ॥૧૯॥**—જૈન શાસન જયવંતુ વર્તેછે ॥૧૯॥

# ॥४७॥ अथ चउक्कसायप्रारंभ ॥

**ચઉક્કસાય પડિમલ્લુલ્લૂરણુ**—ચાર કષાય રૂપ જે વેરી તેના ઉચ્છેદનાર એટલે ટાળનાર
**દુજ્જય મયણ બાણ મુસુમૂરણૂ**—દુ:ખે જીતાય એવા કામદેવનાં બાણુના ભાગનાર છે
**સરસ પિઅંગુવન્નુ ગયગામિઉ**—પાકી રાંયણના ઝાડના જેવા નીલા શરીરના રંગવાળા, વળી હાથીના જેવી ગતિવાળા.
**જયઉ પાસુ ભુવણુત્તય સામિઉ ॥૧॥**—ત્રણભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ મહારાજ જયવંતા વર્તો ॥૧॥
**જસુતણુકંતિ કડપ્પ સિણિદ્ધઉ**—જેના શરીરની કાંતીની સમુહસ્નિગ્ધછે
**સોહઈ ફણમણિ કિરણાલિદ્ધઉ**—નાગેંદ્રની મણી=રતનનાં કિરણે કરી વ્યાપ્ત શોભે છે
**નં નવ જલહર તડિલ્લય લંછિઉ**—વિજળીની લતાએ કરીને સહિત જેમ નવો મેઘ શોભેછે તેમ તે કાંતિ સમુહે શોભે છે
**સોજિણુ પાસુ પયચ્છઉ, વંછિઉ ॥૨॥**—તે પાર્શ્વનાથ મારા વંછિત પ્રતે આપો ॥૨॥

# ॥ ૪૮ ॥ अथ भरहेसरनी सझाय.

**ભરહેસરબાહુબલી**—શ્રી ભર્તેશ્વર તથા બીજા બાહુબળી
**અભયકુમારો અ ઢંઢણ કુમારો**—ત્રીજા અભયકુમાર તે શ્રેણિકરાજાના પુત્ર વળી ચોથા કૃષ્ણ રાજાના પુત્ર ઢંઢણકુમાર
**સિરિઓ અણિયાઉત્તો**—શ્રી થુળીભદ્રના નાનાભાઈ શ્રીક, એ પાંચમા. છઠ્ઠા અનિકાપુત્ર આચાર્ય જે ગંગાનદી ઉતરતાં કેવળજ્ઞાન પામ્યા તે.
**અઇમુત્તો નાગદત્તોઅ ॥૧॥**—અતિમુક્ત જેણે છવર્ષની અવસ્થામાં શ્રી વીર પાસેથી દીક્ષા લીધી વળી નાગદત્ત કોઈ એક શેઠના પુત્ર અદત્તાદાનના ત્યાગી જાણવા ॥૧॥
**મેઅજજ થૂલિભદ્દો**—મેહતારજમૂનિ જેને શરીરે સોનીએ વાધર વીંટી; શ્રીથૂલિભદ્રમુનિ જેમણે કોસ્યા વેશ્યાને ત્યાં ચોમાસું કીધું પણ અખંડ શીળ રાખ્યુ ને વેશ્યાને શ્રાવિકા કીધી
**વયર રિસી નંદિસેણ સીંહગિરી**—વજ્રરૂષિ એટલે વજ્ર સ્વામી, નંદિખેણજી જેણે વેશ્યાને ઘેર રહીને બારવરસ સુધી હરરોજ દસ દસ જણને પ્રતિબોધ્યા શ્રી સીંહગિરિજી મહારાજ જે વજસ્વામીના ગુરૂ
**કયવન્નો અ સુકોસલ**—કૃતવર્ણ કુમાર વળી સુકોશલ મુનિ જેમનું શરીર વાઘણીએ ભક્ષણ કીધું
**પુંડરિઓ કેસિકરકંડુ ॥૨॥**—શ્રી આદિનાથના પેહેલા ગણધર પુંડરિકજી કે જે ચૈત્રી પુનમે પાંચ કોડી મુની સાથે સિદ્ધગીરી ઉપર સિધ્યા કેશિકુમાર પરદેશી રાજાના ગુરૂ, કરકંડુ પ્રત્યેક બુદ્ધમુનિ જે વૃદ્ધ બળદ જોઇને સાન થયા ॥૨॥
**હલ્લ વિહલ્લ સુદંસણ**—હલ્યકુમાર વિહલ્યકુમાર એ બંને શ્રેણિક

રાજાના પૂત્ર. સુદર્શન શેઠ જેના શીલના પ્રભાવે શૂળિમાંથી સિંહાસન થયું
**સાલમાહાસાલ સાલિભદ્દોઅ**—સાલમુનિ તથા માહાસાલમુનિ એ બન્ને ગૌતમસ્વામીજીએ પ્રતિબોધ્યા, શાલિભદ્ર પ્રસિદ્ધ ભોગી
**ભદ્દો દસન્નભદ્દો**—ભદ્રબાહુ સ્વામિ ચઉદપૂર્વના જાણ દશાર્ણભદ્ર જે અતીશય રીદ્ધી લેઇને વીરભગવાનને વાંદવા આવ્યા ત્યાં સંજમ લીધું
**પસન્નચંદા અ જસભદ્દો ॥૩॥**—પ્રસન્નચંદ્રરાજરિષી જેણે રૌદ્રધ્યાનથી સાતમી નર્કનાં દલીયાં બાંધ્યાં, ને શુકલધ્યાનથી વિખેરીને કેવળજ્ઞાન પ્રગટ કીધું, શ્રીયશોભદ્રસૂરિ તે ભદ્રબાહુ સ્વામિના ગુરૂ જાણવા ॥૩॥
**જંબુપહુ વંકચુલો**—જંબુપ્રભુ સ્વામિ જે આઠસ્ત્રીઓ અને ૯૯ ક્રોડ દ્રવ્ય ત્યાગીને ચરિમ કેવળી થયા. વંકચુલરાજ કુમાર તે કર્મના વશ થકી ચોરના સ્વામિ થયાપછી સાધુએ દીધેલાં વ્રતપાલીને દેવલોક ગયા
**ગયસુકુમાલો અવંતિ સુકુમાલો**—ગજસુકુમાલ કૃષ્ણજીના નાનાભાઈ જે સોમલ સસરાના કરેલા અગ્નીના ઉપસર્ગ સહન કરીને દીક્ષાના દિવસેજ મોક્ષે ગયા, અવંતિ સુકુમાર જેનું શરીર શિયાલણીએ ભક્ષણ કીધું તોપણ ચારિત્ર ધર્મથી ન ચળ્યા જે નલિણી ગુલ્મવિમાને પોહોંચ્યા (નાટક કરતાં કેવળજ્ઞાન પામ્યા
**ધન્નો ઇલાઇપુત્તા**—ધન્નો તે શાલિભદ્રનો બનેવી. એલાચી પૂત્ર જે
**ચિલાઇપુતો અ બાહુમુણી ॥૪॥**—ચિલાતિ પુત્ર જેનું શરીર કીડીઓએ ચાયણી પ્રાય કીધું તોપણ ઉપશમ વિવેક અને સંવરના અર્થ વિચાર થકી ન ચૂક્યા તે અતિશય જ્ઞાન પામી સ્વર્ગવાસી થયા, વળી યુગ બાહુમુનિ ॥૪॥ (મિના શિષ્ય આર્ય મહારક્ષિકનાવ
**અજ્જગિરિ અજ્જરક્ખિઅ**—આર્ય મહાગિરિજી થુલિભદ્ર સ્વા-
**અજ્જસુહથ્થી ઉદાયગો મણુગો**—આર્ય સુહસ્તિ સૂરિ થુલિભદ્રજીના

શિષ્ય. ઉદાઈ રાજા જે ભગવતીસૂત્રમાં પ્રસિદ્ધછે. મનક પૂત્ર જેને વાસ્તે દશવૈકાલિકસૂત્ર નીપન્યું

**કાલયસૂરિ સંબો**—કાલિકાચાર્ય શ્રીપન્નવણા સૂત્રના કર્તા નિગોદસ્વરૂપના વક્તા, સાંબકુમાર અંબવતીના પુત્ર

**પજ્જુન્નો મુલદેવો અ ॥૫॥**—રૂકિમણીના પૂત્ર પ્રધુમ્નકુમાર, મૂલદેવરાજા જેણે તપસ્વિ સાધુને નિર્દોષ અડદ દીધા ॥૫॥

**પભવો વિન્હુકુમારો**—પ્રભવસ્વામિજી જેમને જંબુસ્વામિએ પ્રતિબોધ્યા, વિષ્ણુ કુમાર જેણે શ્રી સંઘને કારણે લાખ જોજનનું રૂપ વિકોરવ્યું

**અદ્દકુમારો દઢપ્પહારીઅ**—આર્દ્રકુમાર જે પુર્વ ભવે સંજમ વિરાધવાથી અનાર્યદેશમાં ઉપજ્યા અને અભય કુમારે મોકલેલી જીન પ્રતિમા દેખીને પૂર્વ ભવ સાંભર્યો ને સાધુ થયા, દઢપ્રહારીચોર, ચાર હત્યાના કરનાર મુનિ થઈ મોક્ષે ગયા અને

**સિજ્જંસ કુરગડુઅ**—શ્રેયાંસકુમાર જેણે શ્રી રિષભદેવને સેલડીના રસનું દાન દીધું કૂરગડુ સાધુ જેણે ગુરૂનું થુંક તે સહીત ખીચડી ખાતાં કેવળજ્ઞાન ઉપાર્જ્યું

**સિજ્જંભવ મેહકુમારોઅ ॥૬॥**—શ્રી જંભવ આચાર્ય જેણે પૂર્વથકી શ્રી દસવૈકાલિક સૂત્ર ઉદ્ધરયું અને મેઘકુમારશ્રેણીક રાજાના પુત્રને- શ્રીવીરપ્રભુજીએ પૂર્વનો ભવ સંભળાવીને સંજમમાં સ્થિરકીધો ॥૬॥

**એમાઈ મહાસત્તા**—ઇત્યાદિક બીજા પણ મોટા સત્વના ધરનારા એટલે મોટા પરાક્રમી પુરૂષો ( એવા મને સુખ આપો

**દિંતુસુહં ગુણગણેહિં સંજુત્તા**- જ્ઞાનાદિ ગુણોના સમૂહે કરી સહીત

**જેસિં નામગ્ગહણે**—જેમના નામ લેવાથી

**પાવપબંધા વિલયજંતિ॥૭॥**—પાપના સમૂહ તે વિનાશ પામેછે॥૭॥

**સુલસા ચંદનબાલા**—સુલસા શ્રી વીરસ્વામીની મુખ્ય શ્રાવિકા ચંદનબાલા શ્રી વીરસ્વામીની પ્રથમ સાધવી

**મણોરમામયણરેહા દમયંતી**-મનોરમા સુદર્શન શેઠની ભાર્યા, મદન રેખા નમિરાજર્ષીની માતા, દમયંતી નળરાજાની રાણી,

**નમયા સુંદરી સીયા**—નર્મદા સુંદરી, સીતાસતિ,

**નંદા ભદ્દાસુભદ્દાય ॥૮॥**—નંદાઅભયકુમારનીમાતા, ભદ્રા શેઠાણી સાલીભદ્રની માતા, વળી બીજી એવંતીસુકુમારની માતાપણ જાણવી; સુભદ્રા જેણે કાચે તાંતણે ચારણી બાંધી કુવામાંથી જળ કાઢી ચંપા નગરીની પોળ ઉઘાડી તથા બીજી સુભદ્રા કૃષ્ણજીની ઓરમણ બેન થાય ॥૮॥

**રાય મઈરિસિદત્તા**—રાજીમત્તી જેણે ગિરિગુફામાં સંજમથી પડતા રહનેમિને સુભાષિત વચને સ્થિર કીધો અને ઋષિ દત્તા

**પઉમાવઇ અંજણા સિરીદેવી**—પદ્માવતી કરકંડુજીની માતા, અંજના સુંદરી, હનુમંતવીરની માતા. શ્રીદેવી અતિમુક્ત કુમારની માતા.

**જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઈ**—જયેષ્ટા, સુજયેષ્ટા, મૃગાવતી,

**પભાવઈ ચિલ્લણા દેવી ॥૯॥**—પ્રભાવતી, ચિલણા રાણી. એ પાંચે ચેલ્લારાજાની પુત્રીઓ જાણવી ॥૯॥

**બંભી સુંદરી રૂપ્પિણિ**—બ્રાહ્મી ભરતની બેન, સુંદરી બાહુબળની બેન, રૂક્મિણી જેણે વજ્રસ્વામીની પાસે કુમારીકાપણે દીક્ષા લીધી.

**રેવઇ કુંતી સિવા જયંતીય**—રેવતી શ્રાવિકા જેણે ભગવાનને કોલા પાક વહોરાવ્યો, કુંતી પાંડવોની માતા, શિવા તે ચેડારાજાની પુત્રી, જયંતી તે શ્રી વીરસ્વામીની શ્રાવિકા.

**દેવઇ દોવઇ ધારણી**—દેવકી, શ્રી કૃષ્ણજીની માતા, દ્રૌપદી, પાંડવોની સ્ત્રી, ધારણી, ચંદનબાલાની મા. બીજી વળી મેઘકુમારની

મા ત્રીજી જંબુકુમારની મા.

**કલાવઈ પુફ્ફચૂલાય ॥૧૦॥**—કલાવતી, શીલને પ્રભાવે જેના કાપેલા હાથ નવા થયા. પુષ્પચૂલા, અનીકાપુત્ર આચાર્યની ભક્તિના ઉલાસથી જેણે કેવળજ્ઞાન પામ્યું ને જે વરસાદ વરસેઅહારલાવી ॥૧૦॥

**પઉમાવઈ ય ગોરી**—પદ્માવતી, ગોરી,

**ગંધારી લખ્ખમણા સુસીમાય**—ગંધારી, લક્ષ્મણા, સુસીમા.

**જંબુવઈ સચ્ચભામા**—જંબુવતી, સત્યભામા.

**રૂપ્પિણિ કન્હટ્ઠ મહિસીઓ ॥૧૧॥**—રૂકિમણિ, શ્રી કૃષ્ણની એ આઠ પટરાણીઓ છે ॥૧૧॥

**જખ્ખાય જખ્ખદિન્ના**—જક્ષા, યક્ષદિન્ના. (દિન્ના વળી.

**ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના ય,**—ભૂતા. તથા વળી નિશ્ચે ભૂત

**સેણા વેણા રેણા**—સેના, વેણા, રેણા એ સાત.

**ભયણીઓ થૂલિભદ્દસ્સ॥૧૨॥**—શ્રીસ્થુલિભદ્રજીની બેનો જાણવી ૧૨.

**ઇચ્ચાઈ મહાસઇઓ**—ઇત્યાદી મોટી સતીઓ.

**જયંતિ અકલંક સીલ કલિઆઓ**—જયવંતી છે, અને નીરમળ, શીલગુણે કરીને સહીત છે.

**અજ્જવિ વજ્જઇ જાસિં**—વળી જેના આજ પણ વાગે છે.

**જસ પડહો તિહુઅણે સયલે ॥૧૩॥**—આ સકળ ત્રીભુવનને વિષે જશના ડંકા વાગી રહ્યા છે. ॥૧૩॥

# ॥ ૪૧ ॥ अथ विशाल लोचन. ॥

**વિશાલલોચનદલં**—વિશાળ નેત્ર રૂપ પત્ર છે જેમાં.

**પ્રોદ્યદ્દંતાંશુકેસરં**—વળી અત્યંતઝળહળતા એવા દાંતના કીરણ રૂપ કેસર સુગંધના કણીઆ છે જેને વિષે એવું.

**પ્રાતર્વીર જિનેંદ્રસ્ય**—પ્રભાત સમયે શ્રી વીરસ્વામિનું.

**મુખ પદ્મં પુનાતુ વઃ ॥૧॥**—મુખ રૂપી કમલ તમને ભવ્ય જીવોને પવિત્ર કરે ॥૧॥

**યેષામભિષેક કર્મ કૃત્વા**—જેઓના અભિષેકનું કામ કરીને.

**મત્તા હર્ષભરાત્ સુખં સુરેંદ્રાઃ**—હરખના સમુહથી માતા એવા દેવતાઓના ઇંદ્ર સ્વર્ગના સુખને

**તૃણમપિ ગણયંતિ નૈવનાકં**—તૃણ માત્ર પણ ગણતા નથી.

**પ્રાતઃ સંતુ શિવાય તે જિનેંદ્રાઃ ॥૨॥**—પ્રભાત સમયે તે તિર્થંકર દેવો કલ્યાણને અર્થે થાઓ. ॥૨॥

**કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં**—કલંક રહિત એવું અને નથી મુકાઇ પૂર્ણતા જેની એટલે સંપૂર્ણ.

**કુતર્કરાહુગ્રસનં સદોદયં**—કુતર્ક કરનારા એવા જે પરદરશની રૂપ રાહુ તેને ભક્ષણ કરનાર એવું તથા હમેશાં ઉદય છે એવું.

**અપૂર્વચંદ્રંજિનચંદ્રભાષિતં**—અપૂર્વચંદ્ર જેવું જીનચંદ્ર સંબંધી ભાષિત જે આગમ.

**દિનાગમે નૌમિ બુદ્ધૈર્નમસ્કૃતં ॥૩॥**—પંડિત પુરૂષોએ નમસ્કાર કરેલા આગમ પ્રતે પ્રભાત સમયે હું સ્તવુંછું. ॥૩॥

## ॥ ५० ॥ अथ मन्हजिणाणं सज्झाय ॥

**મન્હ જિણાણં આણં**—જીનેશ્વર ભગવાનની આજ્ઞાને માનવી.

**મિચ્છં પરિહરહ ધર સમ્મત્તં**—મિથ્યાતનો ત્યાગ કરવો અને સમક્તિને ધારણ કરવું.

**છવ્વિહ આવસયંમિ**—છ પ્રકારના આવસ્યકમાં.

**ઉજ્જુતો હોઇ પઈ દિવસં ॥૧॥**—પ્રતિ દિવસ ઉદ્યમવંત હોય ॥૧॥

**પવ્વેસુ પોસહવયં**—પર્વ દીવસને વિષે પોષધ વ્રત,
**દાણં સીલં તવોઅ ભાવોઅ**—દાન શીયળ તપ અને ભાવના.
**સજ્ઝાય નમુક્કારો**—સ્વાધ્યાય અને નમસ્કાર.
**પરોવયારો અ જયણા અ ॥૨॥**—પરોપકાર અને વળી જતના રાખે.૨
**જિણપૂઆ જિણથુણિણં**—જીનેશ્વર ભગવાનની પૂજા અને જીનેશ્વર ભગવાનની સ્તુતિ,
**ગુરૂ થુઅ સાહમ્મિ આણવચ્છલ્લં**—ગુરૂની સ્તુતિ અને સાધરમીઓને વાત્સલ્ય.
**વવહારસ્સય સુદ્ધિ**—વ્યવહારની શુદ્ધિ,
**રહજુત્તા તિથ્થજુત્તાય ॥૩॥**—રથ યાત્રા અને તીર્થ યાત્રા સહિત.૩
**ઉવસમ વિવેક સંવર**—ઉપશમ, વિવેક, અને સંવર.
**ભાસા સમિઈ છ જીવ કરૂણાય**—ભાષા સમિતી અને છકાયની રક્ષા.
**ધમ્મિઅ જણસંસગ્ગો**—ધાર્મિક માણસનો સંસર્ગ.
**કરણ દમો ચરિણ પરિણામો ॥૪॥**—ઇંદ્રિઓનું દમવું અને ચારિત્રનો પરિણામ ॥૪॥
**સંઘોવરિ બહુમાણો**—શ્રી સંઘ ઉપર બહુમાન.
**પુથ્થય લિહણં પભાવણા તિથ્થે**—પુસ્તક લખાવવું અને તીર્થમાં પ્રભાવના કરવી,
**સઢ્ઢાણ કિચ્ચ મેઅં**—શ્રાવક લોકોનાં આ કૃત્ય છે.
**નિચ્ચં સુગુરૂ વએશેણં ॥૫॥**—તે નિત્ય સુગુરૂના ઉપદેશથી જાણી લેવું ॥૫॥

## ॥ ५१ ॥ अथ पोसहनुं पच्चरव्खाण ॥

**કરેમિભંતે પોસહં**—હે ભગવંત હું પોષધ વ્રત કરૂંછું.

**આહાર પોસહં દેસઓ સવ્વઓ**—આહારનો પોષધ દેશથકી તથા સર્વે થકી એટલે અપવાસ તથા એકાશણું કરવાથી
**સરીર સક્કાર પોસહં સવ્વઓ**—શરીરનો સત્કાર પોષધ સર્વેથકી એટલે શરીરને બીલકુલ સમારવું નહીં;
**બંભચેર પોસહં સવ્વઓ**—બ્રહ્મચર્યનો નિયમ સર્વ થકી;
**અવ્વાવાર પોસહં સવ્વઓ**—અવ્યાપારનો નિયમ સર્વેથકી;
**ચઉવ્વિહે પોસહં ઠામિ**—ચાર પ્રકારના પોસા વડે હું રહુછું
**જાવદિવસં અહોરત્તં પજ્જુવાસામિ**—આખો દિવસ અથવા રાત દિવસ પુજા કરૂં એટલે પાળુ
**દુવિહં તિવિહેણં**—બે કરણ ને ત્રણ જોગવડે
**મણેણં વાયાએ કાએણં**—મન વચનને કાયાના ત્રણ જોગવડે
**નકરેમિ નકારવેમિ**—ન કરૂં અને નહીં કરાવું એ બે કરણથી
**તસ્સ ભંતે પડિક્કમામિ**...તેથી હે ભગવંત હું પ્રતિક્રમુંછું
**નિંદામિ ગરિહામિ**—નિંદુછું અને ગુરૂ સાખે વધારે નિંદુછું
**અપ્પાણં વોસિરામિ ॥૧॥**—આત્માને હું વોસિરાવુંછું ॥૧॥

# ॥ ૫૨ ॥ अथ पोसह पारतांगाथा ॥

**સાગરચંદો કામો**—સાગરચંદ અને કામદેવ,
**ચંદવડિંસો સુદંસણો ધન્નો**—ચંદ્રાવતંસક,સુદરશણ શેઠ અને ધન્નાજી
**જેસિં પોસહ પડિમા**—જેની પોષધ પ્રતિમા
**અખંડિયા જીવિયંતેવિ ॥૧॥**—જીવિતના અંતસુધી પણ અખંડિત રહી એટલે મર્ણાન્ત કષ્ટ આવે છતે પણ લગાર માત્ર પણ ડગ્યા નહીં ॥૧॥ (લાયક છે
**ધન્ના સલાહણિજ્જા**—ધન્યછે તે પુરૂષોને અને તેઓ વખાણવા

**સુલસાઆણંદકામદેવાય**—સુલસા શ્રાવિકા, આણંદ અને કામદેવ નામે શ્રાવક.

**જેસિં પસંસઇ ભયવં દૃઢવ્વયંતં મહાવીરો ॥૨॥**—જેમને ભગવાન મહાવીર સ્વામિ દૃઢ વ્રતને સારૂ વખાણે છે ॥૨॥

**પોસહ વિધિં લીધું વિધિં પારિઉં વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હુઈ તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥ ઈતિ ॥**

## ॥ ५३ ॥ श्रीजगचिंतामणि ॥

**જગચિંતામણિ જગનાહ**—જગતના જીવોના મનોવાંછિત પુરવા માટે ચિંતામણિ રત્ન જેવા અને જગતના નાથ

**જગગુરૂ જગરખ્ખણ**—જગતના જીવોને હિતોપદેશ દેવાથી જગતના ગુરૂ અને જગતના જીવોના રક્ષક

**જગબંધવ જગસથ્થવાહ**—જગતના જંતુના મોહોટા વિવેકવંત ભાઈ અને મોક્ષાભિલાષિ સાધુ પ્રમુખના સાર્થવાહછે

**જગભાવ વિઅખ્ખણ**—જગત એટલે ષડ દ્રવ્ય તથા જિવાદિક નવ પદાર્થોના રહસ્ય દર્શાવવાને વિશે વિચક્ષણ એટલે ડાહ્યા છે

**અટ્ઠાવય સંઠવિય**—અષ્ટાપદ પર્વતની ઉપર ભરતેશ્વરે સંસ્થાપિત કર્યાછે

**રૂવકમ્મટ્ઠવિણાસણ**—રૂપ એટલે બિંબ જેનાં. વળી જ્ઞાનાવરણાદીક આઠ કર્મોનો કીધોછે વિનાશ જેણે

**ચઉવીસંપિજિણવર**—એવા ચોવિશે જિનવર નિશ્ચય

**જયંતુ અપ્પડિહયસાસણ ॥૧॥**—વળી કોઇથી રોકાય નહી એવો ઉપદેશછે જેનો એવા તિર્થંકર દેવો જયવંતા વર્તો ॥૧॥

**કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં**—અસિ, મષી અને કૃષિ રૂપ કર્મજી-

હાં વર્તેછે એટલે એ ત્રણથી આજીવિકા ચાલેછે તેને કર્મભૂમિકા કહીએ તે કર્મભૂમિના પંદર ક્ષેત્રને વિશે

**પઢમ સંઘયણિ**—પ્રથમ સંઘયણ વજ્રરૂષભનારાચ તેના ધણી એવા

**ઉક્કોસય સત્તરિસય**—ઉત્કૃષ્ટપણે એકસો સીતેર

**જિણવરાણ વિહરંત લબ્ભઈ**—તિર્થંકર દેવો વિચરતા લાભે

**નવકોડિહિં કેવલિણ**—નવકોડિ કેવળજ્ઞાની મહારાજા [જાણીએ

**કોડિસહસ્સનવસાહુગમ્મઈ**—નવ હજાર કોડિ સાધુ જિનાગમથી

**સંપઈ જિણવર વીસમુણિ**—સંપ્રતિ એટલે હાલમાં શ્રી મંધરસ્વામિ પ્રમુખ વીશજિનવર વિચરતા પામીએ અને મુનિ

**બિહુ કોડિહિં વરનાણ**—એકોડિ અને પ્રધાન કેવલજ્ઞાનના ધરનાર

**સમણહ કોડિ સહસ દુઅ**—બે સહસ્રકોડિ શ્રમણ સાધુ વિચરેછે તે સર્વને

**થુણિજિઅ નિચ્ચ વિહાણિ ॥૨॥**—સ્તવિએ નિત્ય પ્રભાતે સ્તવન કરીએ ॥૨॥

**જયઉસામી જયઉસામી**—જયવંતા વર્તો, સ્વામી જયવંતા વર્તો

**રિસહ સત્તુંજિ**—સ્વામિ રિષભદેવ શ્રી શત્રુંજય તીર્થે ઉપર

**ઉજ્જિજંત પહુ નેમિજિણ**—શ્રી ગીરનારજી ઉપર શ્રીનેમિજીન પ્રભુ

**જયઉ વીર સચ્ચઉરિ મંડણ**—સત્યપુરી એટલે સાચોર નગર તેના આભુષણ રૂપ શ્રી મહાવીરસ્વામી જયવંતા વર્તો

**ભરૂઅચ્છહિં મુણિસુવ્વય**—શ્રી ભરૂચશેહેરમાં શ્રીમુનિસુવ્રતસ્વામિ

**મુહરિપાસ દુહદુરિઅ ખંડણ**—મુહરિ ગામના નાયક શ્રી પાર્શ્વનાથ એ જિનપંચક દુખ અને દુરિતનો નાશ કરનાર છે.

**અવર વિદેહિં તિત્થયરા**—બીજા પાંચ મહાવીદેહને વિષે જે તિર્થંકરો

**ચિહુ દિસિ વિદિસિ જિંકેવિ**—ચાર દિશાઓ અને ચારવિદિશાઓ એટલે ખુણાઓમાં જે કોઈપણ

**તીઆણાગય સંપઈઅ**—અતિત, અનાગત અને સંપ્રતિ એટલે વર્તમાનકાળ એ ત્રણુકાળ સંબંધિ

**વંદું જિણસવ્વેવિ ॥૩॥**—સર્વ તિર્થંકર દેવને હું વાંદુંછું ॥૩॥

**સત્તાણુવઈ સહસ્સા, લખ્ખાછપ્પન્નઅઠુકોડીઓ, બત્તીસ બાસિઆઈં (પાઠાંતરં) બત્તીસય બાસિઆઈં, તિઅલોએ ચેઇએવંદે ॥૪॥**—આઠક્રોડ, છપનલાખ સત્તાણું હજાર અને બત્રીસેનેબ્યાશી ત્રણલોકને વિષે સર્વ જિનપ્રાસાદ પ્રતે હું વાંદુંછું ॥૪॥

**પનરસકોડિ સયા ઇં**—પંદરસેં ક્રોડ અને

**કોડીબાયાલ લખ્ખ અડવન્ના**—બેતાલીસક્રોડ અઠ્ઠાવનલાખ

**છત્તીસ સહસ અસિઈ (પાઠાંતરં)**—છત્રીશહજારને એંશી

**અસિઆઇં**—(૧૫૪૨૫૮૩૬૦૮૦) એટલા જિનપ્રાસાદમાં

**સાસય બિંબાઈં પણમામિ ॥૫॥**—શાશ્વતાં જિનબિંબ છે તે સર્વ પ્રતે હું પ્રણમું છું ॥૫॥

# ॥ ૯૪ ॥अथ श्री महावीरजिनछंद॥

**સેવો વીરને ચિત્તમાં નીત્ય ધારો, અરિક્રોધને મનથી દુરવારો. સંતોષ વૃત્તિ ધરો ચિત્તમાંહીં રાગદ્વેષથી દુરથાઓ ઉછાંહિં ॥૧॥ પડયા મોહના પાસમાં જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી મનુ જન્મ પામી વૃથા કાં ગમોછો, જૈનમાર્ગ છંડીભુલા કાંભમોછો ॥૨॥ અલોભીઅમાની નીરાગી તજોછો, સલોભીસમાનીસરાગી ભજોછો; હરિહરાદિ અન્યથી શું રમોછો, નદી ગંગ મુકી ગલીમાં પડોછો ॥૩॥ કેઈદેવ હાથે અસિ ચક્ર ધારા, કેઈદેવ ઘાલે ગળે રૂંઢમાલા; કેઈદેવ ઉત્સંગે રાખેછે વામા, કેઈદેવ સાથે રમે વૃંદરામા ॥૪॥ કેઈદેવ જપે લેઈજપમાલા, કેઇ માંસ ભક્ષી મહા**

વીકાળા; કેઇ યોગિણી ભોગિણી ભોગ રાગે, કેઈ રૂદ્રાણી છાગનો હોમ માગે ॥૫॥ ઈસા દેવ દેવી તણી આસ રાખે, તદા મુક્તિનાં સુખને કેમ ચાખે; જદા લોભના થોકનો પાર નાવ્યો, તદા મધનો બિંદુઓ મન્ન ભાવ્યો ॥૬॥ જેહ દેવલાં આપણી આશ રાખે, તેહ પિંડને મન્નશું લેઅ ચાખે; દીન હીનની ભીડ તે કેમ ભાજે, ફુટો ઢોલ હોયે કહો કેમ વાજે ॥૭॥ અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષ દાતા. અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા, રત્નચિંતામણિ સારીખો એહ સાચો, કલંકી કાચના પિંડશું મત રાચો ॥૮॥ મંદ બુદ્ધિ શું જેહ પ્રાણી કહેછે, સવિ ધર્મ એકત્વ ભૂલો ભમેછે, કીહાં સર્ષવાને કીહાં મેરૂ ધીરં, કીહાં કાયરાને કીહાં શૂરવીરં ॥૯॥ કીહાં સ્વર્ણ થાલં કીહાં કુંભ ખંડં, કીહાં કોદ્રવાને કીહાં ખીરમંડં; કીહાં ખીરસિંધુ કીહાં ક્ષાર નીરં, કીહાં કામધેનુ કીહાં છાગખીરં ॥૧૦॥ કીહાં સત્ય વાચા કીહાં કુડવાણી, કીહાં રંક નારી કીહાં રાયરાણી; કીહાં નારકીને કીહાં દેવ ભોગી, કીહાં ઇંદ્ર દેહી કીહાં કુષ્ટ રોગી ॥૧૧॥ કીહાં કર્મ ઘાતી કીહાં કર્મ ધારી, નમો વીરસ્વામી ભજો અન્ય વારી; જિસી સેજમાં સ્વપ્નથી રાજ્યપામી, રાચે મંદબુદ્ધિ ધરી જેહ સ્વામી ॥૧૨॥ અથિર સુખ સંસારમાં મન માચે. તે જના મૂઢમાં શ્રેષ્ટ શું ઈષ્ટ છાજે; તજો મોહમાયા હરો દંભ રોશી, સજો પુણ્ય પોશી ભજો તે અરોશી ॥૧૩॥ ગતિ ચાર સંસાર અપાર પામી, આવ્યા આશ ધારી પ્રભુ પાય સ્વામી; તુંહીં તુંહીં તુંહીં પ્રભુ પર્મ રાગી, ભવ ફેરની શૃંખલા મોહ ભાગી ॥૧૪॥ માનીએ વીરજી અર્જ છે એક મોરી, દીજે દાસકું સેવના ચરણ તોરી; પુન્ય ઉદય હુઓ ગુરૂ આજ મેરો, વિવેકે લહયો મેં પ્રભુ દર્શ તેરો ॥૧૫॥ ઈતિ શ્રી મહાવીરજિન છંદ

## ॥ ५५ ॥ अथ गणधर स्तवन लिख्यते ॥

એકાદશ ગણધરનાં નામ, પ્રેહુઉઠીનેં કરૂં પ્રણામ; ઇંદ્રભૂતિ પહેલો તે જાણ, અગ્નિ ભુતિ બીજો ગુણ ખાણ ॥૧॥ વાયુભુતિ ત્રીજો જગ સાર, ગણધર ચોથો વ્યક્ત ઉદાર; શાસનપતિ સુધર્માસાર, મંડીત નામે છઠ્ઠો ધાર ॥૨॥ મૌર્ય પુત્ર તે સાતમો જેહ, અકંપિત અષ્ટમ ગુણ ગેહ; મુનિવર માંહી જે પ્રધાન, અચલભ્રાત નવમો એ નામ ॥૩॥ નામ થકી હોય કોડી કલ્યાંણ, દશમો મેતારજ અવિરલ વાણ; એકાદશમો પ્રભાસ કહેવાય, સુખસંપત્તિ જસ નામેં થાય ॥૪॥ ગાયા વીર તણા ગણધાર, ગુણમણિ રયણ તણા ભંડાર; ઉત્તમ વિજયગુરૂનો શિષ્ય, રત્ન વિજય વંદે નિશદિસ ॥૫॥ ઇતિ॥

## ॥ अथ देवासिप्रातिक्रमणविधि ॥

૧ પ્રથમ સામાયિક લિજે ( ૧૯ મા સુત્ર પ્રમાણે )
૨ પછી પાણી વાપર્યું હોય તો મુહપત્તી પડિલેહવી
૩ આહાર વાવર્યો હોયતો વાંદણાં બે દેવાં ત્યાં બીજા વાંદણામાં આવસીઆએ પાઠ ન કહેવો
૪ યથાશક્તિ પચ્ચખાણ કરવું
૫ ખમાસણું દેઈ ઇછા કારેણ૦ કહી વડેરા અથવા પોતે ચૈત્યવંદન કહિને પછી જંકિંચિ કહી
૬ નમુથ્થુણં કહી ઉભા થઈને અરિહંતચેઇયાણં કહિને

એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત૦ કહીને પ્રથમ થોય કહેવી પછી

૭ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઇયાણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને બીજી થોય કહેવી પછી

૮ પુખ્ખરવરદી કહી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦એક નવકારનો કાઉસ્સગ્ગપારીત્રીજી થોયકહેવી પછી

૯ સિદ્ધાણં બુદ્ધાણં કહી વૈયાવચ્ચ ગરાણં કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦ પછી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત૦ કહી ચોથી થોય કહેવી

૧૦ પછી બેસીને નમુથ્થુણં કહેવું પછી

૧૧ ચારખમાસણ દેવા પૂર્વક ૧ ભગવાન, ૨ આચાર્ય, ૩ ઉપાધ્યાય, ૪ સર્વ સાધુ, પ્રત્યે થોભવંદન કરીયે પછી

૧૨ ઈચ્છા કારેણ દેવસિ પ્રતિક્રમણે ઠાઉં એમ કહી જમણો હાથ ચવલા કટાસણા ઉપર થાપીને ઇચ્છં સવ્વસ વીદેવસિઅ કહેવું પછી

૧૩ ઉભા થઇ કરેમિભંતે ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ તસ્સ ઉત્તરી કહી પછી.

૧૪ અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને પછી

૧૫ લોગસ્સ કહેવો પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં

૧૬ પછી ઉભા થઈને ઇચ્છાકા૦ દેવસિઅં આલોઉં ઇચ્છં આલોએમિ જોમે દેવસિઓ કહીને

૧૭ પછી સાતલાખ કહેવા પછી અઢાર પાપસ્થાનક આલોઇને

૧૮ સવ્વસ્સવિ દેવસિઅં—દુચ્ચિંતિઅ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ઇચ્છં તસ્સમિચ્છામિ દુક્કડં કહેવું

૧૯ બેસીને એક નવકાર ગણી કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિક્કમિઉં જોમેદેવસિઓ૦ કહીને

૨૦ વંદિતુ કહીને વાંદણાં બે દેવાં પછી

૨૧ અબ્ભુટ્ઠિઓહં અભ્ભિંતર દેવસિઅં ખામિને વાંદણાં બે દેવાં પછી ઉભા થઈ

૨૨ આયરિય ઉવઝાએ કહીને કરેમિ ભંતે ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં જોમે દેવસિઓ કહી તસ્સ ઉત્તરી કહી પછી

૨૩ બેલોગસ્સનો અથવા આઠનવકારનો કાઉસ્સગ્ગ પારીને

૨૪ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઇયાણં કહી એક લોગસ્સ અથવા ચારનવકારનો કાઉસ્સગ્ગ પારીને

૨૫ પુખ્ખર વરદી સુઅસ્સ ભગવઓ કરેમિ૦ વંદણ૦ એક લોગસ્સ અથવા ચારનવકારનો કાઉસ્સગ્ગ પારીને

૨૬ સિદ્ધાણં બુદ્ધાણં કહી સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં

એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્૦ કહી પુરૂષે સુઅદેવયાની પહેલી થોય અને સ્ત્રીયેં કમલદલની પહેલી થોય કહેવી પછી આદેશ લેઇ

૨૭ ખેત્ર દેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્ કહી ક્ષેત્ર દેવયાની થોય સ્ત્રીને તથા પુરૂપને કહેવી પછી

૨૮ પ્રગટ એક નવકાર ગણી બેસીને

૨૯ છઠ્ઠાઆવસ્યકની મુહપત્તી પડિલેહી બે વાંદણાં દીજે પછી

૩૦ ૧સામાયિક, ૨ ચઉવ્વિસથ્થો, ૩વંદણુ, ૪ પડિક્કમણું, ૫કાઉસ્સગ્ગ, ૬પચ્ચખ્ખાણ, કરયું છેજી, એછઆવસ્યકસંભારવાપછી

૩૧ ઇચ્છામો આણુસઠ્ઠીં કહી નમો ખમાસમણાણં કહી નમોર્હત્ કહીને પુરૂપ, નમોસ્તુવર્દ્ધનાનાય કહે, સ્ત્રી સંસાર દાવાની ત્રણ થોયો કહે

૩૨ નમુથ્થુણં કહી સ્તવન કહેવું પછી

૩૩ વરકનક કહી ભગવાન આદેં વાંદવા પછી

૩૪ જમણોહાથ ઉપધી ઊપર થાપી અઢ્ઢાઈજ્જેસુ કહેવું પછી

૩૫ દેવસિઅ પાયછિત્તનો કાઉસ્સગ્ગ ચારલોગસ્સનો અથવા સોલ નવકારનો કરવો તે કાઉસ્સગ્ગ પારી પછી

૩૬ પ્રગટ લોગસ્સ કહી બેસીને

૩૭ ખમાસમણુ બે દેઇ સઝાયનો આદેશ માગી એક નવકાર

ગણી સઝાય કરીયેં પછી એક નવકાર ગણીયેં

૩૮ પછે દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો સંપુર્ણ અથવા સોલ નવકારનો સંપૂર્ણ કરવો એ વડેરે અથવા પોતે પારીને નમોઽર્હત્ કહી લઘુશાંતિ કહેવી પછી

૩૯ પ્રગટ લોગસ્સ કહેવો પછી

૪૦ ઈરિયાવહી તસ્સ ઉત્તર કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો

૪૧ પછી ચઉક્કસાય નમુથ્થુણં કહી જાવંતિ બેકહીઉવસગ્ગહરં જયવીયરાય કહી મુહપત્તિ પડિલેહવી ઈછામિ૦ ઈછાકા૦ સામાયિક પારૂં યથાશકિત ઈછામિ૦ ઈછાકા૦ સામયિક. પાર્યું તહત્તિ કહી પછી

૪૨ જમણોહાથ ઉપધીઉપર થાપી એક નવકાર ગણીને સામાઈઅવયજુત્તો કહેવો પછી

૪૩ થાપેલી થાપના હોયતો એકનવકાર ગણી ઉઠે ॥ ઈતિ દેવસિપ્રતિક્રમણવિધિ ॥ બાકીઅંતરવિધિવડેરાથીસમજવો.

# ॥ अथ पडिलेहण करवानो विधि ॥

પુર્વ રીતે ઇરિયાવહિ પડિક્કમી જાવત લોગસ્સ કહી ઉભે પગે બેસી મુહપતિ કટાસણું ચવલો વસ્ત્ર કંદોરો આદે પડિલેહવાં પછી-કાજો કાહાડવો પછીકાજો કહાડનાર થાપનાની સામો ઉભો રહી ઈ-

રિયાવહિ પડિક્કમે પછીકાજો પઠવવા જગ્યા સેાિમ અણુજાણહજ-સ્સગ્ગે કહી કાજોપઠવે પછી વાર ૩ વોસિરે કહે ॥ ઈતિ પડિલેહણ કરવાની વિધિ ॥

# ॥ अथ देववांदवानोविधि ॥

પ્રથમ ઈરિયાવહિ પડિક્કમવાથી જાવત્ લોગસ્સ કહી પછે ઉ-ત્રાસણ નાંખી ચૈત્યવંદન કહી જયવીઅરાય અડધા કહે વલી બીજુ ચૈત્યવંદન કરે જાવત ચાર થોયો કહી નમુથ્થુણં એવું કહી બીજી ચાર થોયો કહે પછી નમુથ્થુણં કહી એજાવંતી સ્તવન કહી અડધા જયવીયરાય આભવમખંડા સુધી કહી પછે ચૈત્યવંદન કહી નમુથ્થુણં કહી આખા જયવીયરાય કહેવા સવારે દેવ વાંદવા તેહમાં મન્હજિ-ણાણંની સઝાય કહેવી બપોરે તથા સાંજે દેવ વાંદે તેહમાં સઝાય ન કહેવી ઈતિ ॥

# ॥ अथ राइप्रातिक्रमणविधि ॥

પ્રથમ પુર્વે રીતે સામાયક લીજે પછે કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ ૪ લોગસ્સનો અથવા ૧૬ નવકારનો કરી પારી પ્રગટ લોગ સ્સ કહેવો પછે ખમાસમણ દેઇ જગચિંતામણીનું ચૈત્યવંદન જયવિયરાય સુધી કહેવું ચાર ખમાસણાં દેઇ ભગવાન આચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુ પ્રત્યે વાંદવા ખમાસમણ એ દઈ સઝાયનો આદેશમાગી એક નવકાર ગણીને ભરહેસરની સઝાય કહીને નવ

કાર એક ગણવો પછે ઇચ્છકાર સુહરાઈ પાઠ કહેવો પછે ઈછાકા૦ રાઈ પ્રતિક્રમણે ઠાઉ કહીને જમણો હાથ ઉપધી ઉપર થાપીને

ઈછં સવ્વસવિરાઇય દુચિંતીય૦ કહી પછી નમુથ્થુણં કરેમિભં- તે કહી ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં તસ્સ ઉત્તરી કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પુખ્ખરવરદી૦ સુઅસ્સ૦ વંદણ૦ કહી અતિચારની આઠ ગાથાનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ પારી

સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા આવસ્યકની મુહપત્તી પડિલેહી વાંદણા બે દેવાં તિહાંથી તે અભ્ભુટ્ઠિઓ ખામિ વાંદણાં બે દીજે તિહાં સુધી દેવસિની રીતે પણ જે ઠેકાણે દેવ- સિયં આવેછે, તે ઠામેં રાઇયં કહેવું પછી આયરિયઉવઝાએ કરે- મિભંતે ઇછામિઠામિ કાઉસ્સગ્ગં તસ્સઉત્તરી કહી તપચિંતામણિ અથવા ચાર લોગસ્સનો અથવા સોળનવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને પ્રગટ લોગસ્સ કહી પછી છઠ્ઠા આવસ્યકની મુહપત્તી પડિલેહિને વાંદણાં બે દેવાં તે પછી તીર્થ વંદન કરવું તે પછી યથાશક્તિયેં પચ્ચખ્ખાણ કરવું ઇચ્છાકારેણ સંદીસહ ભગવાન સામાયિક ચઉવ્વિસથ્થો વંદણ પડિક્કમણું કાઉસ્સગ્ગ પચ્ચ- ખ્ખાણ કર્યું છે જી એ ૭ આવસ્યક સંભારવાં પછી પચ્ચખ્ખાણ

કર્યું હોયતો કર્યું છેજી કહેવું, ધાર્યું હોયતો ધાર્યું છેજી ઇમ કહેવું પ-છી ઈચ્છામોઅણુસટ્ઠિંનમો ખમાસમણાણું નમોઽર્હત્‌૦ કહીને પછી વિશાલલોચન કહીને નમુથ્થુણં કહી અરિહંત ચેઇયાણું કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્‌૦ કહી કલ્લાણ-કંદની પ્રથમ થોય કહેવી પછી

લોગસ્સ પુખ્ખરવરદિ, સિદ્ધાણું બુદ્ધાણું કહી અનુક્રમે ચાર થોયો કહીયેં છીયેં તિહાં સુધી સર્વ કહેવું પછી

નમુથ્થુણં કહી ભગવન આદિ ચારને ચાર ખમાસમણાં એ વાંદવા પછી

જમણો હાથ ઊપધી ઉપર થાપી અઢ્ઢાઈજ્જેસુ કહેવું પછી

સીમંધર સ્વામીનું ચૈત્યવંદન સ્તવન જયવીયરાય કાઉસ્સગ્ગ થોય પર્યંત કરવું પછી

ખમાસમણ પૂર્વક શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન સ્તવન જ-યવીયરાય કાઉસ્સગ્ગ થોય કહીયે ત્યાં સુધી કરવું

સામાયિક પારવાના વિધિની રીતે સામાયક પારવા સુધી કરવું

॥ ઇતિ રાઇ પ્રતિક્રમણની વિધિ

## ॥अथ समायिकना बत्रीशदोष लिख्यते॥

## ॥ मनना दशदोष. ॥

(૧) વૈરી દેખી રીસ કરે (૨) અવિવેક ચિંતવે (૩) અર્થ

ન ચિંતવે (૪) મનમાં ઉદ્વેગ ધરે (૫) યશની વાંછા કરે (૬) વિનય ન કરે (૭) ભય ચિંતવે (૮) વ્યાપાર ચિંતવે (૯) ફળનો સંદેહ રાખે (૧૦) નિયાણુ કરે.

## ॥ वचनना दशदोष ॥

(૧) કુવચન બોલે (૨) હુંકારા કરે (૩) પાપ આદેશ દીએ (૪) લવારો કરે (૫) કલહ કરે (૬) આવો, જાઓ કહે (૭) ગાળ બોલે (૮) બાલક રમાડે (૯) વિકથા કરે (૧૦) હાંસીકરે

## ॥ कायाना बारदोष ॥

(૧) આશન ચપળ (૨) ચારે દિશાએ જુએ (૩) સાવદ્ય કામ કરે (૪) આલસ મરડે (૫) અવિનયે બોલે (૬) ઓઠું લેઇ બેસે (૭) મેલ ઊતારે (૮) ખરજખણે (૯) પગ ઉપર પગ ચઢાવે (૧૦) અંગ ઉઘાડું મુકે (૧૧) અંગ ઢાંકે (૧૨) ઉંઘે એ સર્વ મળી બત્રીશદોશ સામાયકમાં અજતનાથી લાગેછે, તે નિવારવાનો ખપ કરવો એ વિનંતી છે.

## ॥ अथ श्री सीमंधराजिन चैत्यवंदनं ॥

॥ શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી ॥

શ્રી શ્રેયાંસપિતા કુલે, બહુ શોભા તુમારી ॥ ૧ ॥ ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી, વૃષભ લંછને વિરાજમાન

વંદે નરનારી ॥૨॥ ધનુષ પાંચસેં દેહડીએ, સોહીયેં સોવનવાન, કીર્તિ વિજય ઉવઝ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન ॥૩॥

# ॥ अथ श्री सीमंधर चैत्यवंदन ॥

શ્રી સીમંધર જગ ધણી, આભરતે આવો, કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો ॥૧॥ સકળ ભક્ત તુમો ધણીએ, જો હોવે અપનાથ, ભવોભવ હું છું તાહરો, નહીં મેહેલું હવે સાથ ॥૨॥ સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લેઈશું, પાય તુમારા સેવીને શિવરમણી વરીશું ॥૩॥ એ અલજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ, ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ ॥૪॥

# ॥ अथ चोवीशजिननुं चैत्यवंदन ॥

પદ્મપ્રભુને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ, ચંદ્રપ્રભુને સુવિધિનાથ, દો ઉજ્વલ લહીએ ॥૧॥ મલ્લીનાથને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા, મુનિસુવ્રતને નેમનાથ, દો અંજનસરિખા ॥૨॥ સોલે જિન કંચન સમાએ, એવા જિન ચોવીશ, ધીર વિમલ પંડિત તણો, જ્ઞાન વિમલ કહે શિષ્ય ॥૩॥

# ॥ अथ श्री शत्रुंजय चैत्यवंदन ॥

શ્રી શત્રુંજય સિદ્ધખેત્ર, દીઠે દુર્ગતિવારે, ભાવ ધરીને જે ચડે તેને ભવપાર ઉતારે ॥૧॥ અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ

તીર્થનો રાય, પૂર્વ નવાણુ રિખવ દેવ, જ્યાં ઠવિઆ પ્રભુ પાયા॥૨॥ સૂરજ કુંડ સોહામણો, કવિડજક્ષ અભિરામ, નાભિરાય કુલમંડણો, જિનવર કરૂ પ્રણામ ॥૩॥

## ॥ अथ श्री परमात्मानुं चैत्यवंदन ॥

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિઠ્ઠ, જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દીઠ્ઠ ॥૧॥ અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસસિંધુ, જગતિજન આધાર એક, નિઃકારણ બંધુ॥૨॥ ગુણ અનંત પ્રભુ તાહરાએ, કિમહી કહ્યા ન જાએ, રામપ્રભુ જિન ધ્યાનથી, ચિદ્દાનંદ સુખ થાય ॥૩॥

## ॥ अथ श्री जिन नवअंग पूजाना दोहा॥

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત, રૂષભ ચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત ॥૧॥ જાનુબલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશવિદેશ, ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥૨॥ લોકાંતિક વચને કરી, વરષ્યા વરશીદાન, કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ॥૩॥ માન ગયો દોય અંશથી, દેખી વિરજ અનંત, ભુજા બળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત ॥૪॥ સિદ્ધ શિલા ગુણ ઊજવલી, લોકાંતે ભગવંત, વસીયા તેણે કારણ ભવિ, શિર શિખા પૂજંત ॥ ૫ ॥ તીર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત, ત્રિભુવન તિલક

સમા પ્રભુ, ભાલતિલક જયવંત ॥૬॥ સોલપહોર પ્રભુદેશના, કંઠે વિવર વરતુલ, મધુર ધ્વનિ સુરનર સુણે, તેણે ગલે તિલક અમુલ્ય ॥૭॥ હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ, હિમ દહેવનખંડને, હૃદય તિલક સંતોષ ॥૮॥ રત્ન ત્રયી ગુણ ઉજવલી, સકળ સુગુણ વિસરામ, નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ ॥૯॥ ઊપદેશક નવ તત્વના, તિણે નવ અંગ જીણંદ, પૂજો બહુ વિધ રાગથી, કહે શુભ વીરમુણિંદ ॥૧૦॥

॥ ઈતિ શ્રી જીન નવ અંગ પૂજાના દોહા ॥

## ॥ श्री संखेश्वर पार्श्वजिनछंद ॥

સેવો પાસ સંખેશ્વરો મન શુદ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે, દેવી દેવલાં અન્યને શું નમોછો, અહો ભવ્ય લોકો ભુલા કાં ભમોછો ॥૧॥ ત્રીલોકના નાથને શું તજોછો, પડયા પાસમાં ભુતડાને ભજો છો, સુર ધેનુ છંડી અજાને શું અરજો છો, મહા પંથ મુકી કુપંથે વ્રજો છો ॥૨॥ તજે કોણ ચીંતામણી કાચ માટે, ગ્રહે કોણ રાસભને હસ્તી સાટે, સુર દ્રુમ ઉપાડી આક કુણ વાવે, મહા મૂઢ તે આકુળા અંત પાવે ॥૩॥ કીંહાં કાંકરોને કીંહાં મેરૂ શૃંગં, કીહાં કેસરીને કીહાં તે કુરંગં, કીંહાં વિશ્વનાથં, કીંહાં અન્ય દેવા, કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા ॥૪॥ પુજો દેવી પ્રભાવતી પ્રાણનાથં. સહુ જીવને જે કરે

છે સનાથં, મહા તત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેના દુઃખદાળીદ્ર દુરે પળાવે ॥૫॥ પામી માનુષ્યને વૃથા કાં ગમો છો, કુશીલે કરી દેહને કાં દમો છો, નહીં મુક્તી વાસં વિના વીતરાગં ભજો ભગવંતં તજો દ્રષ્ટી રાગં ॥૬॥ ઉદયરત્ન વાચે સદા હેત આણી, દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી, આજ મારે મોતી એ મેહ વુઠ્યા, પ્રભુ પાસ સંખેશ્વરો આપ ત્રુઠ્યા ॥૭॥

## ॥अथ श्रीवीतरागाष्टकं॥भुजंगप्रयातछंद॥

શિવં શુદ્ધ બુદ્ધં પરં વિશ્વનાથં, ન દેવો ન બંધુ ર્ન કર્મ ન કર્તા, ન અંગં ન સંગં નચેચ્છા ન કામં, ચિદાનંદ રૂપં નમો વીતરાગં ॥૧॥ ન બંધો ન મોક્ષો ન રાગા દિલોકં, ન યોગં ન ભોગં ન વ્યાધિર્ન શોકં, ન ક્રોધં ન માનં ન માયા ન લોભં, ચિ૦॥૨॥ ન હસ્તૌ ન પાદૌ ન ઘ્રાણં ન જિવ્હા, ન ચક્ષુર્ન કર્ણં ન વક્ત્રં ન નિદ્રા, ન સ્વામી ન ભૃત્યં ન દેવો ન મર્ત્યં ॥ચિ૦॥૩॥ ન જન્મ ન મૃત્યુર્ન મોહં ન ચિંતા, ન ક્ષુદ્રો ન ભીતો ન કૃશ્યં ન તુંદ્રા, ન સ્વેદં ન ખેદં ન વર્ણં ન મુદ્રા ॥ચિ૦॥૪॥ ત્રિદંડે ત્રિખંડે હરે વિશ્વનાથં, રૂષીકેશ વિધ્વસ્ત કર્મારિજાલં, ન પુણ્યં ન પાપં ન ચાક્ષાદિ પ્રાણં ॥ચિ૦॥૫॥ ન બાલો ન વૃદ્ધો ન તુચ્છો ન મૂઢો; ન ખેદં ન ભેદં ન મુર્તિર્ન મેહા, ન કૃષ્ણં ન શુકલં ન મોહં ન તંદ્રા

॥ચિં૦જ્ઞાન આદ્યં ન મધ્યં ન અંતં ન માન્યા, ન દ્રવ્યં ન ક્ષેત્રં ન દ્રષ્ટા ન ભાવા, ન ગુરૂર્વા ન શિષ્યો ન હીનં ન દીનં ॥ચિં૦ ૭॥ ઇદં જ્ઞાનરૂપં સ્વયં તત્ત્વવેદી, ન પૂર્ણં ન શૂન્યં ન ચૈત્યસ્વરૂપી, ન અન્યોન્ય ભિન્નં ન પરમાર્થ મેકં ॥ચિં૦૮॥ શાર્દૂલવિક્રીડિતંવૃત્તં, આત્મારામ ગુણાકરં ગુણનિધિં ચૈતન્ય રત્નાકરં, સર્વે ભૂતગતાગતે સુખદુઃખે જ્ઞાતે ત્વયા સર્વગે, ત્રૈલોક્યાધિપતે સ્વયં સ્વમનસા, ધ્યાયંતિ યોગીશ્વરા, વંદે તં હરિવંશહર્ષહૃદયં શ્રીમાન્ હૃદાભ્યુદ્યતં ॥૯॥ ઈતિ ॥

## ॥ स्तवन प्रभातीयुं ॥

પ્રભાતે ઉઠીને માતા મુખડા જોવે ॥ એ દેશી ॥

આવી રૂડી ભગતી મે પહેલાં ન જાણીરે પ્રભુ પહેલાં ન જાણી, સંસારની માયામાં મેં વિલોવ્યું પાણી ॥એ આંકણી॥

કલ્પતરૂનાં ફળ લાવીને, જે જિનવર પુજે; કાલ અનાદિ કર્મતે સંચીત, સત્તાથી ધ્રુજે ॥આ૦૧॥ થાવર તિરિનરયા યવએ દુગેં, ઇગવિગલાલીજે; સાધારણ નવમે ગુણઠાણે ધુરભાગે છીજે ॥આ૦૨॥ કેવળ પામીને શિવગતિ ગામી, શૈલેશીઠાણે; ચરમ સમય દોએ માંહે સ્વામી, અંતિમ ગુણઠાણે આ૦૩॥ બાકી નામ કરમની પયડી, તે સઘળી જાવે; અજર અમર નિકલંક સ્વરૂપે, નિઃકર્મા થાવે આ૦૪જે સિદ્ધ કેરીપડિમા

પુજે, તે સિદ્ધ મયી હોવે; નાહી ધોઈ નિર્મળ ચિતે, આરીસો જોવે ।। આ૦ ૫ ।। કર્મ સુડણ તપ કેરી પુજા; ફળ તે નર પાવે, શ્રી શુભ વીર સ્વરૂપ વિલોકી, શિવ વહુ ઘર આવે ।। આ૦ ૬ ।।

## ।। स्तवन प्रभातीयुं ।।

પાસ સંખેસરા સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે; કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે ।।૦।। ૧ ।। પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો; મુજ મહીરાણ મંજુસમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો ।।પા૦ ૨।। જગતમાં દેવ જગદિશતું જાગતો, એમ શું આજ જીનદાજ ઉંઘે; મોટો દાનેશ્વરી તેહને દાખીયે, દાન દીયે જે જગકાલ મધે ।।પા૦ ૩।। ભીડ પરી જાદવા જોર લાગી જરા, તતક્ષીણ ત્રીકમે તુજ સંભાર્યો; પ્રગટ પાતાળથી પલકમાં તે પ્રભુ ભકતજન તેહનો ભય નિવાર્યો ।। ૦૪।। આદી અનાદી અરિહંત તું એકછે, દીનદયાળ છે કુણ દુજો, ઉદય રત્ન કહે અસુરનું શુ ગજું; માનરયો રખે મહારાજ જુઠો ।।પા૦ ૫।।

## ।। अथ सीमंधरजिनस्तवन ।।

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો; મુજ વિનતડી. પ્રેમ ધરીને એણીપેરે તુમે સંભલાવજો ।। એ આંકણી।।

જે ત્રણભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે,

નાણુ દરિસણ જેહુને ખાયક છે ।। સુણો૦૧।। જેની કંચનવરણી કાયાછે, જસ ધોરી લંછન પાયાછે; પુંડરીગિણિ નગરીના રા-યા છો।સુણો૦।। બાર પર્ષદામાંહિ બિરાજેછે, જસ ચોત્રીશ અતિશય છાજેછે; ગુણ પાંત્રીશ વાણીયે ગાજેછો। સુણો૦ ૩।। ભવિ જનને તે પડિબોહેછે, તુમ અધિક શિતલ ગુણ શોહેછે; રૂપ દેખી ભવિજન મોહેછે।। સુણો૦૪।।તુમ સેવા કરવા રશી-ઓછું, પણ ભરતમાં દુરે વસીઓછું; મહા મોહરાય કર ફ-શીઓછું ।।સુણો।૦૫।। પણ સાહિબ ચિત્તમાં ધરીયોછે, તુમ આણા ખડગ કર ગ્રહીયો છે, પણ કાંઇક મુજથી ડરીયોછે ।। સુણો૦૬।। જીન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉ શૂરો; તો વાધે મુજ મન અતિ નુરો ।।સુણો૦૭।।

## ।। अथ श्री तीर्थमालास्तवन ।।

શત્રુંજે રીષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યારે; સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુંરે; તિન કલ્યાણક તિહાં થયાં, મુગતે ગયારે, નેમીસર ગિરનાર ।। તી૦ ૧।। અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરોરે; ભરતે ભરાવ્યાં બિંબ ।।તી૦।। આબુ ચોમુખ અતિ ભલો, ત્રિભુવન તિલોરે; વિમલ વસે વસ્તુ-પાલ ।।તી૦ ૨।। સમેત શિખર સોહામણો, રળીયામણોરે; સિદ્ધા તીર્થંકર વીશ ।।તી૦।। નયરી ચંપા નિરખીયે, હૈયે હ-રખીયેરે; સિદ્ધા શ્રી વાસુપૂજ્ય ।।તી૦૩।। પૂર્વદિશે પાવાપુ-

રી, રીદ્ધે ભરીરે; મુક્તિ ગયા મહાવીર ાાતી૦૪ાા જેશલમેર જુહારીયે, દુઃખ વારીયેરે; અરિહંત બિંબ અનેક ાાતી૦૪ાા વિકાનેરજ વંદીયે, ચિરનંદીયેરે; અરિહંત દેહરાં આઠ ાાતી૦ાા સોરિસરો સંખેશ્વરો પંચાસરોરે ફલોધીથંભણ પાસ ાાતી૦ પાા અંતરિક અજાવરો, અમીઝરોરે, જીરાવલો જગનાથ ાા તી૦ાા ત્રેલોકય દીપક દેહરો, જાત્રા કરોરે; રાણપુરે રિસહેશ ાાતી૦૬ાા શ્રીનાડુલાઈ જાદવો, ગોડિસ્તવોરે; શ્રીવરકાણો પાસ ાાતી ૦ાા નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાંરે; રૂચક કુંડલે ચાર ચાર ાાતી૦ાા શાશ્વતી અશાશ્વતી, પ્રતીમા છતિરે; સ્વર્ગ મૃત્યુ પાતાલ ાા૦ાા તીરથ જાત્રા ફલ તિહાં, હોજો મુજ ઈહાંરે; સમયસુંદર કહે એમ ાાતી૦૮ાા ઈતિ ાા

# ॥ अथ श्री सिद्धजगवाननुंस्तवन ॥

॥ સિદ્ધની શોભારે શી કહુ, એ આંકણી ॥ સિદ્ધ જગત શિર શોભતા, રમતા આતમરામ; લક્ષ્મી લીલાની લેહેરમાં, સુખિયા છે શિવ ઠામ ॥સિ૦૧॥ માહાનંદ અમૃત પદ નમો, સિદ્ધિ કૈવલ્ય નામ; અપુનર્ભવ બ્રહ્મપદ વલી, અક્ષય સુખ વિશરામ ॥ સિ૦ ૨॥ સંશ્રેય નિશ્રેય અક્ષરા, દુઃખ સમસ્તની હાણ; નિવૃતિ અપવર્ગતા, મોક્ષ મુક્તિ નિરવાણ॥ સિ૦૩॥ અચલ મહોદય પદ લહ્યું, જોતા જગતના ઠાઠ; નિજ નિજ રૂપેરે જૂજૂઆ, વિત્યાં કર્મ તે આઠ ॥સિ૦૪॥ અગુરૂ લઘુ અવગાહના, નામે વિકસે વદન; શ્રી શુભવીરને વંદતાં, રહિયે સુખમાં મગન. સિ૦ાાપાા ઈતિ.

## ॥गोर्मीपारसनाथनुं स्तवन ॥

કીરપા કરોરે ગોડી પાસ જીનેસર ॥ તુંમ સ્વામી અંતરજામી ॥ ટેક ॥ ઉંચે ઉંચે ગઢપર પાસજી બીરાજે ॥ ચારે તરફ જ્ઞાની જ્ઞાની ॥ કીરપા૦॥૧॥ લીલવરણ તોરો અંગ બીરાજે ॥ બદનોકી જાઉ બલીહારી ॥ કીરપા૦૨॥ બાંહે બાજુબંધ બેરખાં બીરાજે ॥ કુંડળકી છબ હે ન્યારી ॥ કીરપા૦॥૩॥ ધુંડત ધુંડત મેં પ્રભુ પાયો ॥ પુરણ પદવી અબ પાઈ ॥ કીરપા૦॥૪॥ નાથ નીરંજન નામ તુમારો ॥રૂપચંદ પદવી પાઈ ॥કીરપા૦૫॥

## ॥ आदिश्वर ज्ञगवाननुं स्तवन ॥

કીરપા કરોની આદીશ્વર બાવા ॥ કેસા ધ્યાન લગાયા હે ॥ કીરપા૦ ટેક ॥ કર ઉપર કર અધીક બિરાજે ॥ આસનગર જુમાયા હે ॥કીરપા ૧ ॥ ગમના ગમની વારન સાથી॥ શિવ રમણીકું ધાયા હે॥ કીરપા ૨॥ આપ તરે ઓરનકું તારે ॥ અઇ બીદુદરા આયા હે ॥ કીરપા ૩॥ પ્રેમ પદારથ ઇછા પુરે॥ શાંતી કુશળ ગુણ ગાયા હે ॥કીરપા ૪॥

## ॥ नेमनाथनुं स्तवन॥

હાંરે કીને દેખા હમેરા સ્વામી ॥ સ્વામીજી અંતરજામીરે ॥કીને૦॥ ટેક ॥ આઠ ભવકી પ્રીત પ્રકાશી ॥ નવમે ગયા શિવ

ગામીરે ॥કીને૦॥૧॥ સેસાવનકી કુંજગલનમે ॥ મળ્યા મુને અંતરજામીરે ॥કીને૦॥૨॥ આપ ચલે ગીરનારે ઉપર ॥ નારી તારી કેવળ પામીરે ॥કીને૦॥૩॥ કહે નથુ પ્રભુ નેમ નગીના ॥ કહું છું આજ શિર નામીરે ॥કીને૦॥૪॥

---

બલીહારી જાઉ વારી, મહાવીર તોરી સમોસરણકી બલીહારી ॥આંકણી॥ ત્રણ ગઢ ઊપર તખત બિરાજે ॥ બેઠીછે પરખદા વારી ॥ મહાવીર ॥૧॥ વાણી જોજન સહુ કોઇ સાંભળે, તાર્યાછે નર ને નારી ॥ મહા ૨ ॥ આનંદ ઘન પ્રભુ એણી પેરે બોલે, આવા તે ગમન નીવારી ॥મહા૦॥૩॥

---

મુરત મોહનગારી જીનંદા તોરી મુરત મોહનગારી ॥ આંકણી ॥ દરીશન તોરો મોકુ દરશન દેવે ॥ ઊનકી મેહે બલીહારી ॥ જીનંદા ॥૧॥ હરી હર બ્રહ્મા મોરે દીલઉ ન આવત લાગત એ મોએ પ્યારી ॥જીનંદા ૨॥ ત્રીસલા માતા મલ્હારજ ગાવે ॥ પાવત શીવ દરગાજી ॥જીનંદા ૩॥

---

ગોકુળીએ લઇ ચાલો હરી ઓધવરાજ હમને ॥ એ રાગ ॥

કોણ કરે જંજાળ જગમેં જીવના થોડા ॥ આકણી ॥ માત પીતા તોકું જનમ દીઓ હે ॥ કરમ દીઓરે કીરતાર ॥જગમે૧॥ જુઠીરે કાયા ને જુઠીરે માયા ॥ જુઠા સબ સંસાર

॥જગમે ૨॥ કોઈ મરે દશ વીસ વરસમેં ॥ કોઈ બુઢા કોઈ બાળા ॥ જગમે ૩॥ એહી સંસાર હે ઉસકા પાણી ॥ ધુપ પડે મરજાય ॥ જગમે ૪॥ એહી સંસાર હે અદકી ખાડીઆ ॥ જે ફીર આવે કોઈ વાર ॥ જગમેં૦॥ ૫ ॥ ચેતન રાય સમજ કર ચાલો ॥ જીઉ પામો ભવપાર ॥ જગમે ૬॥

॥ દુહા ॥

# ॥ पुनप्रकाशनुं स्तवन ॥

સકળ સિદ્ધિ દાયક સદા ॥ ચોવીસે જીનરાય ॥ સહગુરૂ સામિની સરસતી॥ પ્રેમે પ્રણમું પાય ॥૧॥ ત્રિભુવનપતી ત્રિસલા તણો ॥ નંદન ગુણ ગંભીર ॥ શાસન નાયક જગજયો ॥ વર્દ્ધમાન વડવીર ॥૨॥ એક દિન વીર જીણંદને ॥ ચરણે કરી પ્રણામ ॥ ભવિક જીવના હિત ભણી ॥ પૂછે ગોતમ સ્વામ ॥૩॥ મુક્તિ મારગ આરાધિએ ॥ કહો કિણ પરે અરિહંત ॥ સુધા સરસ તવ વચન રસ ॥ ભાખે શ્રી ભગવંત ॥૪॥ અતીચાર આળોઇએ ॥ વ્રત ધરિએ ગુરૂશાખ॥ જીવ ખમાવો સયળજો॥ યોનિ ચોરાશી લાખ ॥ ૫ ॥ વિધિશું વળિ વોશરાવિએ ॥ પાપસ્થાન અઢાર॥ ચાર શરણ નિત્ય અનુસરો ॥ નિંદા દુરિત આચાર ॥૬॥ શુભ કરણી અનુમોદિએ ॥ ભાવ ભલો મન આણી ॥ અણસણ અવસર આદરી ॥ નવપદ જપો સુજાણ ॥૭॥ શુભગતિ આરાધન તણા ॥ એછે દશ અધિકાર ॥ ચિત્ત આણિને આદરો જેમ પામો ભવપાર ॥૮॥

॥ ઢાળ પેહેલી ॥

॥ કુમતીએ છેડી કીહા રાખી ॥ એ દેશી ॥

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ ॥ એ પાંચે આચાર॥ એહ તણા એહ ભવ પરભવના ॥ આલોઇએ અતિચારરે ॥ પ્રાણી, જ્ઞાન ભણો ગુણખાણી વીરવદે એમ વાણીરે ॥પ્રા૦૧॥ એ આંકણી ॥ ગુરૂ ઓળવીએ નહી ગુરૂ વિનય ॥ કાળે ધરી બહુ માન॥ સુત્ર અરથ તદુભય કરી સુધાં ॥ ભણીએ વહી ઉપધાનરે ॥પ્રા૦॥ જ્ઞા૦॥૨॥ જ્ઞાનોપગરણ પાટી પોથી ॥ ઠવણી નોકરવાલી ॥ તેહ તણી કીધી આસાતના ॥ જ્ઞાન ભક્તિ ન સંભાળીરે॥પ્રા૦॥જ્ઞા૦ ॥૩॥ ઇત્યાદિક વિપરીતપણાથી જ્ઞાન વિરાધ્યું જેહ ॥ આભવ પરભવ વળીરે ભવોભવ ॥ મિછા દુક્કડ તેહરે ॥પ્રા૦॥ જ્ઞા૦॥૪॥ પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી વીરવદે એમ વાણીરે ॥પ્રા૦॥સ૦॥ જીનવચને શંકા નવિ કીજે॥નવિ પરમત અભિલાખ॥સાધુ તણી નિંદા પરિહરજો॥ ફળ સંદેહ માં રાખરે ॥પ્રા૦॥સ૦॥૫॥ મૂઢપણું છંડો પરશંસા ગુણવંતને આદરિએ॥ સામીને ધરમે કરી થીરતા ॥ ભક્તિ પ્રભાવના કરિએરે ॥ પ્રા૦ ॥ સ૦ ॥૬॥ સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે ॥ અવર્ણવાદ મન લેખો ॥ દ્રવ્ય દેવકો જે વિણસાડયો ॥ વિણસંતો ઉવેખ્યોરે ॥પ્રા૦॥ સ૦ ॥ ૭ ॥ ઇત્યાદિક વિપરીતપણાથી ॥ સમકિત ખંડયું જેહ ॥ આભવ પરભવ વળીરે ભવોભવ ॥ મીછામિદુકડ તેહરે ॥પ્રા૦॥સ૦॥૮॥ પ્રાણી

ચારિત્ર લ્યો ચિત આણી ॥ પંચ સુમિતી ત્રણ ગુપતી વિ- રાધી ॥ આઠે પ્રવચન માય ॥ સાધુતણે ધરમે પરમાદ ॥ અશુદ્ધ વચન મન કાયરે ॥પ્રા૦॥ચા૦॥૯॥ શ્રાવકને ધર્મે સામાયક ॥ પો- સહુમાં મન વાળી ॥ જે જયણા પુર્વક જે આઠે ॥ પ્રવચન માય ન પાળીરે ॥પ્રા૦॥ચા૦॥ ૧૦॥ ઈત્યાદિક વિપરીતપણાથી ચા- રિત્ર ડાહોળ્યું જેહ ॥ આભવ પરભવ વળીરે ભવોભવ ॥ મી- છા દુકડ તેહરે ॥પ્રા૦ચા૦॥ ૧૧॥ બારે ભેદ તપ નવિ કીધો ॥ છતે જોગે નિજ શકતે ॥ ધર્મે મન વચ કાયા વિરજ ॥ નવિ ફોરવીઉ ભગતેરે ॥પ્રા૦ચા૦॥૧૨॥ તપ વિરજ આચાર એણી પરે ॥ વિવિધ વિરાધ્યાં જેહ ॥ આભવ પરભવ વળીરે ભવો ભવ,મીચ્છામિદુકડ તેહરે॥પ્રા૦ચા૦॥૧૩॥ વળીય વિશેષે ચારિ- ત્રકેરા અતિચાર આલોઇએ, વીરજીણેસર વયણ શુણીને ॥ પાપ મેલ સવી ધોઇએરે ॥પ્રા૦ચા૦॥૧૪॥

॥ ઢાળ બીજી ॥

॥ પામી સુગુરૂ પસાય ॥ એ દેશી ॥

પૃથ્વી પાણી તેઉ ॥ વાયુ વનસ્પતી ॥ એ પાંચે થાવર કહ્યાએ ॥૧॥ કરી કરસણ આરંભ ॥ ખેત્ર જે ખેડીયાં ॥ કુવા તલાવ ખણાવીયાએ ॥૨॥ ઘર આરંભ અનેક ॥ ટાંકાં ભુઈરાં મેડી માળ ચણાવીઆએ ॥૩॥ લીંપણ ધુંપણ કાજ ॥ એણી પરે પરેપરે ॥ પૃથવી કાય વિરાધીયાએ ॥૪॥ ધોયણ નાહણ પાણીરે ઝીલણ અપકાય ॥ છોતિ ધોતિ કરી દુહવ્યાએ ॥૫॥ ભાઠી

ગર કુંભાર ॥ લોહ સુવનગરા ॥ ભાડભુંજા લીહાલા ગરાએ॥૬ તાપણ સેકણ કાજ ॥ વસ્ત્ર નિખારણ ॥ રંગણ રાંધણ રસવતિએ ॥૭॥ એણીપરે કર્મા દાન ॥ પરે પરે કેલવી ॥ તેઉ વાયુ વિરાધીયાએ ॥૮॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતી પાન ફુલ ફળ ચુંટીયાંએ ॥૯॥ પુંહક પાપડી સાક ॥ સેકયાં સુકવ્યાં ॥ છેદયાં છુંદયાં આથીયાંએ ॥૧૦॥ અળશીને એરંડા ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયાએ ॥૧૧॥ ઘાલી કોલુ માંહે ॥ પીલી સેલડી ॥ કંદમૂળ ફળ વેચીયાંએ ॥૧૨॥ એમ એકંદ્રી જીવ ॥ હુણ્યા હુણાવીયા ॥ હુણતાં જે અનુમોદિયાએ ॥૧૩॥ આભવ પરભવ જેહ ॥ વલીય ભવોભવે ॥ તે મુજ મીછાદુકડંએ ॥૧૪॥ ક્રમી સરમીયા કીડા ॥ ગાડર ગંડોલા ॥ એલ પુરાં ને અલશીયાંએ ॥૧૫॥ વાળા જળો ચુડેલ ॥ વિચલીત રસ તણા ॥ વળી અથાણાં પ્રમુખનાએ ૧૬ એમ બેરંદ્રિ જીવ ॥ જેહમે દુહવ્યા ॥ તે મુજ મીછાદુકડંએ ॥૧૭॥ ઊંધેહી જુ લીખ ॥ માંકણ મંકોડા ॥ ચાંચડ કીડી કુંથુઆએ ॥૧૮॥ ગદ્ધીઆં ઘીમેલ કાનખજુરીયા ॥ ગીંગોડા ધનેરીયાંએ ॥૧૯॥ એમ તેરંદ્રી જીવ ॥ જેહ મેં દુહવ્યા ॥ તે મુજ મીછાદુકડંએ ॥૨૦॥ માંખી મછર ડાંસ ॥ મસા પતંગીયાં ॥ કંસારી કોલિયાવડાએ ॥૨૧॥ ઢીંકણ વિછુ તીડ ॥ ભમરા ભમરીયો ॥ કોતાંબગ ખડમાંકડીએ ॥૨૨॥ એમ ચોરંદ્રી જીવ ॥ જેહ મેં દુહવ્યા॥ તે મુજ મીછાદુકડંએ ॥૨૩॥ જળમાં

નાંખી જાળરે ॥ જળચર દુહુવ્યા ॥ વનમાં મૃગ સંતાપી-યાએ ॥૨૪॥ પીડ્યા પંખી જીવ॥ પાડી પાસમાં ॥ પોપટ ઘાલ્યા પાંજરેએ ॥૨૫॥ એમ પંચેંદ્રી જીવ ॥ જે મેં દુહુવ્યા॥ તે મુજ મીછાદુકડંએ ॥૨૬॥

॥ ઢાળ ત્રીજી ॥

॥ વાણી પ્રાણી હિતકારીજી ॥ એ દેશી ॥

ક્રોધ લોભ ભય હાંસથીજી ॥ બોલ્યા વચન અસત્ય॥ કુડ કરી ધન પારકાંજી ॥ લીધાં જેહ અદત્તરે ॥ જીનજી મીછા દુકડં આજ॥ તુમ સાખે માહારાજરે ॥જીનજી॥ દેઈ સારૂં કાજરે ॥ જીનજી ॥ મીછા દુકડં આજ॥ એ આંકણી ॥ દેવ મનુષ્ય ત્રિજંચનાંજી॥ મૈથુન સેવ્યાં જેહ॥ વિષયા રસ લંપટપણેજી ॥ઘણુ વિટંબ્યો દેહરે ॥ જીનજી૦॥૨॥ પરિગ્રહની મમતા કરીજી ॥ ભવે ભવે મેલી આથ ॥ જે જીહાંની તે તીહાં રહીજી॥ કોઇ ન આવી સાથરે॥ જીનજી૦૩॥ રયણી ભોજન જે કરયાંજી ॥ કીધાં ભક્ષ અભક્ષ ॥ રસના રસની લાલચેજી ॥પાપ કર્યાં પ્રત્યક્ષરે ॥જીનજી૦॥૪॥ વ્રત લેઈ વિસારીયાંજી ॥ વળીભાગ્યાં પચખાણ ॥ કપટ હેતુ કીરીયા કરીજી॥ કીધાં આપ વખાણરે ॥ જીનજી૦॥૫॥ ત્રણે ઢાળે આઠે દુહેજી ॥ આલોયા અતિચાર ॥ શિવ ગતિ આરાધન તણોજી ॥ એ પેહેલો અધિકારરે ॥જીનજી૦ ૬॥

॥ ઢાળ ચોથી ॥

॥ સાહેલડીજી ॥ એ દેશી ॥

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે ॥ અથવા લ્યો વ્રતબાર તો ॥ યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે ॥ પાળો નિરતિચાર તો ॥૧॥ વ્રત લીધાં સંભારીએ ॥સા૦॥ હૈડે ધરીએ વિચારતો ॥ શિવગતિ આરાધન તણો ॥સા૦॥ એ બીજો અધિકારતો॥૨ જીવ સવે ખમાવીએ ॥સા૦॥ યોનિ ચોરાશી લાખતો ॥ મન શુદ્ધે કરી ખામણાં ॥સા૦॥ કોઈશું રોષ ન રાખતો ॥૩॥ સર્વ મિત્ર કરી ચિંતવો ॥સા૦॥ કોઈ ન જાણો શત્રુતો ॥ રાગદ્વેષ એમ પરિહરો ॥સા૦॥ કીજે જન્મ પવિત્રતો ॥૪॥ સામી સંઘ ખમાવીએ ॥સા૦॥ જે ઉપની અપ્રીતતો ॥ સજજન કુટુંબ કરી ખામણાં ॥સા૦॥ એ જીન શાસન રીતીતો ॥૫॥ ખમીએ ને ખમાવિએ ॥સા૦॥ એહજ ધર્મનું સારતો ॥ શિવગતિ આરાધન તણો ॥સા૦॥ એ ત્રીજો અધિકાર તો ॥૬॥ મૃષાવાદ હિંસા ચોરી ॥સા૦॥ ધન મુરછા મૈથુનતો ॥ ક્રોધ માન માયા તૃષ્ણા ॥સા૦॥ પ્રેમ દ્વેષ પૈશુન્યતો ॥૭॥ નિંદા કલહ ન કીજીએ ॥સા૦ ॥ કુડો ન દીજે આળ તો ॥ રતિ અરતિ મિથ્યા તજો ॥સા૦॥ માયા મોહ જંજાળતો ॥૮॥ ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ ॥સા૦॥ પાપસ્થાન અઢારતો ॥ શિવગતિ આરાધનતણો ॥ સા૦॥ એ ચોથો અધિકારતો ॥૯॥

॥ ઢાળ પાંચમી ॥

॥ હુવે નિસુણો ઈહાં આવીયા એ દેશી ॥

જનમ જરા મરણે કરી એ ॥ એ સંસાર અસારતો ॥
કર્યાં કર્મ સહુ અનુભવે એ ॥ કોઈ ન રાખણહારતો ॥ ૧ ॥
શરણ એક અરિહંતનું એ ॥ શરણ સિદ્ધ ભગવંત તો ॥
શરણ ધર્મ શ્રી જૈનનો એ ॥ સાધુ શરણ ગુણવંત તો ॥ ૨ ॥
અવર મોહ સવિ પરિહરીએ ॥ ચાર શરણ ચિત્ત ધાર તો ॥
શિવગતિ આરાધન તણો એ ॥ એ પંચમો અધિકારતો ॥૩॥
આભવ પરભવ જે કર્યાં એ ॥ પાપ કર્મ કેઇ લાખ તો ॥ આ-
ત્મ સાખે તે નિંદીએ એ ॥ પડિક્કમિએ ગુરૂ સાખતો ॥ ૪ ॥
મિથ્યા મતિ વર્તાવિયા એ ॥ જે ભાખ્યાં ઉત્સૂત્ર તો ॥ કુમતિ
કદાગ્રહને વશે એ ॥ જે ઉથાપ્યાં સૂત્ર તો ॥૫॥ ઘડ્યાં ઘડાવ્યાં
જે ઘણાંએ॥ ઘરટી હળ હથીયાર તો ॥ ભવ ભવ મેલી મુકીયાં
એ॥ કરતાં જીવ સંહારતો ॥૬॥ પાપ કરીને પોષીયાં એ॥ જન-
મ જનમ પરિવારતો ॥ જનમાંતર પોહોત્યા પછીએ ॥ કોણે
ન કીધી સારતો ॥૭॥ આ ભવ પરભવ જે કર્યાં એ ॥ એમ અ-
ધિકરણ અનેક તો ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ॥ આણી રૂદય
વિવેક તો ॥૮॥ દુષ્કૃતનિંદા એમ કરીએ॥ પાપ કરો પરિહાર
તો॥ શિવગતિ આરાધન તણો એ॥ એ છઠ્ઠો અધિકાર તો ॥૯॥

॥ ઢાળ છઠી ॥

આઘે તું જોયને જીવડા ॥ એ દેશી ॥

ધનધન તે દિન માહેરો ॥ જીહાં કીધો ધર્મ ॥ દાન શિયળ તપ ભાવના ॥ ટાળ્યાં દુષ્કૃત કર્મ ॥ ધન૦ ॥ ૧ ॥ શેત્રુંજાદિક તીર્થની ॥ જે કીધી જાત્ર ॥ જુગતે જીનવર પુજીયા ॥ વળી પોખ્યાં પાત્ર ॥ ધન૦ ॥ ૨ ॥ પુસ્તક જ્ઞાન લખાવીયાં ॥ જીણહર જીનચૈત્ય ॥ સંઘચતુરવિધ સાચવ્યા ॥ એ સાતે ખેત્ર ॥ ધન૦ ॥ ૩ ॥ પડિકમણાં સુપરે કર્યાં ॥ અનુકંપા દાન ॥ સાધુ સૂરિ ઉવઝાયને ॥ દીધાં બહુમાન ॥ ધન૦ ॥ ૪ ॥ ધર્મ કાજ અનુમોદિએ એમ વારોવાર ॥ શિવગતિ આરાધન તણો એ સાતમો અધિકાર ॥ ધન૦ ॥ ૫ ॥ ભાવ ભલો મન આણીએ ॥ ચિત્ત આણી ઠામ ॥ સમતા ભાવે ભાવીએ એ આતમરામ ॥ ધન૦ ॥ ૬ ॥ સુખ દુઃખ કારણ જીવને ॥ કોઈ અવર ન હોય ॥ કર્મ આપ જે આચર્યાં ॥ ભોગવિએ સોય ॥ ધન૦ ॥ ૭ ॥ સમતા વિણ જે અનુસરે ॥ પ્રાણી પુન્ય કામ ॥ છાર ઉપર તે લીપણું ॥ ઝાંખર ચિત્રામ ॥ ધન૦ ॥ ૮ ॥ ભાવ ભલિપરે ભાવીએ ॥ એ ધર્મનો સાર ॥ શિવગતિ આરાધન તણો ॥ એ આઠમો અધિકાર. ॥ ધન૦ ॥ ૯ ॥

॥ ઢાળ સાતમી ॥

॥ રેવતગિરિહુઆં ॥ પ્રભુનાં ત્રિણ કલ્યાણ ॥ એ દેશી ॥

હવે અવસર જાણી કરી સલેખણ સાર ॥ અણસણ આ-

દરિએ ॥ પચ્ચખી ચારે આહાર ॥ લલુતા સવિ મુંકી ॥ છાંડી મમતા અંગ ॥ એ આતમ ખેલે ॥ સમતાં જ્ઞાન તરંગ ॥ ૧ ॥ ગતિચારે કીધાં ॥ આહાર અનંત નિશંક ॥ પણ તૃપ્તિ ન પામ્યો ॥ જીવ લાલચીઓ રંક ॥ દુલહો એ વળી વળી ॥ અણુસણુનો પરિણામ ॥ એહથી પામીજે ॥ ॥ શિવપદ સુરપદ ઠામ ॥ ૨ ॥ ધન ધનાશાલિભદ્ર ॥ ખંધો મેઘકુમાર ॥ અણુસણુ આરાધી ॥ પામ્યા ભવનો પાર ॥ શિવ મંદિર જાશે ॥ ॥ કરી એક અવતાર ॥ આરાધન કેરો ॥ એ નવમો અધિકાર ॥ ૩ ॥ દશમે અધિકારે મહામંત્ર નવકાર ॥ મનથી નવિ મુકો ॥ શિવ સુખ ફલ સહકાર ॥ એહ જપતાં જાયે ॥ દુર્ગતિ દોષવિકાર ॥ સુપરે સમરો ॥ ચૌદ પુરવનું સાર ॥ ૪ ॥ જનમાંતર જાતાં જો પામે નવકાર ॥ તો પાતીક ગાળી ॥ પામે સુરઅવતાર ॥ એ નવ પદ સરિખો ॥ મંત્ર ન કો સંસાર ॥ એહ ભવ ને પરભવે ॥ સુખ સંપતિ દાતાર ॥ ૫ ॥ જયું ભીલ ભીલડી ॥ રાજા રાણી થાય ॥ નવપદ મહિમાથી ॥ રાજ સિંહ મહારાય ॥ રાણી રતનવતી બેહુ ॥ પામ્યાંછે સુરભોગ ॥ એક ભવ પછી લેશે ॥ શિવ વધુ સંજોગ ॥ ૬ ॥ શ્રીમતીને એ વલી ॥ મંત્ર ફલ્યો તતકાલ ॥ ફણીધર ફીટીને પ્રગટ થઈ ફુલ માલ ॥ શિવકુમરે જોગી ॥ સોવન પુરીશો કીધ ॥ એમ એણે મંત્રે ॥ કાજ ઘણાનાં સિદ્ધ ॥ ૭ ॥ એ દશ અધિકારે ॥ વીર જીણેસર ભાખ્યો ॥ આરાધન કેરો વિધિ ॥ જેણે ચિત્તમાંહી રાખ્યો ॥

તેણે પાપ પખાળી ॥ ભવ ભય દુરે નાખ્યો ॥ જીન વિનય કરંતાં ॥ સુમતિ અમૃતરસ ચાખ્યો ॥૮॥

॥ ઢાળ આઠમી ॥

॥ નમો ભવિ ભાવશું ॥ એ દેશી ॥

શીધારથ રાય કુલ તિલો એ ॥ ત્રિસલા માત મલ્હારતો ॥ અવનિ તલ તમે અવતર્યા એ ॥ કરવા અમ ઉપકાર તો ॥જયો જીનવીરજીએ ॥૧॥ મેં અપરાધ કર્યા ઘણાએ કેહેતાં નલહુ પારતો ॥ તુમ ચરણે આવ્યા ભણી એ ॥ જો તારે તો તાર તો ॥ જયો૦॥૨॥ આશ કરીને આવીયો એ ॥ તુમ ચરણે મહારાજ તો ॥ આવ્યાને ઉવેખશો એ ॥ તો કેમ રેહેશે લાજતો ॥જયો૦ ॥૩॥ કરમ અલુજણ આકરાં એ ॥ જનમ મરણ જંજાલતો ॥ હું છું એહથી ઊભગો એ ॥ છોડવ દેવ દયાલ તો॥ જયો૦ ॥૪॥ આજ મનોરથ મુજ ફળ્યા એ ॥ નાઠાં દુઃખ દંદોલતો ॥ તુઠો જીન ચોવીશમો એ ॥ પ્રગટયો પુન્ય કલ્લોલ તો ॥જયો૦॥૫॥ભવે ભવે વિનય તુમારડો એ ॥ભાવ ભક્તિ તુમ પાયતો ॥ દેવ દયા કરી દીજીએ એ ॥ બોધ બીજ સુપસાય તો ॥જયો૦॥૬॥

॥ કલશ ॥

એહ તરણ તારણ સુગતિ કારણ ॥ દુઃખ નિવારણ જગ જયો ॥ શ્રીવીર જીનવર ચરણ થુણતાં ॥ અધિક મન ઉલ્લટ થયો ॥૧॥શ્રીવિજયદેવ સુરીંદ પટધર ॥ તિરથ જંગમ એણીજગે ॥

તપ ગચ્છપતિ શ્રીવિજય પ્રભસૂરિ ॥ સૂરિ તેજે ઝગમગે ॥ ૨ ॥ શ્રી હીરવિજય સૂરી શિષ્ય વાચક ॥ કીર્ત્તિવિજય સુરગુરૂ સમો તસ શિષ્ય વાચક વિનય વિજયે ॥ થુણ્યો જીન ચોવીશમો ॥ ૩ સદસત્તર સંવત ઊગણત્રીશે ॥ રહી રાંદેર ચોમાસએ ॥ વિજય દશમી વિજય કારણ ॥ કીયો ગુણ અભ્યાસ એ ॥૪॥ નર ભવ આરાધન સિદ્ધિસાધન ॥ સુકૃત લીલવિલાસએ ॥ નિર્જરા હેતે તવન રચિયુ ॥ નામે પુન્ય પ્રકાશ એ ॥૫॥ ઈતિ

## ॥ अथ श्री बाहुजिननुं स्तवन ॥

સાહેબ બાહુ જીનેશ્વર વીનવું ॥ વીનતડી અવધાર હો ॥ સા૦ ॥ ભવ ભયથી હું ઉભગો ॥ હવે ભવ પાર ઉતાર હો ॥ સા૦ ॥ બા૦ ॥૧ ॥ સા૦ ॥ તુમ સરીખા મુજ શીર છતે ॥ કર્મ કરે કેમ જોર હો ॥ સા૦ ॥ ભુજંગ તણો ભય તિહાં નહીં ॥ જીહાં વન વીચરે મોર હો ॥ સા૦ ॥ બા૦ ॥ ૨ ॥ સા૦ ॥ જીહાં રવિ તેજે જલ હલે ॥ તીહાં કેમ રહે અંધકાર હો ॥ સા૦ ॥ કેસરી જીહાં ક્રીડા કરે ॥ તિહાં નહી ગજનો પ્રચાર હો ॥ સા૦ ॥ બા૦ ॥ ૩॥ સા૦ ॥ તેમ જો તુમે મુજ મન રમો ॥ તો નાસે દુરિત સંભાર હો ॥ સા૦ ॥ વચ્છવિજય સુસીમાપુરી ॥ રાય સુગ્રીવ મલાર હો ॥ સા૦ ॥ બા૦ ॥ ૪ ॥ સા૦ હરણ લંછન એમ મેં સ્તવ્યો ॥ મોહની રાણીનો કંત હો ॥ સા૦ ॥ વિજયાનંદન મુજ દીયો ॥ જશ કહે સુખ અનંત હો ॥ સા૦ ॥ બા૦ ॥ ૫ ॥ ઈતિ બાહુજીનનું સ્તવન ॥

## ॥ अथ श्री सिद्धाचळजीनुं स्तवन ॥

દેશી લાલનની.

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા સિદ્ધગિરિ ધ્યાવો ॥ ઘેર બેઠાં પણ બહુ ફળ પાવો ભવિકા બહુ ફળ પાવો ॥ આંકણી ॥ નંદીસર જાત્રાયે જે ફળ હોવે ॥ તેથી બમણેરૂં ફળ પુંડરગિરિ હોવે ॥ ભ૦ ॥ પું૦ ॥ ૧ ॥ તિગણું રૂચકગિરિ ચોગણું ગજદંતા ॥ તેથી બમણેરૂં ફળ જંબુ મહુતા ॥ ભ૦ ॥ જં૦ ॥ ખટ ગણું ધાતકી ચૈત્ય જુહારે ॥ છત્રીસ ગણેરૂં ફળ પુખલ વિહારે ॥ ભ૦ ॥ પુ૦ ॥ ૨ ॥ તેથી તેરસ ગણું ફળ મેરૂ ચૈત્ય જુહારે ॥ સહસગણેરૂં ફળ સમેતસિખરે ॥ ભ૦ ॥ સં ॥ લાખ ગણેરૂં ફળ અંજન ગિરિ જુહારે ॥ દશ લાખ ગણેરૂં ફળ અષ્ટાપદ ગિરનારે ॥ ભ૦ ॥ અ૦ ॥ ૩ ॥ કોડ ગણેરૂં ફળ શ્રી સિદ્ધાચલ ભેટે ॥ જેમરે અનાદિના દુરિત ઉમેટે ॥ભ૦॥ દુ૦ ॥ ભાવ અનંતે અનંત ફળ પાવે ॥ શ્રી જ્ઞાન વિમળ સૂરિ એમ ગુણ ગાવે ॥ ભ૦ ॥ઈ૦ ॥ ૪ ॥ ઈતિ॥

## ॥ अथ श्री सिद्धाचलजीनुं स्तवन ॥

આંખડીએરે મેં આજ શેત્રુંજો દીઠોરે ॥ સવાલાખ ટકાનો દહાડોરે ॥ લાગે મુને મીઠોરે ॥ સફળ થયોરે મારા મનનો ઉમાહ્યો ॥ વાહાલા મારા ભવનો સંશય ભાગ્યોરે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી ॥ ચરણે પ્રભુજીને લાગ્યોરે ॥ શેત્રુંજો દિઠોરે૦॥૧॥આંકણી ॥માનવભવનો લાહો લીજે ॥વા૦॥ દેહડી પાવન કીજેરે ॥ સોના રૂપાને ફુલડે વધાવી ॥પ્રેમે પ્ર-

દક્ષિણા દિજેરે ॥ શે૦ ॥ ૨ ॥ દુધડે પખાલીને કેસર ઘોળી ॥ વા૦ ॥ શ્રી આદીશ્વર પૂજ્યારે ॥ શ્રી સિદ્ધાચલ નયણે જોતાં ॥ પાપ મેવાસી ધ્રૂજ્યારે ॥ શે૦ ॥ ૩ ॥ શ્રીમુખ સુધરમા સુરપતી આગે ॥ વા૦ ॥ વીર જીણંદ એમ બોલેરે ॥ ત્રણભુવનમાં તીરથ મહોટું ॥ નહીં કોઈ શેત્રુંજા તોલેરે ॥ શે૦ ॥ ॥ ૪ ॥ ઇંદ્ર સરીખા એ તીરથની ॥ વા૦ ॥ ચાકરી ચીતમાં ચાહેરે ॥ કાયાની તો કાસર કાઢી ॥ સૂરજ કુંડમાં નાહ્યારે ॥ શે૦ ॥ ૫ ॥ કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે ॥ વા૦ ॥ સાધુ અનંતા સિદ્ધારે ॥ તે માટે એ તીરથ મહોટું ॥ ઉદ્ધાર અનંતા કીધારે ॥ શે૦ ॥ ૬ ॥ નાભીરાયા સુત નજરે જોતાં ॥ વા૦ ॥ મેહુ અમીરસ વૂઠારે ॥ ઉદય રત્ન કહે આજ મહારે પોતે ॥ શ્રી આદેસર તૂઠારે ॥ શે૦ ॥ ૭ ॥ ઇતિ ॥

## ॥ अथ रिखवजिननुं स्तवन ॥

મહાવીદે ક્ષેત્ર સોહામણું ॥ એ દેશી ॥

જગ જીવન જગ વાલહો ॥ મરૂદેવીનો નંદ લાલરે ॥ મુખ દીઠ સુખ ઉપજે ॥ દરસણ અતિહી આણંદ લાલરે ॥ ૧ ॥ જ૦ ॥ આંખડી અંબુજ પાંખડી ॥ અષ્ટમી શશી સમ ભાલ લાલરે ॥ વદન તે શારદ ચંદલો ॥ વાણી અતિઅ રસાલ લાલરે ॥ ૨ ॥ જ૦ ॥ લક્ષણ અંગે વિરાજતાં ॥ અડહીય સહસ ઉદાર લાલરે ॥ રેખાકર ચરણાદીકે ॥ અભ્યંતર નહીં પાર લાલરે ॥ ૩ ॥ જ૦ ॥

ઇંદ્રિ ચંદ્ર રવિ ગિરિ તણા ॥ ગુણ લેઈ ઘડીયું અંગ લાલરે ॥ ભાગ્ય કીંહાં થકી આવીયું ॥ અચરીજ એહ ઉતંગ લાલરે ॥ ૪ ॥ જ૦ ॥ ગુણ સઘળા અંગે કર્યા ॥ દુર કર્યા સવી દોખ લાલરે ॥ વાચક જશ વિજયે થુણ્યો ॥ દેજો સુખનો પોખ લાલરે ॥ ૫ ॥ જ૦ ॥ ઇતિ આદીજીનનું સ્તવન ॥

# ॥ अथ श्री वीराजिन स्तवन ॥

॥ રાગ ધન્યાસી તેતરીયાની દેશી ॥

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિસલા દેવી જાયારેં; હરી લંછનકંચન કાયા, અમર વધૂ હુલરાયારે. ॥ વં૦ ॥ ૧॥ બાલપણે સુરગીરી ડોલાયા, અહિ વેતાલ હરાયારે; ઇંદ્ર કહણ વ્યાકરણ નીપાયા, પંડિત વિસ્મય પાયારે. વં૦ ॥૨॥ ત્રીસ વરસ ઘરવાસ રહાયા, સંજમસ્યું લય લાયારે; બાર વરસ તપ કર્મ ખપાયા, કેવલ નાણ ઉપાયારે. વં૦ ॥૩॥ ખાયક રિદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયારે; ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુરગુણ ગાયારે. વં૦ ॥૪॥ તીન ભુવનમેં આંણ મનાયા, દિશ દોય છત્ર ધરાયારે; રૂપ કનક મણિ ગઢ વિરચાયા, નિગ્રંથ નામ ધરાયારે. વં૦ ॥૫॥ રયણ સિંહાસન બેસન ઠાયા, દુંદુહિ નાદ વજાયારે; દાનવ માનવ વાસ વસાયા, ભકતે શિશ નમાયારે. વં૦ ॥૬॥ પ્રભુ ગુણ ગણ ગંગાજલ નાહ્યા, પાવન તેહની કાયારે; પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવકજન સુખદાયારે. વં૦ ॥૭॥

# ॥ अथ श्री धर्मनाथ जिनस्तवन ॥

॥ હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચારજો એ દેશી ॥

હાંરે મારે ધર્મ જીણંદ શું લાગી પૂરણ પ્રીતજો, જીવડ-લો લલચાણો જિનજીની ઓલગેરેલો; હારે મુને થાશે કોઈક સમે પ્રભુસુપ્રસન્નજો; વાતલડી મહારીરે સવી થાશે વગેરેલો ॥૧॥ હારે પ્રભુ દુરીજનનો ભંભેર્યા માહરો નાથજો, ઓળ-વસ્યે નહીં કયારે કીધી ચાકરીરે લોલ; હાંરે માગ સ્વામી સરખો કુણ છે દુનિયા માંયજો, જઇએ રે જીમ તેહને ઘર આસ્યા કરિરેલો ॥ ૨ ॥ હાંરે જસ સેવા સેતી સ્વારથની નહી સીદ્ધજો. ઠાલીરે શી કરવી તેહથી ગોઠડીરેલો, હાંરે કાંઈ જુઠું ખાય તે મીઠાઇને માટેજો, કાંઇરે પરમારથ વીણ નહી પ્રીતડીરેલો ॥૩॥ હાંરે અંતરજામી જીવન પ્રાણઆધારજો, વાયોરે નવી જાણ્યો કલિયુગ વાયરોરેલો; હાંરે લાયક નાયક ભગ્ત વછલ ભગવંતજો, વારૂરે ગુણ કેરો સાહિબ સાયરૂરેલો ॥૪॥ હાંરે લાગી મુજને તાહરી માયા જોરજો, અલગારે રહ્યાથી હોય આસંગલોરેલો; હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજજો, હેજેરે હસી બોલો છાંડો આંબળોરે લો ॥ ૫ ॥ હાંરે તારે મુખને મટકે અટકયું માહરૂં મનજો, આંખડલી અણીયાળી કામણગારડીરેલો; હાંરે મારા નયણા લંપટ જોવે ખીણખીણ તુઝજો, રાતેરે પ્રભુ રૂપે ન રહે વારીયારેલો ॥૬॥ હાંરે પ્રભુ અળગા તોપણ જાણજયો કરીને હજુરજો, તાહ-

રીરે બલીહારી હું જાઉ વારણે લો; હાંરે કવી રૂપ વિબુધનો મોહન કરે અરદાસજો, ગિરૂઆથી મન આણી ઉલટ અતી ઘણે લો ॥૭॥ ઇતિ ॥

## ॥ अथ श्री अनंतनाथजीनुंस्तवन ॥

ધાર તરવારની સોહિલી દોહિલી ॥ ચઉદમા જીનતણી ચરણ સેવા ॥ ધારપર નાચતાં દેખ બાજીગરા॥ સેવના ધારપર રહે ન દેવા॥ધા૦॥૧॥ એક કહે સેવીએ વિવિધ કીરીયા કરી ॥ ફલ અનેકાંત લોચન ન દેખે ॥ ફલ અનેકાંત કીરીયા કરી બાપડા ॥ રડવડે ચાર ગતિ માંહી લેખે ॥ ધા૦ ॥ ૨॥ ગછના ભેદ બહુ નયણ નિહાળતા ॥ તત્વની વાત કરતાં ન લાજે ॥ ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં ॥ મોહ નડીયા કલિકાલરાજે ॥ધા૦॥૩॥ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો ॥ વચન સાપેક્ષ વ્યવહાર સાચો ॥ વચન નિર-પેક્ષ વ્યવહાર સંસાર ફલ ॥ સાંભલી આદરી કાંઇ રાચો ॥ધા૦॥૪॥ દેવ ગુરૂ ધર્મની શુદ્ધી કહો કીમ રહે ॥ કીમરહે શુધ સરધા ન આણો ॥ શુધ સરધાન વિણ સર્વ કિરીયા કરી છારપર લીંપણો સરસ જાણો ॥ધા૦॥૫॥ પાપ નહીં કોઇ ઉત્સુત્ર ભાષણ જિસો ॥ ધર્મ નહી કોઈ જગ સૂત્ર સરિખો ॥ સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે ॥ તેહનો શુદ્ધ ચારિત્ર પારખો ॥ધા૦॥૬॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી ॥ જે

નરા ચિત્તમાં નિત્ત ધ્યાવે ॥ તે નરા દિવ્ય બહુ કાલ સુખ અનુભવી ॥ નિયત આનંદઘન રાજ પાવે ॥૫॥૦॥૭॥ઇતિ॥

---

# ॥ अथ सज्झाय समुदाय ॥

## ॥ अथ समय सुंदरजीकृत अरणीक मुनीनी सज्झाय लिख्यते ॥

અરણીક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે સીસોજી; પાય ઉભરાણો વેળુ પરજળે, તનુ સુકમાળ, મુનીશોજી ॥અ૦ ૧॥ મુખ કમલાંણોરે માલતી ફુલજ્યું, ઉભો ગોખને હેઠોજી, ખરે દુપહરેરે મુનિવર એકલો, મોહ્યો માનની દ્રેઠોજી ॥અ૦॥૨॥ વયણ રંગીલેરે નયણે વીંધીયો, રિખી થંભ્યો તિણ ઠાંમોજી; દાસીને કહે જા ઉતાવળી, એ ઋષિ તેડીને આણોજી॥અ૦॥૩॥ પાવન કિજેરે રિષિ ઘર આંગણો, વોહોરો મોદિક સારોજી; નવ જોવન વયકાયા કાંઇ દહો, સફળ કરો અવતારોજી ॥અ૦॥૪॥ ચંદ્ર વદનીએરે ચારીત્ર ચુકવ્યો, સુખ વિલસે દિન રાતોજી; એક દિન રમતાંરે ગોખે સોગટે, તવ દીઠી નિજ માતોજી ॥અ૦॥૫॥ અરણીક અરણીક કરતી માય ફીરે, ગલીય ગલીય મઝારોજી; કહે કુણ દીઠોરે માહરો અરકલો, પુછે લોક હજારોજી ॥અ૦॥૬॥ ઉતરી તીહાંથીરે જનની પાય નમે, મનમે લાજયો તે વારોજી;

ધિગ ધિગ વિષયારે માહરે જીવને, મેં કિધો અવિચારોજી ॥અ૦ ॥૭॥ અગન ધીખંતીરે સીલા ઉપરે, અરણિક અણસણ કીધોજી; સમય સુંદર કહે ધન એ મુનીવરૂ, મન વંછિત ફળ લીધોજી. ॥ અ૦॥ ઈતિ ॥

## ॥ अथ श्री राजवीजयजीकृत मेतारजमुनीनी सझाय लिख्यते ॥

સંયમ ગુણના આગળાજી, પંચમહાવ્રત ધાર, માસખમણને પારણેજી, રાજ ગ્રહી નગરી મોઝાર ॥૧॥ મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર ॥ટેક॥ સોનીને ઘરે આવીઆજી, મેતારજ રૂષિરાય, જવલા ઘડતો ઉઠીઓજી, વંદે મુનિના પાય ॥ મે૦॥૨॥ આજ ફળ્યો ઘર આંગણેજી, વિણ કાળે સહુકાર, લ્યો ભીક્ષા છે સુઝતીજી, મોદિક તણો એ આહાર, ॥મે૦॥૩॥ ક્રોંચ જીવ જવલા ચર્યોજી વોહરીવલ્યા રૂષિરાય, સોની મન સંખ્યા થઈજી, સાધુ તણાં એ કામ ॥મે૦॥૪॥ રીસ કરી રૂષીને કહેજી, ઘો મુજ જવલા આજ, વાધરસિરસે બાંધિયાજી, તડકે રાખ્યા મુનિરાજ ॥મે૦॥૫॥ ફટ ફટ ફુટે હાડકાંજી, ત્રટ ત્રટ ત્રુટે ચાંમ, સોનીડે પરીખ્યો કર્યોજી સાધુ રાખ્યો મન ઠાંમ મે૦॥૬॥એહવા પણ મોટા જતીજી; મન ન આણે રોષ, આતમ નિંદે આપણોજી, સોનીનો શ્યો દોષ ॥મે૦॥૭॥ગજ સુકમાળ સંતાપીયાજી, બાંધી માટીની પાળ, ખેર અંગારા શીરે ધર્યાજી, મુગતે ગયા તતકાળ ॥મે૦॥૮॥ વાઘણ શરીરે વલુરીઉજી, સાધુ સુકોસલ

સાર, કેવલ લહી મુગતિ ગયાજી, એમ અરણીક અણગાર ॥મે૦ ॥૯॥ પાપી પાલકે પીલીઆજી, ખંધક સુરીના શિષ્ય, અંબડ ચેલા પાંચસેજી, નમો નમો તે મુનિ શિષ્ય ॥મે૦॥૧૦॥ એહવા પુરૂષ સંભારતાજી, મેતારજ રૂષિરાય, અંતગડ હુઆ કેવળીજી, વંદે મુનિના પાય ॥મે૦॥૧૧॥ ભારી કાષ્ટની સ્ત્રી તિહાંજી, લાવી નાંખી તિણિવાર, ધબકે પંખી જાગીઓજી, જવલા કાઢયા તિણે સાર ॥ મે૦॥૧૨॥ દેખી જવલા વીઠમાંજી, મનમાં લાજ્યો સોનાર, ઓઘો મુહપતિ સાધુનોજી, લેઈ થયો અણગાર ॥મે૦૧૩॥ આતમ તાર્યો આપણોજી, થીર કરી મનવચકાય, રાજવિજય રંગે ભણેજી, સાધુતણી એ સઝાય ॥મે૦॥૧૪॥ ઈતિ મેતારજ મુનિ સઝાય ॥

## अथ श्री समयसुंदरजि कृत धोबी-मानी सझाय लिख्यते॥

ધોબીડા તું ધોજે મનનુ ધોતીયુંરે, રખે રાખતો મેલ લગારરે, અણેરે મેલે જગ મેલો કરેરે, વીણ ધોયું ન રાખે લગારરે, ધો૦॥૧॥ જીન શાસન સરોવર સોહામણુંરે, સમકીત તણી રૂડી પાળરે, દાનાદિક ચ્યાર બારણાંરે, માંહી નવ તત્વ કમળ વીશાળરે ॥ધો૦॥૨॥ તીહાં ઝીલે મુનીવર હંસલારે, પીએ છે તપ જપ નીરરે, સમદમ આદે જે સલારે, તીહાં પખાલે આપણો

ચીરરે ધો૦॥૩॥ તપવજે તપતડકે કરીને, જાળવજે નવતત્વ વા-ડરે, છાંટા ઉડાડે પાપ અઢારનારે, ઇમ ઉજળું હોસે તતકાળરે ધો૦॥૪॥ આલોયણ સાબુડો સુધો કરેરે, રખે આવે માયા સેવાલ રે, નિશ્ચે પવિત્રપણું રાખજેરે, પછે આપણી નેમી સંભાળરે, ધો૦॥૫॥ રખે મુકતો મન મોકલુંરે, ચલ મેલીને, સંકેલરે સ-મયસુંદરની સીખડીરે, સીખડલી અમૃત વેલરે ॥ધો૦॥૬॥ઈતિ॥

## ॥ अथ श्री जीनहरखजी कृत ढंढण रुषिनी सज्ञाय ॥

ઢંઢણ રીષિજીને વંદણા હું વારી; ઉતકૃષ્ટો અણગારરે ॥ હું વારીલાલ, અભિગ્રહલીધો આકરો. હું૦ લબ્ધ લેશું આહાર રે હું૦ઢં૦૧॥ દિનપ્રતિ જાવે ગોચરી હું૦નમિલે શુદ્ધ આહારરે હું૦ નલિએ મુલ અસુઝતો હું૦ પિંજર હુવો ગાતરે હું૦ ઢં૦॥ ૨॥ હરિ પુછે શ્રી નેંમને હું૦ મુનિવર સહસ અઢારરે હું૦ ઉત-કૃષ્ટો કૂણ એહ મેં હું૦ મુઝને કહો કૃપાલરે હું૦ઢં૦॥૩॥ ઢંઢણ અધિકો દાખીયો હું૦ શ્રીમુખ નેમજિણંદરે હું૦ કૃસ્ન ઉમાહ્યો વાંદવા હું૦ ધન જાદવકુલચંદરે હું૦ઢં૦॥૪॥ ગલિયારે મુનિવર મિલ્યા હું૦વાંદે કૃસ્ન નરેસરે હું૦ કિણહી મિથ્યાત્વી દેખને હું૦ આયો ભાવ વિશેષરે હું૦ ઢં૦॥૫॥ આવો મુજ ઘર સાધુજી હું૦ લ્યો મોદિક છે સુધરે હું૦ રૂષિજી લેઇ આવિયા હું૦ પ્રભુ-

જી પાસ વિસુદ્ધરે હું૦ ઢં૦॥૬॥ મુઝ લબ્ધ મોદિક મિલ્યા હું૦ મુઝને કહો કૃપાલરે હું૦ લબ્ધ નહીં વછ તાહરી હું૦ શ્રિપતિ લબ્ધ નિહાલરે હું૦ ઢં૦॥૭॥ તો મુજને લેવો નહીં હું૦ ચાલ્યો પરઠણ કાજરે હું૦ ઈટનિવાહે જાયને ચુર્યાં કર્મ સમાજરે હું૦ ઢં૦॥૮॥ આઇ સુધી ભાવના હું૦ પામ્યો કેવલજ્ઞાનરે હું૦ ઢં ઢણરિષ મુગતે ગયા હું૦ કહે જિન હર્ષ સુજાણરે હું૦ ઢં૦॥૯॥ ઈતિશ્રી ઢંઢણમુનિસઝાય ॥

# ॥ स्तुति समुदाय॥ अथ सिद्धचक्रस्तुति॥

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો ॥ દર્શન જ્ઞાન ચારિત્ર નમો તપ, એ સિદ્ધચક્ર સદા પ્રણમો ॥૧॥ અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે ॥ પડિક્કમણાં દેવવંદન વિધિશુ, આંબિલ તપ ગણણું ગણો વિધિ શું ॥૨॥ છરિ પાલી જે તપ કરશે, શ્રીપાલતણી પેરે ભવ તરસે ॥ સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહના જિન આગમ ગુણ બોલે ॥૩॥ સાઢાચારે વરસે તપ પૂરૂં, એ કર્મ વિદારણ તપ શૂરૂં ॥ સિદ્ધચક્ર મન મંદિર થાપો, નય વિમલેસર વર આપો ॥૪॥ ઈતિ ॥

# ॥ अथ पंचमीनी स्तुति ॥

શ્રાવણશુદિ દિનપંચમીએ, જનમ્યા નેમ જિણંદ તો શ્યામવરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો ॥ સહસ વરસ પ્રભુ આઉખુંએ, બ્રહ્મચારી ભગવંત તો ॥ અષ્ટકરમ

હેલેં હણિએ, પોહોતા મુક્તિ મહંત તો ॥૧॥ અષ્ટાપદ આદિ જિનએ, પહોતા મુક્તિ મોઝાર તો ॥ વાસુપુજય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનારતો ॥ પાવાપુરી નગરીમાં વલિએ, શ્રીવીરતણું નિર્વાણનો ॥ સમેત શિખર વીશ સિદ્ધ હુઆએ, શિવહું તેહની આણતો ॥૨॥ નેમનાથ જ્ઞાની હુવાએ, ભાખે સાર વચન્ન તો ॥ જીવ દયા ગુણ વેલડીએ, કીજે તાસ જતન તો ॥ મૃષા ન બોલો માનવીએ, ચોરી ચિત્ત નિવારતો ॥ અનંત તીર્થંકર એમ કહેએ, પરહરિયે પરનારતો ॥૩॥ ગોમેદ નામે જક્ષ ભલોએ, દેવી શ્રીઅંબિકા નામતો ॥ શાસન સાનિધ્ય જે કરેએ, કરે વલિ ધર્મનાં કામ તો ॥ તપ ગચ્છ નાયક ગુણનિલોએ, શ્રી વિજય સેન સુરિરાયતો ॥ રિખભ દાસ પાય સેવતાંએ, સફળ કરો અવતાર તો ॥૪॥ ઇતિશ્રી પંચમી સ્તુતિ સંપુર્ણ ॥

## ॥ अथ आदिजिनस्तुति ॥

આદિ જીનવર રાયા, જાસ સોવન્ન કાયા, મરૂદેવી માયા ધોરી લંછન પાયા, જગતસ્થિતિ નિપાયા શુદ્ધ ચારિત્ર પાયા, કેવલ સિરિરાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥ સવિજન સુખકારિ, મોહમિથ્યા નિવારી, દુરગતિ દુઃખ ભારી

શોક સંતાપ વારી ॥ શ્રેણીક્ષપક સુધારી કેવલાનંત ધારી નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી ॥ ૨ ॥ સમવસરણ બેઠા, લાગે જે જીનજી મીઠા, કરે ગણપ પૈઠા, ઇંદ્રિચંદ્રાદિ દીઠા, દ્વાદશાંગી વરિઠા, ગુંથતાં ટાલે રિઠા, ભવિજન હોય હિઠા, દેખી પુણ્યે ગરિઠા ॥ ૩ ॥ સુર સમકિત વંતા, જેહ રિદ્ધે મહંતા જેહ સુજન સંતા, ટાલિયે મુળચિંતા, જિનવર સેવંતા, વિઘ્નવારે દુરંતા, જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખદિંતા ॥૪॥

## ॥ अथ शाश्वतजिनस्तुति ॥

રૂષભચંદ્રાનન વંદન કીજે, વારિખેણ દુઃખ વારેજી ॥ વર્દ્ધમાન જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી ॥ ભરતાદિક ખેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી ॥ તેણે ચારે એ શાશ્વત જિનવર, નમીએ નિત્ય સવારેજી ॥ ઉર્દ્ધ અધો ત્રીછેલોકે થઈ, કોડી પન્નરસે જાણોજી ॥ ઉપર કોડી બેંતાલીસ પ્રણમો, અડવન્ન લખ મન આણોજી ॥ છત્રીશ સહસ એંશી તે ઉપર, બિંબતણો પરિમાણોજી ॥ અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી ॥ ૨ ॥ રાયપશ્રેણી જીવાભિગમેં, ભગવતી સુત્રેં ભાખીજી ॥ જંબુદ્વીપ પન્નત્તી ઠાણાંગેં, વિવરીને ઘણું દાખીજી ॥ વલી અશાશ્વતી જ્ઞાતા કલ્પમાં, વ્યવહાર પ્રમુખેં આખીજી ॥ તે જીન પ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સુત્રછે સાખીજી ॥ ૩ ॥ એ જિન પૂજાથી આરાધક, ઈશાન ઇંદ્ર કહાયાજી, ॥ જેમ સુરીયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયાજી ॥ નંદીસર અઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી ॥ જિન ઉત્તમ કલ્યાણક દિવસેં, પદ્મવિજય નમે પાયાજી ॥ ૪ ॥

# समकितना ६७ बोल.

| | |
|---|---|
| ૪ સદ્દહણા | ૫ ભૂષણ |
| ૩ લિંગ | ૫ લક્ષણ |
| ૧૦ વિનય | ૬ જતના |
| ૩ શુદ્ધિ | ૬ આગાર |
| ૫ દૂષણ | ૬ ભાવના |
| ૮ પ્રભાવક | ૬ સ્થાન |

## चारसद्दहणा.

૧ જીવાદિક નવ તત્વનો અભ્યાસ કરવો, વિચાર કરવો.
૨ સાધુ મુનીરાજની શેવા કરવી.
૩ પાસથ્થા, કુશીલીઆ, વેશવીડંબક એવા સમકીતથી ભ્રષ્ટનો સંગ કરવો નહીં.
૪ અન્યદર્શની, મિથ્યા દ્રષ્ટીનો સંગ ન કરવો.

## त्रण लिंग.

૧ સિધ્ધાંત એટલે વીતરાગની વાણી સાંભળવાની અતિ અભિલાષા.
૨ ચારિત્ર ધર્મ એટલે વ્રત પચ્ચખાણ કરવાની અતિ અ-ભિલાષા
૩ દેવ ગુરૂ પ્રમુખ ઊત્તમ પુરૂષોની વૈયા વૃત્ય કરવામાં સાવધાન.

## दश विनय.

૧ અરિહંત દેવનો.
૨ સિધ્ધ ભગવાનનો
૩ જીન પ્રતિમાનો
૪ શ્રૂત ધર્મનો

| | |
|---|---|
| ૫ ચારિત્ર ધર્મનો | ૮ ઉપાધ્યાયનો |
| ૬ સર્વ સાધુનો | ૯ ચતુર્વીધ સંઘનો |
| ૭ આચાર્યનો | ૧૦ સમ્યક દર્શનનો |

વિનય એટલે શેવા, ભકિત, બહુમાન, અતરંગ પ્રેમ, ગુણ ગ્રામ કરવા તથા અવગુણ છોડવા, આશાતના ટાળવી તેમાં દેવની ૮૪ અને ગુરૂ સંબંધી ૩૩ આશાતના ટાળવી.

## त्रण शुद्धि.

૧ મનશુદ્ધિ એટલે વીતરાગનો ભાખ્યો ધર્મ સારછે બીજું કંઈ સંસારમાં સાર નથી એવો ઉપભાવ તે

૨ વચન શુદ્ધિ એટલે જીનધર્મ આરાધતાં કલ્યાણ નહીં હોય તો બીજાથી કેમ હોય. કલ્યાણ તો વીતરાગના ધર્મથકીજ છે બીજાથી કલ્યાણ નથી એમ કહેવું તે.

૩ કાય શુદ્ધિ એટલે કોઈ છેદો, ભેદો અનેક પ્રકારની પીડા ઊપજાવો, પણ વીતરાગ વીના બીજાની આગળ મસ્તક ન નમાવવુ તે.

## पांच दूषण.

૧ શંકા એટલે વીતરાગના વચનમાં શંસય કરવો

૨ કાંક્ષા એટલે જીનમત વીના બીજા મતની વાંછા કરવી.

૩ વિચિકિત્સા એટલે ધર્મના ફળ વિષે સંદેહ કરવો.

૪ પ્રશંસા એટલે કુલિંગી, દર્શલિંગી પાખંડી લોકોની પ્રશંસા કરવી.

૫ સંસ્તવ એટલે ઉપર બતાવેલા પાખંડી લોકનો પરિચય કરવો. એ પાંચ દૂષણ વર્જવાં.

## आठ प्रभावक.

૧ જીનમત પરમતના શાસ્રનો જાણ.
૨ ધર્મ ઉપદેશનો દેનાર,
૩ ન્યાયથી વાદ કરનાર,
૪ નિમિત્તનો જાણ.
૫ ક્ષમાવંત નિર્લોભી, તપસ્વી.
૬ વિદ્યા મંત્રનો જાણ હોય
૭ સિદ્ધ સંપન્ન ( આકાશ પ્રદેશની વિદ્યાએ સહીત. )
૮ કવિ.

ઉપર કહેલા આઠ જીનમત દીપાવનાર કહીએ. એવા થવાનો ઉદ્યમ કરવો જેથી જીનધર્મ દીપાવવામાં આવે અથવા એવા પુરૂષોની તેમના સમકીતવંત ગુણ જોઇને શેવા કરવી.

## पांच भूषण.

૧ જિન માર્ગને વિષે કુશળ હોય.
૨ જિન શાસનની પ્રભાવના એટલે દીપાવવું અથવા વૃદ્ધિ થાય તેમ કરવું.
૩ ગીતાર્થ મુનિરાજ અને તીર્થની શેવા કરવી.
૪ જૈન ધર્મને વિષે દ્રઢતા રાખવી.
૫ દેવ, ગુરૂ તથા સિદ્ધાંતનો વિનય વૈયાવચ કરવો.

## पांच लक्षण.

૧ ઉપસમ એટલે ક્રોધ, માન, માયાને લોભ એ ચાર કષાયનું ટાળવું તે.

૨ સંવેગ એટલે મોક્ષના સુખની અભિલાષા રાખવી.
૩ નિર્વેદ એટલે સંસારના દુઃખ થકી ઉદાસ રહેવું.
૪ અનુકંપા એટલે જીવને દુઃખ થકી નિવારણ કરવાની ઈ-
ચ્છા અર્થાત સર્વ જીવને વિષે દયા ભાવ રાખવો.
૫ આસ્તિકય એટલે શ્રીવીતરાગે ભાખ્યું તે સત્યછે જુઠ
કાંઈ પણ નથી એવી દ્રઢ આસ્થા રાખવી.

## છ જતના.

૧ પરતીર્થિકાદિવંદન એટલે અન્યતીર્થિ અન્યતીર્થિના દે-
વ તથા અન્યતીર્થીની ગ્રહણ કરેલી પ્રતિમાને વંદન કર-
વું નહીં એટલે તેમની આગળ બે હાથ જોડવા નહી.
૨ નમસ્કરણં એટલે તેમને નમસ્કાર કરવો નહી એટલે તેમ-
ની આગળ માંથું નમાવવું નહીં.
૩ આલાપનં એટલે તેમની સાથે પ્રથમ બોલવું નહીં.
૪ સંલાપનં એટલે તેમની સાથે વારંવાર બોલવું નહીં.
૫ અશનાદિદાનં એટલે ખાવાપીવાનું ધર્મ બુદ્ધિએ આપ-
વું નહીં.
૬ ગંધપુષ્પાદિ પ્રેષણં એટલે તેમને ગંધપુષ્પાદિ મોકલવા નહીં.

## છ આગાર.

૧ રાજાભિયોગ, એટલે રાજાના કહેવાથી કરવું.
૨ ગણાભિયોગ. એટલે ઘણા લોકોના કહેવાથી કરવું.
૩ બળાભિયોગ એટલે બળવાનના કહેવાથી કરવું.

૪ સુરાભિયોગ એટલે દેવતાદિકની હઠથી કરવું.
૫ કાંતારવૃત્તી એટલે આજીવીકાને વાસ્તે કરવું
૬ ગુરૂનિગ્રહ એટલે માતાપીતા કળાચાર્ય પ્રમુખના કહેવાથી કરવું.

આ છ આગાર પોતાની મરજી ન છતાં લાચારીથી તેમના કહેવાથી શેવવા.

# ૭ ભાવના.

૧ સમકિત કેવું છે ચારિત્ર ધર્મરૂપી ઝાડનું મુળ છે.
૨ વળી સમકિત કેવું છે તો ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેસવાનું બારણું છે.
૩ આ સમકિત ચારિત્ર ધર્મરૂપી મેહેલનો મુળ પાયોછે.
૪ વળી સમકિત જ્ઞાન ચારિત્રાદિ ગુણરૂપ રત્નનો નિધિછે.
૫ વળી સમકિત કેવું છે તો ચારિત્ર રૂપી જીવીતપણાનો આધાર છે.
૬ વળી સમકિત શ્રુતચારિત્ર રૂપી રસનું પાત્ર છે.

# છ સ્થાન.

૧ જીવ છેજ.
૨ જીવ નિત્ય છે.
૩ જીવ કર્મનો કર્તા છે.
૪ જીવ કર્મનો ભોગવનાર છે.
૫ જીવને મોક્ષ છે.

૬ જીવને મોક્ષનો ઉપાય છે એટલે કર્મ રહિત થવાનો ઉ-
પાય છે.

શો ઉપાય છે? સમ્યગ્, જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઇતિ સમકિતના ૬૭ બોલ સંક્ષેપે સંપૂર્ણ.

# भवाभिनंदी जीवोनां लक्षण.

પાંચ ઇંદ્રિયોનાં વિષય સુખ પરમારથે કરી દુઃખકારી છે તોપણ તેને વિષે જેજીવો સુખની બુદ્ધિએ કરીને આનંદ માને છે તેને ભવાભિનંદી કહીએ. તેમનાં લક્ષણ નીચે મુજબ.

૧ અહારને અર્થે એટલે જો હું સામાયક પોસો તથા દેશાવકાસાદિક ધર્મકરણી કરીશ તો જમવાનું મળશે એવી વિચારણાથી ધર્મ કરણી કરવી તે.

૨ પૂજાવાને અર્થે ધર્મ કરે એટલે જો હુ ધર્મ કરણી કરીશ તો લોકમાં પૂજનીક થઇશ એવો અભિપ્રાય રાખવો તે.

૩ ઉપધી એટલે વસ્ત્ર પાત્રાદિકને અર્થે ધર્મ કરણી કરવી તે.

૪ રિદ્ધિ ગારવ એટલે શ્રાવક પોતાના કરવાને અર્થે એટલે જો ધર્મ કરણી કરીશ તો આ શ્રાવક મારા થશે અને એમનાથી મારૂં ગુજરાન થશે એવી બુદ્ધિએ કરીને ધર્મ કરણી કરવી તે.

૫ ક્ષુદ્ર એટલે અગંભીર હોય એટલે પારકાં છીદ્ર ખોળતો ફરે અને લોકોના કિંચિત્ અવગુણ દેખી લોકોની આગળ વિશેષ પણે કહેતો ફરે અને પોતાના અવગુણ ઢાં-

કે અને પોતાના ગુણનો ઉત્કર્ષ કરે એટલે હરેક રીતે પોતાનો ગુણ પ્રગટ થાય એમ લોકોની આગળ બોલવું તે.

૬ લોભને વિષે એટલે પુદ્ગળ ભાવને વિષે એટલે ધન ધાન્ય વસ્ત્ર પાત્ર જશ કીર્તિ મેળવવાને વિષે તત્પર એટલે લીન એટલે આસક્ત રહેવું તે.

૭ દીન એટલે પુદ્ગળ ભાવના વિયોગે કરીને રાંક એટલે આગામી કાળની ચિંતા કરે કે હાય હાય હું શું ખાઈશ અને હવે હું કેમ કરીશ, હવે મારા કુટુંબનો નિર્વાહ કેમ ચાલશે એવી ચિંતા કરે પણ આત્મ સ્વરૂપનો કાંઇ પણ વિચાર કરે નહીં તે.

૮ મત્સરી એટલે પારકા ગુણને ન સહે તે

૯ ભયવાન એટલે પુદ્ગલાદિક વસ્તુના વિયોગનો ભય કરવો તે.

૧૦ શઠ એટલે કપટી.

૧૧ અજ્ઞાની એટલે સર્વ વસ્તુનો અજાણ.

ઉપર લખેલાં અગીયાર લક્ષણો હરેક જણે વર્જવાં અને ધર્મ કરણી કરતાં તો વિશેષપણે વર્જવાં.

## मिथ्यात्वना बोल.

૧ પ્રરૂપણા મિથ્યાત્વઃ— શ્રી જીનેશ્વર મહારાજે ભાષિત જે અર્થ તે થકી અવળી પ્રરૂપણા કરવી તે.

૨ પ્રવર્તન મિથ્યાત્વ— લૌકિક તથા લોકોત્તર મિથ્યાત્વની કરણી કરવી તે.

૩ પરિણામ મિથ્યાત્વ—મનમાં એટલે પરિણામમાં જુઠો

હઠવાદ રાખવો અને કેવળી મહારાજે પ્રરૂપ્યા એવા નવતત્વના અર્થ યથાર્થ સદ્દહવા નહીં તે.

૪ પ્રદેશ મિથ્યાત્વ—સત્તાગતમાં રહેલી મોહની કર્મની સાત પ્રકૃતિ તે.

# मार्गानुसारीना ३५ बोल.

૧ ન્યાય સંપન્ન વિભવ: ન્યાયથી ધન મેળવવું એટલે સ્વામિદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવુ, ચોરી કરવી, થાપણ ઓળવવી વીગેરે નિંદવા યોગ્ય કામ ત્યાગ કરીને ધન ઉપાર્જન કરવું

૨ શિષ્ટાચાર પ્રશંસા=ઉત્તમ પુરૂષોનાં આચરણનાં વખાણ કરવા.

૩ સરખા કુળાચાર વાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો

૪ પાપના કામથી ડરવું.

૫ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.

૬ કોઇનો અવર્ણ વાદ બોલવો નહીં.

૭ જે ઘરમાં પેસવા નિકળવાના અનેક રસ્તા નથી તથા જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય અને પાડોશી સારા હોય તેવા ઘરમાં રહેવું.

૮ સારા આચરણવાળા પુરૂષોની સોબત કરવી.

૯ માતા તથા પિતાની પૂજા કરવી એટલે તેમનો સર્વ રીતે વિનય સાચવવો અને તેમને પ્રસન્ન રાખવાં.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો એટલે લડાઇ, દુકાળ વગેરે અડચણવાળાં ઠેકાણાં છોડવાં.

૧૧ નિંદિત કામમાં ન પ્રવર્તવું એટલે નિંદવા યોગ્ય કામ ન કરવાં.

૧૨ આવક પ્રમાણે ખરચ રાખવું

૧૩ ધનને અનુસરતો વેષ રાખવો એટલે પેદાશ પ્રમાણે પોશાકી રાખવી.

૧૪ આઠ પ્રકારના બુદ્ધિના ગુણને સેવવા તે આઠ ગુણનાં નામ. ૧ શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા, ૨ શાસ્ત્ર સાંભળવું, ૩ તેનો અર્થ સમજવો, ૪ તે યાદ રાખવો, ૫ ઉહ=તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન, ૬ અપોહ એટલે વિશેષ જ્ઞાન, ૭ ઉહાપોહથી સંદેહ ન રાખવો, ૮ તત્વ જ્ઞાન એટલે આ વસ્તુ આમજ છે એવો નિશ્ચય કરવો.

૧૫ નિત્ય ધર્મને સાંભળવો જેથી બુદ્ધિ નિર્મળ થાય.

૧૬ પહેલાં જમેલું ભોજન પચી જાય ત્યારે પછી નવું ભોજન કરવું.

૧૭ જ્યારે ખરી ભુખ લાગે ત્યારે ખાવું, પણ એકવાર ખાધા પછી તરતજ મીઠાઈ વીગેરે આવેલું જોઈ લાલચથી તે ઉપર ખાવું નહીં કારણ કે અપચો થાય.

૧૮ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને સાધવા.

૧૯ અતિથિ તથા ગરીબને અન્નપાનાદિ આપવું.

૨૦ નિરંતર અભિનિવેષ રહીત રહેવું એટલે કોઇને પરાભવ કરવાના પરિણામે કરી અનીતિથી કામનો આરંભ કરવો નહીં તે.

૨૧ ગુણી પુરૂષોના પક્ષપાત કરવો એટલે તેમનું બહુ માન કરવું.

૨૨ નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો એટલે રાજા તથા લોકોએ નિષેધ કરેલા દેશકાળમાં જવું નહીં.

૨૩ પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો.

૨૪ પોષણ કરવા યોગ્ય એવાં માતાપિતા સ્ત્રી પુત્રાદિકનું ભરણ પોષણ કરવું.

૨૫ વૃત્તને વિષે રહેલા તથા જ્ઞાને કરી મોટા એવા પુરૂષોને પૂજવા એટલે તેમનો સારી રીતે વિનય સાચવવો—

૨૬ દીર્ઘદર્શી એટલે જે કામ કરે તેમાં લાંબી દ્રષ્ટી ફેરવી તેનાં શુભાશુભ ફળનો તપાસ કરી ચાલવું.

૨૭ વિશેષજ્ઞ એટલે દરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષનો તપાસ કરવો.

૨૮ કૃતજ્ઞ ( કર્યા કામનો જાણ ) એટલે કરેલા ઉપકારને તથા અપકારને સમજવો.

૨૯ લોકપ્રીય એટલે વિનયાદિ ગુણેકરી લોકપ્રીય થવું.

૩૦ લજ્જાળુ ( લાજવાળો ) એટલે લાજમર્યાદામાં રહેવુ—

૩૧ દયાળુ એટલે દયાભાવ રાખવો.

૩૨ સુંદર આકૃતિવાન એટલે ક્રુર આકૃતિનો ત્યાગ કરી શરીરનો સુંદર આકાર રાખવો—

૩૩ પરોપકારી એટલે પરને ઉપકારી થવું—

૩૪ અંતરંગારિજિત એટલે કામ ક્રોધ લોભ માન મદ તથા હર્ષ એ ૭ અંતર વેરીને જીતવા—

૩૫ વશીકૃતેંદ્રિયગ્રામ એટલે ઇંદ્રીયોના સમુહને વશ કરવા એટલે સર્વે ઇંદ્રિયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

બાળજીવોને મોંઢે કરવા સુગમ પડે માટે ઉપરના મા-

ર્ગાનુસારીના પાંત્રીસ બોલ સંક્ષેપથી લખ્યાછે. વિશેષ વિવરણ ગ્રંથાંતરોમાંથી જોઈ લેવું—

# અથ છત્રીશી શિખામણ.

## પંડિત શ્રી વીરવિજયજી કૃત.

સાંભળરે તું સજની મોરી—એ દેશી.

સાંભળજો સજ્જન નરનારી, હેત શીખામણ સારીજી;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી.
સુણજો સજ્જનોરે ૧
લોક વિરૂદ્ધ નિવાર ॥સુ.॥, જગત વડો વ્યવહાર ॥સુ॥ એ આંકણી.
મુરખ બાલક જાચક વ્યસની, કારૂને વળી નારૂજી;
જો સંસાર સદા સુખ વંછો, ચોરની સંગતી વારો. સુ૦ ૨
વેશ્યા સાથે વણજ ન કરીએ, નીચસ્યું નેહ ન કરિએજી;
ખંપણ આવે ધરધન જાવે, જીવિતને પરિહરિએ. સુ૦ ૩
કામ વિના પર ઘર નવિ જઈએ, આળે ગાળ ન દીજેજી;
બળીઆ સાથે બાથ ન ભરિએ, કુટુંબ કલહ નવ કીજે. સુ૦ ૪
દુષ્મનસ્યું પરનારી સાથે, તજીએ વાત એકાંતેજી;
માતા બહેન સ્યું મારગ જાતાં વાત ન કરીએ રાતે. સુ૦ ૫
રાજા રમણી ધરનો સોની, વિશ્વાસે નવિ રહીએજી;
માત પિતા ગુરૂ વિણ બીજાને, ગુજયનિવાત ન કહિએ. સુ૦ ૬
અણજાણ્યા સ્યું ગામ ન જઈએ, ઝાડ તળે નવિ વસીએજી;
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દુર ખસિએ. સુ૦ ૭
રમત કરતાં રીસ ન કરીએ, ભય મારગ નવિ જઇએજી;

બેજણ વાત કરે જિહાં છાંની, તિહાં ઉભા નવિ રહિએ. સુ૦ ૮
હુંકારા વિણ વાત ન કરીએ ઈચ્છા વિણ નવિ જમિએજી;
ધન વિદ્યાનો મદ પરિહરિએ, નમતા સાથે નમિએ. સુ૦ ૯
મુરખ જોગી રાજા પંડિત, હાંસિ કરી નવિ હસિએજી;
હાથી વાઘ સરપ નર વઢતાં, દેખીને દુર ખસિએ. સુ૦ ૧૦
કુવા કાંઠે હાંસિ ન કરિએ, કેફ કરી નવિ ભમિએજી;
વરો ન કરીએ ઘર વેચીને, જુગટડે નવિ રમીએ. સુ૦ ૧૧
ભણતાં ગણતાં આળસ તજીએ, લખતાં વાત ન કરિએજી;
પરહસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરિએ. સુ૦ ૧૨
નામું માંડે આળસ છંડી, દેવાદાર ન થઇએજી
કષ્ટ ભયાદિક થાંનક વરજી, દેસાવર જઈ રહિએ. સુ૦ ૧૩
ધનવંતો ને વેશ મલિનતા. પગસ્યું પગ ઘસિ ધોવેજી;
નાપિત ઘર જઈ શિર મુંડાવે, પાણિમાં મુખ જોવે. સુ૦ ૧૪
નાવણ દાતણ સુંદર ન કરે, બેઠો તરણાં તોડેજી;
ભુએ ચીત્રાંમણ નાગો સુએ, તેહને લક્ષ્મી છોડે. સુ૦ ૧૫
માતા ચરણે શિશ નમાવી, બાપને કરીએ સલામોજી;
દેવ ગુરૂને વિધીએ વાંદી, કરે સંસારનું કામ. સુ૦ ૧૬
બે હાથે માથું નવિ ખણિએ, કાન નવિ ખોતરીએજી;
ઉભા કેડે હાથ ન દિજે, સામે પુરે નવિ તરીએ. સુ૦ ૧૭
તેલ તમાકુ દુરે તજીએ, અણુગલ જલ નવિ પીજેજી;
કુળવંતિ સતિને શિખામણ, હવે નર એઓદીજે. સુ૦ ૧૮
સસરો સાસુ જેઠ જેઠાણી, નણદી વિનય મમુકોજી;
શ્યાણ પણે શેરી સંચરતાં ચતુરા ચાલિ મચુકે. સુ૦ ૧૯
નીચ સાહેલી સંગ ન કીજે, પર મંદિર નવિ ભમીએજી;

રાત્રિ પડે ઘર બાર ન જઇએ, સહુને જમાડી જમીએ. સુ૦ ૨૦
ધોબણ માલણ ને કુંભારણ, યોગણ સંગ ન કરીએજી;
સેહુજે કોઇક આલ ચઢાવે, એવડું શેને કરીએ. સુ૦ ૨૧
નિજ ભરતાર ગયો દેશાવર, તવ શણગાર ન ધરિએજી;
જમવા નાતિ વચ્ચે નવિ જઇએ, દુર જન દેખી ડરિએ. સુ૦ ૨૨
પર શેરી ગરબો ગાવાને, મેળે ખેલે ન જઇએજી;
નાવણ ધોવણ નદી કીનારે, જાતાં નિરલજ થઇએ. સુ૦ ૨૩
ઉપડતે પગે ચાલી ચાલી જે, હુન્નર સહુ શીખીજેજી;
સ્નાન સુવસ્ત્રે રસોઇ કરીને, દાંન સુપાત્રે દીજે. સુ૦ ૨૪
શોક તણાં લધુ બાલક દેખી. મ ધરો ખેદ હિયામેજી;
તેહુની સુખ શીતળ આશીસેં, પુત્ર તણાં ફલ પામે. સુ૦ ૨૫
બાર વરસ બાલક સુર પડિમા, એ બે સરિખાં કહીએજી;
ભકિત કરયે સુખ લીલા પામે, ખેદ કરે દુઃખ લહિએ. સુ૦ ૨૬
નરનારી બેહુને શિખામણ, મુખ લવરી નવિ હસિએજી;
નાતિ સગાનાં ઘર છંડીને, એકલડાં નવિ વસિએ. સુ૦ ૨૭
વમન કરીને ચિતા ઝાલે, નબળે આસન બેસીજી;
વિદિશે દક્ષણ દિશ અંધારે, બોટયુ પશુએ પેશી. સુ૦ ૨૮
અણજાણયે રૂતુ વંતિ પાત્રે, પેટ અજીરણ વેળાજી;
આકાસે ભોજન નવિ કરિએ, બે જણ બેશી ભેળા. સુ૦ ૨૯
અતિશે ઉનું ખારૂં ખાટું, શાક ઘણું નવિ ખાવુંજી;
મૌન પણે ઉઠી ગણું વરજી, જમવા વેળા નહાવું. સુ૦ ૩૦
ધાન વખાણી વખોડી ન ખાવું, તડકે બેશી ન જમવુંજી;
માંદા પાસે રાત તજીને, નરણાં પાણી ન પીવુંજી સુ૦ ૩૧
કંદ મુલ અભક્ષ ને બોળો, વાસી વીદલ તે વરજોજી;

જુઠ તજો પર નિંદા હિંસા, જો વળી નરભવ સરજો. સુ૦ ૩૨
વ્રત પચ્ચખ્ખાણ ધરી ગુરૂ હાથે, તીરથ યાત્રા કરીએજી;
પુન્ય ઉદય જો મોટા પ્રગટે, તો સંઘવી પદ ધરિયે. સુ૦ ૩૩
મારગમાં મન મોકળુ રાખી, બહુ વીધ સંઘ જમાડોજી;
સુર લોકે સુખ સઘળાં પાંમે, પણ નહીં એવો દહાડો. સુ૦ ૩૪
તીરથ તારણ શીવ સુખકારણ, સિદ્ધાચલ ગિરનારજી;
પ્રભુ ભકિત ગુણ શ્રેણે ભવજલ, તરીએ એક અવતારે. સુ૦ ૩૫
લોકીક લોકોતર હિત શિક્ષા, છત્રીસીએ બોલીજી;
પંડિત શ્રી શુભવીર વિજય મુખ, વાણી મોહન વેલી. સુ૦ ૩૬

## सझाय.

સજજા ભલીરે સંતોષની, કીજીએ ધર્મ રસાલરે; એ ટેક
મુગતી મંદીર માંહી પોઢીયા, સુતાં સુખ અપારરે. સ૦ ૧
સંજમ તલાઇ ભલી પાથરી, વિનય ઓશીસાં સારરે;
સમતાએ ગાલ મસુરીયાં, વેજણીઓ વ્રત ધારીરે. સ૦ ૨
ઉપશમ ખાટ પછેવડી, સોલડીએ વેરાગરે;
ધર્મ શીખ ભલી ઓઢણી. ઓડે તે ધર્મને જાણેરે. સ૦ ૩
એ સજજાએ કોણ પોઢશે, પોઢશે શીયળવંતી નારીરે;
કવીયણ મુખ ઇમ ઉચરે, પોઢશે પુરૂષ વ્રત ધારીરે; સ૦ ૪
ધર્મ કરો તુંમે પ્રાણીયા, આતમ ને હિતકારીરે;
વિનય વિજય ઉવઝાયનો, લ્યો કેવળ સુખકારીરે. સજજા૦ ૫

## ॥ श्री रत्नाकर पच्चीशी ॥

શ્રેય:શ્રિયાં મંગકેલિ સદ્મ, નરેંદ્ર દેવેંદ્ર નતાંઘ્રીપદ્મ;
સર્વજ્ઞ સર્વાતિશય પ્રધાન, ચિરંજય જ્ઞાનકલા નિધાન ॥૧॥
જગત્રયાધાર કૃપાવતાર, દુર્વાર સંસાર વિકારવૈદ્ય;
શ્રીવીતરાગ ત્વયિ મુગ્ધ ભાવા, દ્વિજ્ઞપ્રભો વિજ્ઞપયામિ કિંચિત્

કિંબાલલીલા કલિતો ન બાલઃ પિત્રોઃપુરો જલ્પતિ નિર્વિકલ્પઃ
તથા યથાર્થં કથયામિ નાથ, નિજાશયં સાનુશયસ્તવાગ્રે ॥૩॥
દત્તં નદાનં પરિશીલિતંચ, ન શાલિશીલં ન તપોભિતપ્તં;
શુભો ન ભાવોપ્ય ભવ ભ્રમેસ્મિન્, વિભોમયા ભ્રાંતમહો મુધૈવ ૪
દગ્ધોગ્નિના ક્રોધમયેન દષ્ટો, દુષ્ટેન લોભાખ્યમહોરગેણ;
ગ્રસ્તોભિમાનાજગરેણુ માયા, જાલેન બદ્ધોસ્મિકથં ભજેત્વાં ॥૫॥
કૃતંમયા મુત્રહિતં નચેહ, લોકેપિ લોકેશ સુખં નમે ભૂત્;
અસ્મા દશાં કેવલ મેવ જન્મ, જિનેશ જજ્ઞે ભવ પૂરણાય ॥૬॥
મન્યે મનોયન્ન મનોજ્ઞ વૃત્તં, ત્વદાસ્ય પીયૂષ મયુખલાભાત્;
દ્રુતં મહાનંદ રસં કઠોર, મસ્મા દશાં દેવ તંદશ્મતોપિ ॥૭॥
ત્વત્તઃ સુદુઃપ્રાપ્ય મિદં મયાપ્તં, રત્નત્રયં ભૂરિ ભવ ભ્રમેણુ;
પ્રમાદ નિદ્રા વશતો ગતં તત્કસ્યાગ્રતો નાયકપૂત્કરોમિ ॥૮॥
વૈરાગ્ય રંગો પરવંચનાય, ધર્મોપદેશો જનરંજનાય;
વાદાય વિદ્યાધ્યયનંચમે ભૂત્ કિયદ્બ્રુવે હાસ્યકરં સ્વમીશ ॥૯॥
પરાપવાદેન મુખં સદોષં, નેત્રં પરસ્ત્રી જન વીક્ષણેન;
ચેતઃ પરાપાય વિચિંતનેન, કૃતં ભવિષ્યામિ કથં વિભોહં ॥૧૦॥
વિડંબિતં યત્સ્મર ઘસ્મરાર્તિ, દશા વશાત્સ્વં વિષયાંધલેન;
પ્રકાશિતં તદ્ભવતો હ્રિયૈવ, સર્વજ્ઞ સર્વં સ્વયમેવ વેત્સિ ॥૧૧॥
ધ્વસ્તોન્ય મંત્રૈઃ પરમેષ્ઠિ મંત્રઃ કુશાસ્ત્ર વાક્યૈર્નિહતાગમોક્તિઃ;
કર્તું વૃથા કર્મ કુદેવ સંગા, દવાંછિહિ નાથ મતિ ભ્રમો મે ॥૧૨॥
વિમુચ્ય દ્રગ્લક્ષ્ય ગતં ભવંતં, ધ્યાતા મયા મૂઢ ધિયા હૃદંતં;
કટાક્ષ વક્ષોજગભીર નાભી, કટી તટીયાઃ સુદશાં વિલાસાઃ ॥૧૩॥
લોલેક્ષણા વક્ત્ર નિરીક્ષણેન, યો માનસે રાગલવો વિલગ્નઃ;
ન શુદ્ધ સિદ્ધાંત પયોધિ મધ્યે, ધૌતો પ્યગાત્તારક કારણંકિં ॥૧૪॥
અંગં ન ચંગં ન ગણો ગુણાનાં, ન નિર્મલઃ કોપિ કલા વિલાસઃ

સ્ફુટત્પ્રભા ન પ્રભુતા ચ કાપિ, તથાપ્યહંકારકદર્થિતો હં ॥૧૫॥
આયુર્ગલત્યાશુ ન પાપબુદ્ધિર્ગતં વયો નો વિષયાભિલાષ:
યત્નશ્ચ ભૈષજ્ય વિધૌ ન ધર્મે, સ્વામિન્મહામોહ વિડંબના મે॥૧૬॥
નાત્મા ન પુણ્યં ન ભવો ન પાપં, મયા વિટાનાં કટુગીરપીયં;
અધારિ કર્ણે ત્વયિ કેવલાર્કે, પરિસ્ફુટે સત્યપિ દેવ ધિગ્માં ॥૧૭॥
ન દેવપૂજા ન ચ પાત્રપૂજા, ન શ્રાદ્ધ ધર્મશ્ચ ન સાધુધર્મ;
લબ્ધ્વાપિ માનુષ્યમિદં સમસ્તં, કૃતં મયારણ્ય વિલાપ તુલ્યં॥૧૮॥
ચક્રે મયા સત્સ્વપિ કામધેનુ કલ્પ દ્રુચિંતામણિષુ સ્પૃહાર્ત્તિ:;
ન જૈનધર્મે સ્ફુટશર્મદે પિ, જિનેશ મે પશ્ય વિમૂઢભાવં ॥૧૯॥
સદ્ભોગલીલા ન ચ રોગકીલા, ધનાગમો નો નિધનાગમ શ્ચ;
દારા ન કારા નરકસ્ય ચિત્તે, વ્યચિંતિ નિત્યં મયકાધમેન ॥૨૦॥
સ્થિતં ન સાધોર્હૃદિ સાધુવૃત્તા ત્પરોપકારાન્ન યશોર્જિતં ચ;
કૃતં ન તીર્થોદ્ધરણાદિ કૃત્યં મયા મુધા હારિતમેવ જન્મ ॥૨૧॥
વૈરાગ્યરંગો ન ગુરુદિતેષુ, ન દુર્જનાનાં વચનેષુ શાંતિ:;
નાધ્યાત્મલેશો મમ કોપિ દેવ, તાર્ય: કથં કારમયં ભવાબ્ધિ:॥૨૨॥
પૂર્વે ભવે કારિ મયા ન પુણ્ય, માગામિજન્મન્યપિ નો કરિષ્યે;
યદીદશોહં મમ તેન નષ્ટા, ભૂતો ભવદ્ભાવિ ભવત્રયીશ: ॥૨૩॥
કિં વા મુધાહં બહુધા સુધા ભુક્, પૂજ્ય ત્વદગ્રે ચરિતં સ્વકીયં;॥
જલ્પામિ યસ્માત્ ત્રિજગત્સ્વરૂપ, નિરૂપકસ્ત્વં કિયદેતદત્ર ॥૨૪
દીનોદ્ધારધુરંધર સ્ત્વદપરો નાસ્તે મદન્યત્કૃપા,
પાત્રં નાત્ર જને જિનેશ્વર તથાપ્યેતાં ન યાચે શ્રીયં;
કિં ત્વર્હન્નિદમેવ કેવલ મહો સદ્બોધિ રત્નં શિવં,
શ્રીરત્નાકરમંગલૈકનિલય: શ્રેયસ્કરં પ્રાર્થયે ॥૨૫॥

ઇતિ રત્નાકર પચ્ચીસી સમાપ્ત:

# ॥अथ श्रीआनंदघनजी महाराजकृतपद॥

॥ પદ ૧ રાગ વેલાઉલ ॥

જીય જાને મેરી સફલ ઘરીરી ॥જીય૦॥ એ આંકણી ॥ સુત વનિતા ધન યૌવન માતો, ગરભતણી વેદન વીસરીરી ॥જીય૦॥૧॥ સુપનકો રાજ સાચ કરી માચત, રાચત છાહુ ગગન બદરીરી, આઈ અચાનક કાળ પોચેંગો, ગ્રહેગો જ્યું નાહર બકરીરી ॥જીય૦॥૨॥ અતીહી અચેત કછુ ચેતત નાહીં, પકરી ટેક હારિલ લકરીરી ॥ આનંદઘન હીરો જન છારી, નર મોહ્યો માયા કકરીરી ॥જીય૦॥૩॥ઈતી ॥

॥ પદ ૨॥ રાગ વેલાઉલ ॥

સુહાગણ જાગી અનુભવ પ્રીત ॥સુહા૦॥એ આંકણી ॥ નિંદ અજ્ઞાન અનાદિકી, મીટ ગઇ નિજરીત ॥સુ૦॥ ॥ ઘટ મંદિર દીપક કીયો, સહજસુ જયોતિસરૂપ ॥ આપ પરાઈ આપહી, ઠાનત વસ્તુ અનૂપ ॥સુ૦॥૨॥ કહા દિખાવું ઔરકૂં કહા સમજાઊં ભોર ॥ તીર અચૂક હે પ્રેમકા, લાગે સો રહે ઠોર ॥સુ૦॥૩॥ નાદ વિલુદ્ધો પ્રાણકૂં, ગિને ન તૃણ મૃગલોય ॥ આનંદઘન પ્રભુ પ્રેમકી, અકથ કહાની કોય ॥સુ૦॥૪॥

॥ સાખી ॥ જગ આશા જંજીરકી, ગતિ ઉલટી કુલ મોર ॥ જકર્યો ધાવત જગતમેં, રહે છૂટો એક ઠોર ॥ ૧ ॥

॥ પદ ૩॥ રાગ આસાઉરી ॥

અબધૂ ક્યા સોવે તન મઠમેં, જાગ વિલોક ન ઘટમેં ॥ અબધૂ૦॥ એ આંકણી ॥ તન મઠકી પરતીત ન કીજે, ઢહિપરે એક પલમેં ॥ હલચલ મેટ ખબર લે ઘટકી, ચિન્હે રમતાજ-

લખેં ॥અબધૂ૦॥૧॥ મઠમેં પંચભૂતકા વાસા, સાસા ધુત ખ-વીસા ॥ છિન છિન તોહી છલનકૂં ચાહે, સમજે નબૌરા સીસા ॥અબધૂ૦॥૨॥ શિરપર પંચ વસે પરમેસર, ઘટમેં સૂછમ બારી આપ અભ્યાસ લખે કોઈ વીરલા, નિરખે ધ્રૂકી તારી ॥ અબધૂ૦ ॥૩॥ આશા મારી આસન ધર ઘટમેં, અજપા જાપ જપાવે આનંદઘન ચેતનમય મૂરતિ, નાથનિરંજન પાવે ॥અબધૂ૦॥૪॥

॥ સાખી ॥

આતમ અનુભવ ફૂલકી, નવલી કોઉરીત ॥
નાક ન પકરે વાસના, કાન ગ્રહે ન પ્રતીત ॥૧॥

॥ પદ ૪ ॥ રાગધન્યાશ્રી સારંગ ॥

અનુભવ નાથકૂં કયું ન જગાવે, મમતા સંગ સો પાય અજાગલ ॥ થનતે દૂધ દુહાવે ॥અ૦॥૧॥ મેરે કહેતે ખીજ ન કીજેં, તુંહી એસી શીખાવે ॥ બહોત કહેતેં લાગત એસી, અંગુલી સરપદીખાવે ॥અ૦॥૨॥ ઔરન કે સંગ રાતે ચેતન, ચેતન આપ બતાવે ॥ આનંદઘનકી સુમતી આનંદા, સિદ્ધ સ્વરૂપ કહાવે ॥અ૦॥૩॥ ઈતી ॥

॥ સાખી ॥કુબુદ્ધિ કુબજા કુટિલ ગતિ, સુબુદ્ધિ રાધિકાનારિ॥
ચોપર ખેલે રાધિકા, જીતે કુબજા હારિ ॥ ૧ ॥

॥ પદ ૫ ॥ રાગણી રામગ્રી ॥

ખેલે ચતુરગતિ ચોપર ॥પ્રાણીમેરે૦॥ખેલે૦॥ એ આંકણી નરદ ગંજીફા કોનગિનિતહે, માને ન લેખે બુદ્ધિવર ॥ પ્રા૦ ॥૧॥ રાગ દોષ મોહકે પાસે,આપ બનાએ હિતકર ॥ જૈસા દાવ પડે પાસેકા, સારી ચલાવે ખીલકર ॥ પ્રાની ૦॥ ૨॥ પાંચ

તલેહે દૂઆ ભાઈ, છકાતલે હૈ એકા ॥ સબ મીલ હોત બરાબર લેખા, યહ વિવેક ગિનવેકા ॥ પ્રાની૦ ॥૩॥ ચઉરાસી માંચે ફિરે નીલી, સ્યાહન તોરી જોરી ॥ લાલ જરદ ફિર આયે ઘરમેં, કબહું ક જોરી વિછોરી ॥ પ્રાની૦ ॥ ૪ ॥ ભાવ વિવેકકે પાઉ ન આવત, તવ લગ કાચી બાજી ॥ આનંદઘન પ્રભુ પાઉ દેખાવત, તો જીતે જીય ગાજી ॥પ્રાની૦॥૫॥ ઈતિ ॥

॥ પદ ૬॥ રાગ સારંગ ॥

અનુભવ તું હૈ હેતુ હમારો ॥ અનૂ ૦॥ એ આંકણી ॥ આય ઉપાય કરો ચતુરાઈ, ઔરકો સંગ નિવારો ॥ અ ૦॥ ૧॥ તૃષ્ણા રાંડ ભાંડકી જાઈ, કહાઘર કરે સવારો ॥ સઠ છગ કપટ કુટુંબહી પોખે, મનમેંક્યું ન વિચારો ॥ પાઠાંતર ॥ ઉનકી સંગતિ વારો ॥ અ૦ ॥૨॥ કુલટા કુટિલી કુબુદ્ધિ સંગ ખેલકે, અપની પત ક્યું હારો॥આનંદઘન સમતા ઘર આવે, વાજે જીત નગારો. ॥અ૦ ૩ ॥

॥ પદ ૭॥ રાગ સારંગ ॥

મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર ॥ મેરે૦ ॥ ચેતન ચકવા ચેતન ચકવી, ભાગો વિરહકો સોર ॥ મેરે ૦ ॥ ૧ ॥ ફૈલી ચિહું દિશ ચતુરા ભાવ રૂચિ. મિટ્યો ભરમ તમ જોર ॥ આપકી ચોરી આપહી જાનત, ઔરે કહિત ન ચોર ॥ મેરે૦ ॥૨॥ અમલ કમલ વિકચ ભયે ભૂતલ, મંદવિષય સસિકોર ॥ આનંદઘન એક વલ્લભ લાગત, ઔર ન લાખ કિશોર ॥ મેરે ૦॥૩॥ ઇતિ ॥

॥ પદ ૮ ॥ રાગ જય જયવંતી ॥

તરસકી જઇ દઇકે દઈકી સવારીરી, તીક્ષણ કટાક્ષ છટા લાગત કટારીરી ॥ તર૦ ॥૧॥ સાયક લાયક નાયક પ્રાનકોપ હારીરી, કાજર કાજન લાજ બાજન કહુ વારીરી ॥ તર૦॥ ર॥ મોહની મોહન ઠગ્યો જગત ઠગારીરી, દીજીયે આનંદઘન દાહ હમારીરી ॥ તર૦॥ ૩॥ ઇતિપદં ॥

॥ પદ ૯ ॥ રાગણી આસાઉરી ॥

મીઠડો લાગે કંથડાને, ખાટો લાગે લોક ॥ કંત વિહુણી ગોઠડી તે, રણમાંહે પોક ॥મી૦ ॥૧ ॥ કંતડામેં કામણ, લોકડામેં શોક ॥ એક ઠામેં કેમ રહે, દૂધ કાંજી થોક ॥ મીઠડો૦ ॥ર॥ કંતવિણ ચઉગતિ, આણું માનુ ફોક ॥ ઉઘરાણી સિરડ ફીરડ, નાણુ તે જે રોક ॥મી૦ ॥૩॥ કંતવિના મતિ મારી, અહવાહુડાની બોક॥ ઘોક હું આનંદઘન, અવરને ઢોક ॥૦॥૪॥ઇતિપદં॥

॥ પદ ૧૦ રાગ સારંગ આશાઉરી ॥

અબ હમ અમર ભયે ન મરેંગે ॥અબ૦॥ યા કારન મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેંગે ॥અં૦॥૧॥ રાગદોસ જગબંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે ॥ મર્યો અનંતકાલતેં પ્રાની, સોહમ કાલ હરેંગે ॥અ૦॥ર॥ દેહ વિનાસી હું અવિનાસી, અપની ગતિ પકરેંગે॥ નાસી જાસી હમ થિર વાસી, ચોખે હૈ નિખરેંગે ॥અં૦॥૩॥ મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખદુઃખ વીસરેંગે ॥ આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે ॥અ૦॥૪॥ ઇતિ પદં ॥

॥ પદ ૧૧ ॥ રાગ આશાઊરી ॥

બેહેર બેહેર નહી આવે અવસર, બેહેર બેહેર નહી-આવે ॥ જ્યું જાણે ત્યું કરલે ભલાઈ, જનમ જનમ સુખ પાવે ॥અવ૦॥૧॥ તનધન જોવન સબહીં જૂઠો, પ્રાણ પલકમેં જાવે ॥અવ૦॥૨॥ તન છુટે ધન કૌન કામકો, કાયકૂ કૃપણ કહાવે ॥અવ૦॥૩॥ જાકે દિલમેં સાચ વસતહે, તાકૂ જૂઠ ન ભાવે ॥ અવ૦॥૪॥ આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુ-ણગાવે અ૦॥૫॥

॥ પદ ૧૨ ॥ આશાઊરી ॥

મનુ પ્યારા મનુ પ્યારા, રિખભદેવ મનુ પ્યારા ॥એ આંકણી ॥ પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રત ધારા ॥રિખભ૦॥૧॥ નાભિરાયા મરૂદેવી કો નંદન, જુગલા ધર્મ નિવારા ॥રિખભ૦॥૨॥ કેવલ લઈ પ્રભુ મુગતે પહોતા, આવા ગમન નિવારા ॥રિખભ૦॥૩॥

---

# ॥ अथ श्री जीवविचार लिख्यते ॥

---

૧ જીવના બે ભેદ છે.

૧ સંસારી તે કર્મ સહિત. ૨ મોક્ષના તે કર્મ રહિત.

૨ સંસારી જીવના બે ભેદછે.

૧ થાવર તે સ્થિર રહે તે. ૨ ત્રસ તે હાલે ચાલે તે.

૩ થાવર જીવના પાંચ ભેદ છે.

૧ પૃથ્વિકાય તે માટી પાષાણાદિક. ૨ અપકાય તે પાણીના જીવ
૩ તેઉકાય તે અગ્નિના જીવ. ૪ વાઉકાય તે વાયરાના.
૫ વનસ્પતિકાય તે ઝાડપાલાદિકના જીવ.

૪ વનસ્પતિકાય જીવના બે ભેદ છે.

૧ પ્રત્યેક—તે એક શરીરના વિષે એક જીવ હોય તે.
૨ સાધારણ— તે એક શરીરના વિષે અનંતા જીવ હોય તે.

૫ ત્રસકાયના ચાર ભેદ છે.

૧ બેંદ્રીના તે શરીર અને જીભવાળા. ૨ તેંદ્રીના તે શરીર, જીભ અને નાસીકાવાળા. ૩ ચોરેંદ્રીના તે શરીર, જીભ, નાસીકા અને ચક્ષુવાળા. ૪ પંચેંદ્રીના તે શરીર, જીભ, નાસીકા, ચક્ષુ અને કાનવાળા.

૬ પંચેન્દ્રી જીવના ચાર ભેદ છે.

૧ નારકી. ૨ તિર્યંચ ૩ મનુષ્ય. ૪ દેવતા.

૭ નારકી સાત છે તેનાં નામ તથા ગોત્ર.

૧ ધમા—રત્નપ્રભા. ૨ વંશા—શર્કરાપ્રભા. ૩ સેલા—વાલુકાપ્રભા. ૪ અંજણ—પંકપ્રભા. ૫ રિઠ્ઠા—ધુમપ્રભા. ૬. મઘા–તમપ્રભા. ૭ માઘવતી—તમતમાપ્રભા.

૮ તિર્યંચપંચેંદ્રીના ત્રણ ભેદ છે.

૧ જલચર—તે પાણીમાં રેહેનારા પ્રાણીઓ.
૨ થલચર—તે જમીન ઉપર ચાલનારા પ્રાણીઓ.
૩ ખેચર—તે આકાશમાં ઉડનારા પ્રાણીઓ.

૯ મનુષ્યના ત્રણ ભેદ છે

૧ કર્મભૂમિ ક્ષેત્રના. ૨ અકર્મભૂમિ ક્ષેત્રના.
૩ અંતરદ્વિપ ક્ષેત્રના.

૧૦ કર્મભૂમિનાં ક્ષેત્ર ૧૫ છે તેનાં નામ.
૫ ભરત ક્ષેત્ર. ૫ એરવૃત ક્ષેત્ર. ૫ મહાવિદેહક્ષેત્ર.

૧૧ અકર્મભૂમિનાં ૩૦ ક્ષેત્ર છે તેનાં નામ.
૫ હૈમવંત. ૫ એરણ્યવૃત, ૫ રમ્યક. ૫ દેવકુરૂ.
૫ હરિવર્ષ. ૫ ઊત્તરકુરૂ.

૧૨ અંતરદ્વીપનાં ૫૬ ક્ષેત્ર છે તે આ જંબુદ્વિપ મધ્યે હિમવંત્ અને શિખર એવા બે પર્વત છે—એ પર્વતો મધ્યેથી પુર્વે અને પશ્ચીમે લવણ સમુદ્રમાં આઠ ગજદંતા (દાઢા) નિકળ્યા છે તે એક એક ગજદંતા ઉપરે સાત સાત ક્ષેત્રો છે.

૧૩ દેવતાના ચાર ભેદ છે.
૧ ભૂવનપતિના. ૨ વ્યંતરના. ૩ જ્યોતસીના. વૈમાનીકના.

૧૪ ભૂવનપતિ દેવતાના ૧૦ ભેદ છે.
૧ અસુરકુમાર નિકાય (સ્થાનક). ૨ નાગકુમાર નિકાય. ૩ સુવર્ણકુમાર નિકાય. ૪ વિદ્યુતકુમાર નિકાય. ૫ અગ્નિકુમાર નિકાય. ૬ દ્વિપકુમાર નિકાય. ૭ ઉદધિકુમાર નિકાય. ૮ દિશિકુમાર નિકાય. ૯ પવનકુમાર નિકાય. ૧૦ સ્તનિતકુમાર નિકાય.

૧૫ વ્યંતર દેવતાના બે ભેદ છે.
૧ વ્યંતરના. ૨ વાણ વ્યંતરના.

૧૬ વ્યંતર દેવતાના આઠ ભેદ છે.
૧ પિશાચ. ૨ ભૂત. ૩ યક્ષ. ૪ રાક્ષસ. ૫ કિંનર.

૬ કિંપુરૂષ. ૭ મહોરગ, ૮ ગંધર્વ.

૧૭ વાણુવ્યંતરના આઠ ભેદ છે.

૧ અણુપન્ની નિકાય (સ્થાનક). ૨ પણુપન્ની નિકાય. ૩ એસીવાદી નિકાય. ૪ ભૂતવાદી નિકાય. ૫ કંદિત નિકાય. ૬ મહાકંદિત નિકાય. ૭ કોહંડ નિકાય. ૮ પતંગ નિકાય.

૧૮ જ્યોતસી દેવતાના પાંચ ભેદ છે.

૧ ચંદ્ર. ૨ સૂર્ય. ૩ ગ્રહ. ૪ નક્ષત્ર. ૫ તારા.

૧૯ વૈમાનિક દેવતાના બે ભેદ છે.

૧ કલ્પ તે આચારવાળા. ૨ કલ્પાતીત તે પોતે સ્વામીછે.

૨૦ કલ્પ તે બાર દેવલોક વાળા, તે દેવલોકનાં નામ.

૧ સુધર્મ દેવલોક. ૨ ઇશાન દેવલોક. ૩ સ્નતકુમાર દેવલોક. ૪ માહેંદ્ર દેવલોક. ૫ બ્રહ્મ દેવલોક. ૬ લાંતક દેવલોક. ૭ મહાશુક્ર દેવલોક. ૮ સહસાર દેવલોક. ૯ આનંત દેવલોક. પ્રાણુંત દેવલોક. ૧૧ આરણુ દેવલોક. ૧૨ અચ્યુત દેવલોક

૨૧ કલ્પાતીતના બે ભેદ છે.

૧ નવગ્રૈવેકના. ૨ પાંચ અનુત્તર વિમાનના.

૨૨ નવગ્રૈવેકનાં નામ.

૧ સુદર્શન. ૨ સુપ્રતિબંધ. ૩ મનોરમ. ૪ સર્વભદ્ર. ૫ વિશાળ. ૬ સુમનસ. ૭ સુમણુસ. ૮ પ્રીયંકર. ૯ આદિત્ય.

૨૩ પાંચ અનુત્તર વૈમાનનાં નામ.

૧ વિજય. ૨ વિજયંત. ૩ જયંત. ૪ અપરાજિત. ૫ સર્વાર્થસિદ્ધ.

૨૪ મોક્ષના જીવના ૧૫ ભેદ છે.

૧ જિણુસિદ્ધા. ૨ અજિણુસિદ્ધા. ૩ તિર્થસિદ્ધા' ૪ અ-

તિર્થસિદ્ધા. ૫ ગૃહલિંગેસિદ્ધા. ૬ અન્યલિંગેસિદ્ધા. ૭ સ્વલિંગેસિદ્ધા. ૮ સ્ત્રિલિંગેસિદ્ધા. ૯ પુરૂષલિંગેસિદ્ધા ૧૦ નપુંસકલિંગેસિદ્ધા, ૧૧ પ્રત્યેકબુદ્ધસિદ્ધા. ૧૨સ્વયંબુદ્ધસિદ્ધા. ૧૩ બોધબોધિતસિદ્ધા. ૧૪ એકસિદ્ધા. ૧૫ અનેકસિદ્ધા.

એ પ્રકારે જીવનો વિચાર સંક્ષેપે જાણવો હવે એ જીવોનો ઉત્કૃષ્ટો દેહમાન તથા ઉત્કૃષ્ટો આયુમાન નીચે પ્રમાણે જાણવું:—

૨૫ પૃથ્વીકાયનો.

૧ શરીરનો ઊંચપણો—અંગુલના અસંખ્યાતમા ભાગનો.

૨ આયુષ—બાવીસ હજાર વરસનું.

૨૬ અપકાયનો.

૧ શરીરનો ઊંચપણો—અંગુળના અસંખ્યાતમા ભાગનો.

૨ આયુષ—સાત હજાર વરસનું.

૨૭ તેઉકાયનો.

૧ શરીરનો ઊંચપણો—અંગુળના અસંખ્યાતમા ભાગનો.

૨ આયુષ—ત્રણ અહોરાત્રનું.

૨૮ વાઉકાયનો.

૧ શરીરનો ઊંચપણો—અંગુળના અસંખ્યાતમા ભાગનો.

૨ આયુષ ત્રણહજાર વરસનું.

૨૯ સાધારણ વનસ્પતિકાયનું.

૧ શરીર—અંગુળના અસંખ્યાતમા ભાગનું.

૨ આયુષ—અંતરમુહૂર્તનું.

૩૦ પ્રત્યેક વનસ્પતિકાયનું.

૧ શરીર એક હજાર જોજન અધીક.

આયુષ—દશ હજાર વરસનું.

૩૧ બેંદ્રીજીવનુ.

૧ શરીર—બાર જોજનનું. ૨ આયુષ-બાર વરસનું.

૩૨ તેંદ્રીજીવનુ.

૧ શરીર—ત્રણ ગાઉનું. ૨ આયુષ—૪૯ દિવસનુ.

૩૩ ચોરેંદ્રીજીવનુ.

૧ શરીર—ચાર ગાઉનું. ૨ આયુષ છ માસનું.

૩૪ પહેલી નારકીના જીવોનુ.

૧ શરીર ૭॥ ધનુષ્ય ને ૬ અંગુલનું

૨ આયુષ ૧ સાગરોપમનુ.

૩૫ બીજી નારકીના જીવોનું.

૧ શરીર ૧૫॥ ધનુષ્ય અને ૧૨ અંગુળનું

૨ આયુષ ૩ સાગરોપમનું

૩૬ ત્રીજી નારકીના જીવોનુ.

૧ શરીર ૩૧। ધનુષ્યનું ૨ આયુષ-૭ સાગરોપમનું.

૩૭ ચોથી નારકીના જીવોનુ.

૧ શરીર ૬૨॥ ધનુષ્યનું. ૨ આયુષ ૧૦ સાગરોપમનું.

૩૮ પાંચમી નારકીના જીવોનુ.

૧ શરીર ૧૨૫ ધનુષ્યનું ૨ આયુષ ૧૭ સાગરોપમનું.

૩૯ છઠ્ઠી નારકીના જીવોનુ

૧ શરીર—૨૫૦ ધનુષ્યનું. ૨ આયુષ—૨૨ સાગરોપમનુ.

૪૦ સાતમી નારકીના જીવોનુ.

૧ શરીર—૫૦૦ ધનુષ્યનું. ૨ આયુષ—૩૩ સાગરોપમનું.

૪૧ સમુર્છિમજળચરનુ.

૧ શરીર-એક હજાર જોજનનું. ૨ આયુષ ક્રોડ પુરવનુ.
૪૨ સમુર્છિમ થલચરનુ.
૧ શરીર-૨ થી ૯ જોજનનુ. ૨ આયુષ-૮૪૦૦૦ વરસનું.
૪૩ સમુર્છિમમ ખેચરનું.
૧ શરીર ૨ થી ૯ ધનુષ્યનુ. ૨ આયુષ ૭૨૦૦૦ વર્ષનું.
૪૪ ગર્ભજ જલચરનુ.
૧ શરીર—૧ હજાર જોજનનું. ૨ આયુષ-ક્રોડ પૂરવનું.
૪૫ ગર્ભજ થલચરનુ.
૧ શરીર ૧૦૦૦ જોજનનુ. ૨ આયુષ ૩ પલ્યોપ્પમનુ.
૪૬ ગર્ભજ ખેચરનુ.
૧ શરીર ૨ થી ૯ ધનુષ્યનું.
૨ આયુષ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.
૪૭ ગર્ભજ મનુષ્યનુ.
૧ શરીર ત્રણ ગાઉનું. ૨ આયુષ ત્રણ પલ્યોપમનુ.
૪૮ સમુર્છિમ મનુષ્યનુ.
૧ શરીર અંગુળના અસંખ્યાતમા ભાગનું,
૨ આયુષ—અંતરમુહૂર્તનું.
૪૯ ભૂવનપતિના દેવતાઓનું.
૧ શરીર સાત હાથનું. ૨ આયુષ- બે પલ્યોપમનું (નવ નિકાયના) અસુર કુમારનું દેશે ઉણું એક સાગરોપમ અધીક
૫૦ વ્યંતર દેવતાઓનું.
૧ શરીર સાતહાથનું. ૨ આયુષ—એક પલ્યોપમનું.
૫૧ જયોતિષી દેવતાઓનું.
૧ શરીર સાતહાથનું.
૨ આયુષની વીગત નીચે પ્રમાણે.
૧ ચંદ્રમાનું એક પલ્યોપમ ને એક લાખ વરસ.

૨ સુર્યનું એક પલ્યોપમ ને એક હજાર વરસ.
૩ ગ્રહનું એક પલ્યોપમ.
૪ નક્ષત્રનું અર્ધ પલ્યોપમ.
૫ તારાનું એક પલ્યોપમનો ચોથો ભાગ.

૫૨ સુધર્મદેવલોકના દેવતાઓનું.
૧ શરીર—સાતહાથનું. આયુષ—બે સાગરોપમનું.

૫૩ ઈશાન દેવલોકના દેવતાઓનું.
૧ શરીર—સાતહાથનું ૨ આયુષ-બે સાગરોપમ અધિક.

૫૪ સનતકુમાર દેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૬ હાથનું. આયુષ—૭ સાગરોપમનું.

૫૫ માહેંદ્ર દેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૬ હાથનું. આયુષ—૭ સાગરોપમ અધિકનું.

૫૬ બ્રહ્મદેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૫ હાથનું. ૨ આયુષ—૧૦ સાગરોપમનું.

૫૭ લાંતકદેવલોકના દેવતાઓનું.
૧ શરીર— ૫ હાથનું. ૨ આયુષ—૧૪ સાગરોપમનું.

૫૮ શુક્રદેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૪ હાથનું. ૨ આયુષ—૧૭ સાગરોપમનું.

૫૯ સહસાર દેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૪ હાથનું ૨ આયુષ—૧૮ સાગરોપમનું.

૬૦ આણુંતદેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૩ હાથનું. ૨ આયુષ—૨૦ સાગરોપમનું.

૬૧ પ્રાણંત દેવલોકના દેવતાઓનું.
૧ શરીર—૩ હાથનું. ૨ આયુષ—૨૦ સાગરોપમનું.

૬૨ આરણદેવલોકના દેવતાઓનું.

૧ શરીર—૩ હાથનું. ૨ આયુષ—૨૧ સાગરોપમનું.

૬૩ અચ્યૂત દેવલોકના દેવતાઓનું.

૧ શરીર—૩ હાથનું. આયુષ—૨૨ સાગરોપમનું.

૬૪ નવગ્રૈવેકના દેવતાઓનું.

૧ શરીર—૨ હાથનું.

૨ આયુષ નીચે પ્રમાણેછે.

૧ લીનું ૨૩ સાગરોપમનું ૨ જીનું ૨૪ સાગરોપમનું.

૩ જીનું. ૨૫ સાગરોપમનું. ૪ થીનું ૨૬ સાગરોપમનું.

૫ મીનું ૨૭ સાગરોપમનું. ૬ ઠીનું ૨૮ સાગરોપમનું.

૭ મીનું ૨૯ સાગરોપમનું. ૮ મીનું ૩૦ સાગરોપમનું.

૯ મીનું ૩૧ સાગરોપમનું.

૬૫ પાંચ અનુત્તરવિમાનના દેવતાઓનું,

૧ શરીર એક હાથનું.

૨ આયુષ નીચે પ્રમાણે.

૧ પેહેલા ચારેમાં ૩૧ થી ૩૩ સાગરોપમનું.

૨ સર્વાર્થસિદ્ધમાં ૩૩ સાગરોપમનું.

૬૬ શ્રી મોક્ષના જીવને.

શરીર પણ નથી અને આયુષ પણ નથી.

# ॥ अथ पांत्रीस बोल प्रारंभ ॥

૧લે બોલે ગતિ ચારઃ—૧ દેવગતિ ૨ મનુષ્યગતિ ૩ ત્રીજંચગતિ ૪ નરકગતિ.

૨ જાતિ પાંચઃ—૧ એકેંદ્રી ૨ બેઇંદ્રી ૩ તેંઇંદ્રી ૪ ચોરેંદ્રી ૫ પંચેંદ્રી.

૩ કાય છ:—૧ પૃથ્વીકાય ૨ અપકાય ૩ તેઉકાય ૪ વાઉ-કાય ૫ વનસ્પતિકાય ૬ ત્રસકાય.

૪ ઈંદ્રિ પાંચ:—૧ ફરસ ઇંદ્રી ૨ રસ ઈંદ્રી ૩ ઘ્રાણ ઈંદ્રી ૪ ચક્ષુ ઈંદ્રી ૫ શ્રોત ઇંદ્રી.

૫ પર્યાપ્તી છ:—૧ આહારપર્યાપ્તી ૨ શરીર પર્યાપ્તી ૩ ઇંદ્રીય પર્યાપ્તી ૪ સાસોસાસ પર્યાપ્તી ૫ ભાષા પર્યાપ્તી ૬ મન પર્યાપ્તી

૬ પ્રાણદશ:—૧ ફરસ ઈંદ્રી બળ પ્રામ ૨ રસ ઈંદ્રી બળ પ્રાણ ૩ ઘ્રાણ ઈંદ્રી બળ પ્રાણ ૪ ચક્ષુ ઈંદ્રી બળ પ્રાણ ૫ શ્રોત ઇંદ્રી બળ પ્રાણ ૬ મન બળ પ્રાણ ૭ વચન બળ પ્રા-ણ ૮ કાય બળપ્રાણ ૯ આયુષ બળપ્રાણ ૧૦ સાસોસાસ બળપ્રાણ,

૭ શરીર પાંચ:—૧ ઉદારિક શરીર ૨ વૈક્રીય શરીર ૩ આ-હારક શરીર ૪ તેજસ શરીર ૫ કારમણ શરાર.

૮ જોગ પંદર:—૪ મનના ૪ વચનના ૭ કાયાના.

૪ મનના નીચે મુજબ.

૧ સત્ય મન જોગ ૨ અસત્ય મન જોગ ૩ મિશ્ર મન જોગ ૪ વ્વવહાર મન જોગ.

૪ વચનના નીચે મુજબ.

૧ સત્ય ભાષા ૨ અસત્ય ભાષા ૩ મિશ્ર ભાષા ૪ વ્ય-વહાર ભાષા.

૭ કાયાના નીચે મુજબ.

૧ ઉદારિક ૨ ઉદારિક મિશ્ર ૩ વૈક્રીય ૪ વૈક્રીય મિશ્ર ૫ આહારક ૬ આહારક મિશ્ર ૭ કારમણ.

૯ ઉપયોગ બાર:—૫ જ્ઞાન; ૩ અજ્ઞાન ૪ દર્શન. ૫ જ્ઞાન તે કહે છે. ૧ મતિ જ્ઞાન ૨ શ્રુત જ્ઞાન ૩ અવધિ જ્ઞાન ૪

મન પર્યવ જ્ઞાન ૫ કેવળ જ્ઞાન. ૩ અજ્ઞાન. ૧ મતિ અજ્ઞાન ૨ શ્રુત અજ્ઞાન ૩ વિભંગ જ્ઞાન. ૪ દર્શન. ૧ ચક્ષુ ૨ અચક્ષુ ૩ અવધિ ૪ કેવળ.

૧૦ કર્મ આઠ ૧ જ્ઞાનાવરણી કર્મ ૨ દર્શનાવરણી કર્મ ૩ ૩ વેદની કર્મ ૪ મોહની કર્મ ૫ આઉ કર્મ ૬ નામ કર્મ ૭ ગોત્ર કર્મ ૮ અંતરાય કર્મ.

૧૧ ગુણઠાણા ચઉદ:—૧ મિથ્યાત્વ ગુણઠાણો ૨ સાસ્વાદન ગુણઠાણો ૩ મિશ્ર ગુણઠાણો ૪ અવિરતિ સમકીત દ્રષ્ટી ગુણ ઠાણો ૫ દેશવિરતિ ગુણઠાણો ૬ પ્રમત્ત ગુણઠાણો ૭ અપ્રમત્ત ગુણઠાણો ૮ નિવૃત્તિ બાદર અપુર્વ કરણ ગુણઠાણો ૯ નિવૃતિ બાદર ગુણઠાણો ૧૦ સુક્ષ્મ સંપરાય ગુણઠાણો ઉપશાંત મોહની ગુણઠાણો ૨૨ ખીણ મોહની ગુણઠાણો. ૧૩ સજોગી કેવળી ગુણઠાણો ૧૪ અજોગી કેવળી ગુણઠાણો.

૧૨ પાંચ ઇંદ્રીના તેવીસ વિષય:—ફરસ ઇંદ્રીના આઠ. હુળવો ભારે, ખડબચડો, સુંવાળો, લુખો, ચોપડો, ઉન્હો, ઠંડો. રસ ઇંદ્રીના પાચ; તીખો, કડવો, કષાયલો, ખાટો, મીઠો, ઘ્રાણેદ્રીના બે સુગંધ, દુર્ગંધ. ચક્ષુ ઇંદ્રીના પાંચ; કાળો, ધોળો, રાતો, પીળો, લીલો. શ્રોત ઇંદ્રીના ત્રણ; જીવ શબ્દ, અજીવશબ્દ, મીશ્ર શબ્દ.

૧૩ મિથ્યાત્વદશ ૧ જીવને અજીવસર્દહે તો મિથ્યાત્વ ૨ અજીવને જીવ સર્દહેતો મિથ્યાત્વ ૩ ધર્મ ને અધર્મ સર્દહેતો મિથ્યાત્વ ૪ અધર્મ ને ધર્મ સર્દહેતો મિથ્યાત્વ ૫ સાધુ ને અસાધુ સર્દહેતો મિથ્યાત્વ ૬ અસાધુ ને સાધુ સર્દહેતો મિથ્યાત્વ ૭ માર્ગને કુમાર્ગ સર્દહેતો મિથ્યાત્વ ૮ કુમાર્ગ ને માર્ગ

સર્દહેતો મિથ્યાત્વ ૯ આઠ કર્મ ખપાવી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી મુગ્તિમાં બિરાજમાન થયાછે તેમને મોક્ષમાં ગયા ન સર્દહેતો મિથ્યાત્વ ૧૦ આઠ કર્મ ખપાવ્યાં ન હોય કેવળ જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય, મોક્ષમાં બિરાજમાન થયા ન હોય તેવાને મોક્ષે ગયા સર્દહેતો મિથ્યાત્વ.

૧૪મે બોલે તત્વ ૯. ૧ જીવતત્વ ૨ અજીવતત્વ ૩ પુન્ય તત્વ ૪ પાપ તત્વ ૫ આશ્રવ તત્વ ૬ સંવર તત્વ ૭ નિર્જરા તત્વ ૮ બંધ તત્વ ૯ મોક્ષ તત્વ. નવ તત્વની વીગત વીવરીને લખીએ છીએ.

જીવ તત્વના ૧૪ ભેદ.—૧ સૂક્ષ્મ એકેંદ્રીય પર્યાપ્તા ૨ સૂક્ષ્મ એકેંદ્રીય અપર્યાપ્તા ૩ બાદર એકેંદ્રીય પર્યાપ્તા ૪ બાદર એકેંદ્રીય અપર્યાપ્તા ૫ બેંદ્રીય પર્યાપ્તા ૬ બેંદ્રીય અપર્યાપ્તા ૭ તેંદ્રીય પર્યાપ્તા ૮ તેંદ્રીય અપર્યાપ્તા ૯ ચૌરિંદ્રીય પર્યાપ્તા ૧૦ ચૌરિંદ્રીય અપર્યાપ્તા ૧૧ સન્નિપંચેંદ્રીય પર્યાપ્તા ૧૨ સન્નિપંચેંદ્રીય અપર્યાપ્તા ૧૩ અસન્નિપંચેંદ્રીય પર્યાપ્તા ૧૪ અસન્નિપંચેંદ્રીય અપર્યાપ્તા.

અજીવ તત્વના ૧૪ ભેદ—અરૂપી અજીવના દશ ભેદ. ૧ ધર્માસ્તિકાયના ત્રણ ભેદ ૧ ખંધ ૨ દેશ ૩ પ્રદેશ. અધર્માસ્તિકાયના ત્રણ ભેદ ૧ ખંધ ૨ દેશ ૩ પ્રદેશ. આકાશાસ્તિકાયના ત્રણ ભેદ ૧ ખંધ. ૨ દેશ. ૩ પ્રદેશ. કાળનો એક ભેદ. ૧ કાળ૦રૂપી અજીવના ચાર ભેદ. ૧ પુદ્ગળ ખંધ ૨ દેશ ૩ પ્રદેશ ૪ પરમાણુ.

પુન્ય તત્વના નવ ભેદ—૧ અાણ પુન્ય ૨ પાણ પુન્ય ૩ લેણ પુન્ય ૪ સેણ પુન્ય ૫ વસ્થ પુન્ય ૬ મન પુન્ય ૭ વ-

ચન પુન્ય ૮ કાય પુન્ય ૯ નમસ્કાર પુન્ય.

પાપ તત્વના ૧૮ ભેદ—૧ પ્રાણાતિપાત ૨ મૃષાવાદ ૩ અદત્તાદાન ૪ મૈથુન ૫ પરિગ્રહ ૬ ક્રોધ ૭ માન ૮ માયા ૯ લોભ ૧૦ રાગ ૧૧ દ્વેષ ૧૨ કલહ ૧૩ અભ્યાખ્યાન ૧૪ પૈશુન ૧૫ રતિ અરતિ ૧૬ પરપરિવાદ ૧૭ માયા મૃષાવાદ ૧૮ મિથ્યાત્વશલ્ય.

આશ્રવ તત્વના ૨૦ ભેદ.—૧ મિથ્યાત્વ ૨ અવ્રત ૩ પ્રમાદ ૪ કષાય ૫ અશુભ જોગ ૬ પ્રાણાતિપાત ૭ મૃખાવાદ ૮ અદત્તા દાન લેવું ૯ મૈથુન સેવવું ૧૦ પરિગ્રહ રાખવો તે ૧૧ શ્રોત ઇંદ્રી મોકળી મેલવી તે. ૧૨ ચક્ષુ ઇંદ્રી મોકળી મેલવી તે ૧૩ ઘ્રાણ ઇંદ્રી મોકળી મેલવી તે ૧૪ રસ ઇંદ્રી મોકળી મેલવી તે. ૧૫ ફરસ ઇંદ્રી મોકળી મેલવી તે. ૧૬ મન મોકળું મેલવું તે. ૧૭ વચન મોકળું મેલવું તે. ૧૮ કાયા મોકળી મેલવી તે ૧૯ સુઈ કુસંગ માત્ર શેવે ૨૦ ભંડ ઉપગરણ અજતનાથી લે મેલે.

સંવર તત્વના વીસ ભેદ—૧ સમકીત ૨ વ્રત ૩ અપ્રમાદ ૪ અકષાય ૫ શુભ જોગ ૬ પ્રાણાતિપાત ન કરવો તે ૭ મૃખાવાદ ન બોલવું તે ૮ અદત્તા દાન ન કરવું તે ૯ મૈથુન ન શેવવું તે ૧૦ પરિગ્રહ ન રાખવો તે ૧૧ શ્રોત ઇંદ્રી મોકળી ન મેલવી તે. ૧૨ ચક્ષુ ઇંદ્રી મોકળી ન મેલવી તે ૧૩ ઘ્રાણ ઇંદ્રી મોકળી ન મેલવી તે ૧૪ રસ ઇંદ્રી મોકળી ન મેલવી તે ૧૫ ફરસ ઇંદ્રી મોકળી ન મેલવી તે ૧૬ મન મોકળું ન મેલવું તે. ૧૭ વચન મોકળું ન મેલવું તે ૧૮ કાયા મોકળી ન મેલવી તે ૧૯ સુઈ કુસંગ માત્ર નહિ સેવે ૨૦ ભંડ ઉપગરણ જયણાથી લે મેલે.

નિર્જરાના બાર ભેદઃ—૧ અનશન ૨ ઉણોદરી ૩ વૃ-

ત્તિસંક્ષેપ ૪ રસત્યાગ ૫ કાયકલેશ ૬ સંલીનતા ૭ પ્રાયશ્ચીત્ત ૮ વિનય ૯ વૈયાવૃત્ય ૧૦ સજ્ઝાય ૧૧ ધ્યાન ૧૨ કાયોત્સર્ગ-ઇત્યાદી તપ.

બંધ તત્વના ચાર ભેદ:—૧ પ્રકૃતિ બંધ ૨ સ્થિતિબંધ ૩ અનુભાગબંધ ૪ પ્રદેશબંધ.

મોક્ષત્તત્વના ચાર ભેદ:— ૧ જ્ઞાન ૨ દર્શન ૩ ચારિત્ર ૪ તપ ઇતિ નવ તત્વ.

૧૫ મે બોલે આત્મા આઠ:—૧ દ્રવ્ય આત્મા ૨ કષાય આત્મા ૩ જોગ આત્મા ૪ ઉપયોગ આત્મા ૫ જ્ઞાન આત્મા ૬ દર્શન આત્મા ૭ ચારિત્ર આત્મા ૮ વીર્ય આત્મા.

૧૬ ડંડક ચોવીસ:—* ૧ સાત નરકનો ૧૦ દસ ભુવનપતિના. ૫ પાંચ થાવરના. ૩ † ત્રણ વીગલેંદ્રીના. ૧ ગર્ભજ તિર્યંચનો. ૧ મનુષ્યનો. ૧ વાણુવ્યંતરનો. ૧ જયોતસીનો ૧ વૈમાનીકનો.

૧૭ લેશ્યા છ:—૧ કૃષ્ણ લેશ્યા. ૨ નીલ લેશ્યા. ૩ કાપોત લેશ્યા. ૪ તેજુ લેશ્યા. ૫ પદ્મ લેશ્યા. શુકલ લેશ્યા.

૧૮ દૃષ્ટી ત્રણ:—૧ સમકિત દૃષ્ટી ૨ મિથ્યા દૃષ્ટી ૩ મિશ્રદૃષ્ટી.

૧૯ ધ્યાન ચાર:—૧ આર્ત ધ્યાન ૨ રૌદ્ર ધ્યાન ૩ ધર્મ ધ્યાન ૪ શુકલ ધ્યાન.

૨૦ દ્રવ્ય છ:—૧ જીવાસ્તિકાય દ્રવ્ય ૨ ધર્માસ્તિકાય દ્રવ્ય ૩ અધર્માસ્તિકાય દ્રવ્ય ૪ આકાશાસ્તિકાય દ્રવ્ય ૫ કાળદ્રવ્ય ૬ પુદ્દગલાસ્તિકાય દ્રવ્ય.

જીવાસ્તિકાય:—દ્રવ્ય થકી તો અનંતા ૧ ખેત્ર થકી

* જીવ વિચારના ૭, ૧૪, ૩ બોલ જુઓ.

† ત્રણ વીગલેંદ્રી એટલે બેંદ્રી, તેંદ્રી, ચોરેંદ્રી.

લોક પ્રમાણે ૨ કાળ થકી આદિ અંત રહિત ૩ ભાવથી અરૂપી ૪ ગુણ થકી ચેતના લક્ષણવંત ૫.

ધર્માસ્તિકાયઃ—દ્રવ્ય થકી તો એક ૧ ખેત્ર થકી લોક પ્રમાણે ૨ કાળ થકી આદિ અંત રહિત ૩ ભાવ થકી અરૂપી ગુણ થકી ચલણ ગુણ ૫.

અધર્માસ્તીકાયઃ—દ્રવ્ય થકી તો એક ૧ ખેત્રથકી લોક પ્રમાણે ૨ કાળ થકી આદિ અંત રહિત ૩ ભાવથી અરૂપી ૪ ગુણ થકી થીર ગુણ ૫.

આકાશાસ્તિકાયઃ—દ્રવ્ય થકી તો એક ૧ ખેત્ર થકી લોક અલોક પ્રમાણે ૨ કાળથી આદિ અંત રહિત ૩ ભાવથી અરૂપી ૪ ગુણ થકી અવકાશ ગુણ ૫.

કાળદ્રવ્યઃ—દ્રવ્ય થકી તો એક ૧ ખેત્ર થકી અઢી દીપ પ્રમાણે ૨ કાળ થકી આદિ અંત રહીત ૩ ભાવ થકી અરૂપી ૪ ગુણ થકી વર્તની=જુનાનુ નવું કરવું નવાનું જુનું કરવું એ લક્ષણ ૫.

પુદ્ગલાસ્તિકાયઃ—દ્રવ્ય થકી તો અનંતા ૧ ખેત્ર થકી લોક પ્રમાણે ૨ કાળ થકી આદિ અંત રહિત ૩ ભાવ થકી રૂપી ૪ ગુણ થકી સડણ, પડણ, વિદ્ધંસણ ૫.

૨૧ રાશિ બેઃ—૧ જીવરાશિ ૨ અજીવરાશિ.

૨૨ શ્રાવકના બાર વ્રતઃ—૧ સ્થુલ પ્રાણાતિપાત ૨ મૃખાવાદ ૩ અદત્તાદાન ૪ મૈથુન ૫ પરિગ્રહ ૬ દિશી પરિમાણ ૭ ભોગોપભોગ ૮ અનર્થદંડ ૯ સામાયક ૧૦ દેસાવગાસીક ૧૨ પોષધ ઉપવાસ ૧૨ અતિથિસંવિભાગ.

૨૩ *સાધુજીના પાંચ મહાવ્રતઃ—૧ પ્રાણાતિપાત ૨ મૃખાવાદ ૩ અદત્તાદાન ૪ મૈથુન ૫ પરિગ્રહ.

તેવીસમે બોલે સાધુજીના મહાવ્રત ૫ તેની વિગત ની-

યે પ્રમાણે:— પેહેલા પ્રાણાતિપાત વ્રતના ભાંગા ૮૧.

૯ પૃથ્વીકાયના:—પૃથ્વીકાય હણે નહીં, હણાવે નહીં અને હણતાંને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી. એ રીતે નવ.

૯ અપકાયના:—અપકાય હણે નહીં, હણાવે નહીં અને હણતાંને ભલો જાણે નહી—મન, વચન અને કાયાથી એ રીતે નવ.

૯ તેઉકાયના:—તેઉકાય હણે નહીં, હણાવે નહીં અને હણતાંને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી એ રીતે નવ.

૯ વાઉકાય (વાયરો)ના:—વાઉકાય હણે નહીં, હણાવે નહીં અને હણતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી એ રીતે નવ.

૯ વનસ્પતિકાય:—વનસ્પતિકાય હણે નહીં, હણાવે નહીં અને હણતાંને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ કરીને એ રીતે નવ.

૯ બેઇંદ્રી:—હણે નહીં, હણાવે નહીં અને હણતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી.

૯ તેઇંદ્રી:—હણે નહીં, હણાવે નહીં, અને હણતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી.

૯ ચોરેંદ્રી:—હણે નહીં, હણાવે નહીં, અને હણતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી.

૯ પંચેંદ્રી:—હણે નહીં, હણાવે નહીં અને હણતાંને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી.

બીજા મૃષાવાદ વ્રત (જુઠ) સાધુજી સર્વથા પ્રકારે ન બોલે તેના ભાંગા ૩૬.

૯ ક્રોધથી જૂઠું બોલે નહીં, બોલાવે નહીં અને બોલતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ હાંસી કરી જૂઠું બોલે નહીં, બોલાવે નહીં, બોલતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ ભયથી જૂઠું બોલે નહીં, બોલાવે નહીં, બોલતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ લોભથી જુઠું બોલે નહીં, બોલાવે નહીં, અને બોલતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

ત્રીજા અદત્તાદાન વ્રતના ભાંગા ૫૪.

૯ અલ્પ ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ ઘણી ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ નાની ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને ભલો જાણે નહીં—મન, વચન, અને કાયાએ.

૯ મોટી ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ સચિત્ત ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ અચિત્ત ચોરી કરે નહીં, કરાવે નહીં, કરતાને ભલો જાણે નહી—મન, વચન અને કાયાએ.

ચોથા મૈથુનવ્રતના ભાંગા ૨૭.

૯ દેવતાની સ્ત્રી ભોગવે નહીં, ભોગવાવે નહીં, ભોગવતાને ભલો જાણે નહીં—મન, વચન કાયાથી.

૯ મનુષ્યની સ્ત્રી ભોગવે નહીં, ભોગવાવે નહી, ભોગવતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી.

૯ તિર્યંચની સ્ત્રી ભોગવે નહીં, ભોગવાવે નહીં, ભોગવતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાથી.

પાંચમા પરિગ્રહ વ્રતના ભાંગા ૫૪

૯ થોડો પરિગ્રહ રાખે નહીં રખાવે નહી, રાખતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ ઘણો પરિગ્રહ રાખે નહીં, રખાવે નહીં રાખતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ નાનો પરિગ્રહ રાખે નહીં, રખાવે નહીં, રાખતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ મોટો પરિગ્રહ રાખે નહીં, રખાવે નહીં, રાખનારને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

૯ સચિત્ત પરિગ્રહ રાખે નહીં, રખાવે નહીં રાખતાને ભલો જાણે નહી—મન, વચન અને કાયાએ.

૯ અચિત્ત પરિગ્રહ રાખે નહીં, રખાવે નહીં, રાખતાને ભલો જાણે નહીં—મન, વચન અને કાયાએ.

એ પ્રકારે પાંચ મહાવ્રતના ૨૫૨ ભાંગા થયા.

૨૪ મે બોલે પચ્ચખ્ખાણના ભાંગા ઓગણપચાસ.

૯ એક કરણ એક જોગે:— ૧ મને કરૂં નહીં ૨ વચને કરૂં નહીં ૩ કાયાયે કરૂં નહીં ૪ મને કરાવું નહીં ૫ વચને કરાવું નહીં ૬ કાયાએ કરાવું નહી ૭ મને અનુમોદુ નહીં ૮ વચને અનુમોદુ નહીં ૯ કાયાએ અનુમોદુ નહીં.

૯ એક કરણ બે જોગે ૧ મને વચને કરૂં નહીં ૨ મને કાયાયે કરૂં નહીં ૩ વચને કાયાયે કરૂં નહીં ૪ મને વચને કરાવું નહીં ૫ મને કાયાયે કરાવું નહીં ૬ વચને કાયાયે કરાવું નહીં ૭ મને વચને અનુમોદું નહી

૮ મને કાયાયે અનુમોદું નહીં ૯ વચને કાયાયે અનુમોદું નહીં.

૩ એક કરણને ત્રણ જોગે—૧ મને વચને કાયાએ કરૂં નહીં ૨ મને વચને કાયાએ કરાવું નહીં ૩ મને વચને કાયાએ અનુમોદું નહીં.

૯ બે કરણ એક જોગે—૧ મને કરૂં કરાવું નહીં ૨ વચને કરૂં કરાવું નહીં ૩ કાયાએ કરૂં કરાવું નહીં ૪ મને કરૂં અનુમોદું નહીં ૫ વચને કરૂં અનુમોદું નહીં ૬ કાયાએ કરૂં અનુમોદું નહીં ૭ મને કરાવું અનુમોદું નહીં ૮ વચને કરાવું અનુમોદું નહીં ૯ કાયાએ કરાવું અનુમોદું નહીં.

૯ બે કરણ બે જોગે—૧ મને વચને કરૂં કરાવું નહીં ૨ મને કાયાએ કરૂં કરાવું નહીં ૩ વચને કાયાએ કરૂં કરાવું નહીં ૪ મને વચને કરૂં અનુમોદુ નહીં ૫ મને કાયાએ કરૂં અનુમોદું નહીં ૬ વચને કાયાએ કરૂં અનુમોદું નહીં ૭ મને વચને કરાવું અનુમોદું નહીં ૮ મને કાયાએ કરાવું અનુમોદું નહીં ૯ વચને કાયાએ કરાવું અનુમોદું નહીં.

૩ બે કરણ ને ત્રણ જોગે:—૧ મને વચને કાયાએ કરૂં કરાવું નહીં. મન, વચન, કાયાએ કરૂં અનુમોદું નહીં ૩ મન વચન કાયાએ કરાવું અનુમોદું નહીં.

૩ ત્રણ કરંણ એક જોગે:—૧ મને કરૂં કરાવું અનુમોદું નહીં ૨ વચને કરૂં કરાવું અનુમોદુ નહી ૩ કાયાએ કરૂં કરાવું અનુમોદું નહિ.

૩ ત્રણ કરણ બે જોગે:— મને વચને કરૂં કરાવું અનુમોદું નહિ ૨ મને કાયાએ કરૂં કરાવું અનુમોદું નહિ ૩

વચને કાયાએ કરૂં કરાવું અનુમોદું નહિ.

૧ ત્રણ કરણ ત્રણ જોગે:—૧ મન, વચન, કાયાએ કરૂં કરાવું અનુમોદું નહિ.

૨૫ ચારિત્ર પાંચ:—૧ સામાયક ચારિત્ર ૨ છેદોપસ્થાપનીય ચારિત્ર ૩ પરિહારવિશુધિ ચારિત્ર ૪ સુક્ષમ સંપરાય ચારિત્ર ૫ યથાખ્યાત ચારિત્ર.

૨૬ નય સાત:—૧ નૈગમનય ૨ સંગ્રહનય ૩ વ્યવહારનય ૪ રૂજુ સુત્રનય ૫ સમભિરૂઢનય ૬ શબ્દનય ૭ એવંભૂતનય.

૨૭ નિક્ષેપા ચાર:—૧ નામ નિક્ષેપો ૨ સ્થાપના નિક્ષેપો ૩ દ્રવ્ય નિક્ષેપો ૪ ભાવ નિક્ષેપો.

૨૮ સમકિત પાંચ:—૧ ઉપસમ સમકિત ૨ ક્ષયોપસમ સમકિત ૩ ખાયક સમકિત ૪ સાસ્વાદન સમકિત ૫ વેદક સમકિત.

૨૯ રસ નવ:—૧ શૃંગારરસ ૨ વીરરસ ૩ કરૂણારસ ૪ હાસ્યરસ ૫ રૂદ્રરસ ૬ નયરસ ૭ અદભુતરસ ૮ શાન્તરસ ૯ વિભત્સરસ.

૩૦ અભક્ષ બાવીસ:—

૧ વડફળ, ૨ પીંપળફળ, ૩ ઊંબરફળ, ૪ કલુંબરફળ, ૫ કઠુંબરફળ, ૬ પાકર કેળ, ૭ માંસ, ૮ દારૂ, ૯ મધ, ૧૦ માખણ, ૧૧ હેમ, ૧૨ ગીડા, ૧૩ તુચ્છફળ, ૧૪ બહુબીજફળ, ૧૫ અથાણું ( બોળો વીગેરે ), ૧૬ કાચું ગોરસ, ૧૭ ઝેર, અફીણ, સોમલ, મોહોરો. ૧૮ માટી ( મુલતાની આદિ ) ૧૯ ચલિત રસ, વાસી રોટલી, સીરો લાવસી વીગેરે, ૨૦ અજાણ્યા ફળ, વસ્તુ, ૨૧ રાત્રી ભોજન, ૨૨ કંદમૂળ.

આ ઉપર કહેલાં બાવીસ અભક્ષ શ્રાવકે વર્જવાં.

૩૧ અનુજોગ ચાર:—૧ દ્રવ્યાનુજોગ ૨ ગણિતાનુજોગ ૩ ચરણકરણાનુજોગ ૪ ધર્મકથાનુંજોગ.

૩૨ તત્વ ત્રણ:—૧ દેવ તત્વ ૨ ગુરૂ તત્વ ૩ ધર્મ તત્વ.

૩૩ સમવાય પાંચ:—૧ કાળ ૨ સ્વભાવ ૩ નિયત ૪ કર્મ ૫ ઉદ્યમ.

૩૪ ત્રણસેંને ત્રેસઠ પાંખડીના ભેદ:—૧૮૦ ક્રીયાવાદીના ભેદ. ૮૪ અક્રીયાવાદીના ભેદ. ૩૨ વિનયવાદીના ભેદ. ૬૭ અજ્ઞાન વાદીના મત.

૩૫ શ્રાવકના એકવીસ ગુણ:—૧ લજ્યાવંત ૨ દયાવંત ૩ શાંત મૂર્તિવંત ૪ પ્રતીતવંત ૫ પરાયા દોષનો ઢાંકણહાર હોય ૬ પરઉપગારી હોય ૭ સોમ્ય દ્રષ્ટી હોય ૮ ગુણગ્રાહી હોય ૯ ગિરવાઇ વાળો હોય ૧૦ સઉને વલ્લભ હોય ૧૧ શિષ્ટાચારનો પક્ષી હોય ૧૨ મીષ્ટ વચન બોલે ૧૩ ઊંડા વિચાર વાળો ૧૪ વિશેષ જ્ઞાનનો જાણનાર હોય ૧૫ શાસ્ત્રનો જાણનાર હોય ૧૬ ધર્મનો જાણનાર હોય ૧૭ કીધો ઉપગાર જાણે ૧૮ નહિતો દીન નહિ અભિમાનીએવો મધ્યસ્થ સ્વભાવવાળો ૧૯ સહજસ્વભાવમય વિનયવંત હોય ૨૦ પાપની ક્રિયાથી રહિત હોય ૨૧ પવિત્ર હોય.

# पच्चक्खाण.

## नमुक्कारसहिअनुं पच्चक्खाण.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં—સૂર્યોદયથી બે ઘડી પછી નવકાર કહીને પારૂં ત્યાંસુધી.

**પચ્ચખ્ખાઈ ચઉવ્વિહંપિઆહારં**—ચારે આહારનું પચ્ચ
ક્ખાણ કરૂં છું (પચ્ચખ્ખાઈ એવું ગુરૂનું વચત સાંભળી શિષ્ય
પચ્ચખામિ=પચ્ચખ્ખાણ કરૂં છું એમ કહે)

**અસણં પાણં ખાઈમં સાઈમં**—ખાવાનું, પીવાનું, ખાદિમ,
સ્વાદિમ.

**અન્નથ્થણાભોગેણં**=પચ્ચખાણનો ઉપયોગ વિસરવાથી અ-
જાણપણે કાંઈ વસ્તુ મોંમાં નાંખવાથી

**સહસાગારેણં**=કાર્ય કરવામાં પ્રવર્તતાં યોગ્ય લક્ષણ, સહસા
તકાર= સ્વભાવે જે મોંમાં પ્રવેશ થાય તેથી પચ્ચખાણ ન ભાગે એ-
એ આગારે કરી.

**વોસિરે**=વોસિરાવુંછું ( વોસિરે એ ગુરૂનું વચન સાંભળી શિષ્ય
વોસિરામિ કહે. એ પ્રમાણે સર્વે પચ્ચખાણમાં સમજવું ).

# अथ नमुक्कारसहिअं मुठसहियंनुं पच्चख्खाण.

**ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં મુઠસહિઅં**—સૂર્યોદયથી બે ઘ-
ડી પછી નવકાર કહીને પારૂં ત્યાંસુધી મુઠ્ઠી સહિત, એટલે જ્યારે નવ-
કાર ગણી મૂઠ્ઠી મોકળી મુકું ત્યારે પચ્ચખાણ મોકળું થાય.

**પચ્ચખ્ખાઇ ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઇ-
મંસાઈમં**—ખાવાનું પીવાનું ખાદિમ સ્વાદિમ ચારે આહારનું પચ્ચ-
ખ્ખાણ કરૂં છું.

**અન્નથ્થણાભોગેણં સહસાગારેણં**—ઉપગેગ ન રહે અજાણ-
પણે તથા સ્વભાવે કાંઇ વસ્તુ મોંમાં પડવાથી

**મહત્તરાગારેણં**—મોટાના આદેશથી મોટા લાભને અર્થે પચ્ચ-
ખ્ખાણ પારવાંનો વખત પૂર્ણ ન થયે છતે પારવાથી.

**સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે**—સર્વ પ્રકારે શરીરમાં

અસમાધિ રહે છતે પચ્ચખાણનો વખત પૂર્ણ થયા પેહેલાં પારવાથી પચ્ચખાણ ન ભાગે. એવાઆગારવડે હુ વોસિરાવું છું.

# अथ पोरिसिनुं पच्चरकवाण.

**ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં** સૂર્યોદયથી નવકારે કરી પારૂં ત્યાં સુધી **પોરિસિ સાઢપોરિસિં મુઠ્ઠસહિઅં પચ્ચખાઈ**–પ્રહર દિવસ સુધી અને દોઢ પ્રહર દિવસ સુધી મુઠી સહિત નિયમ લઉછું.

**ઉગ્ગેસૂરે ચઉવ્વિહં પિઆહારં**—સૂર્યોદયથી ચારે આહારને.

**અસણં પાણં ખાઈમં સાઇમં**—ખાવાતું, પીવાનું, ખાદિમ, સ્વાદિમ.

**અન્નથ્થણાભોગેણં સહસાગારેણં**—અનુપયોગે વસ્તુ મોંમાં નાખવાથી, સ્વભાવે વસ્તુ મોંમાં પડવાથી.

**પછછન્નકાલેણં દિસામોહેણં**—વખત બરોબર માલમ ન પડવાથી અધૂરી પોરિસિએ પારવાથી. દિશિ-વિપર્યાસ થયાથી અજાણતાં વેહેલું પારવાથી.

**સાહુવયણેણં મહત્તરાગારેણં**—સાધુના વચનથી પોરિસિ ભણી સાંભળીને પાળે. મોહોટાના આગાર વડે.

**સવ્વસમાહિવત્તિઆગારેણં**–સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ રહ્યાથી, પચ્ચખાણ અધુરા વખતે પારવાથી પચ્ચખાણ ન ભાગે.

**વોસિરે**—વોસિરાવે.

# अथ पुरिमढ्ढ अवढ्ढनुं पच्चरकवाण.

**સૂરેઉગ્ગએ નમુક્કારસહિઅં પુરિમઢ્ઢં અવઢ્ઢં મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઈ**—સૂર્યના ઉદયથી પેહેલા બે પોહોર સુધી પુરિમાર્દ્ધ; તે ઉપરાંત ત્રીજા પોહોર સુધી અવઢ્ઢનું પચ્ચખાણ કરૂં છું નવકાર ગં-

ણી મુઠ્ઠી મોકળી મુકું ત્યાંસુધી.

**સૂરેઉગએ ચઉવ્વિહંપિઆહારં અસણંપાણં ખાઇમં સાઇમં**—અસણ, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે આહારનું સૂર્યોદયથી.

**અન્નથ્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં**—અનાભોગે, સહસાત્કારે, કાળની પ્રચ્છન્નતાએ, દિશિ વિપર્યાસથી.

**સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે**—સાધુના વચનથી, મોટાના આગારથી, સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ રહ્યાથી અધુરે વખતે પચ્ચખાણ પારતાં તે ન ભાગે (વોસિરામિ=વોસિરાવું છું)

## विगइ निविगइनुं पच्चख्खाण.

**વિગઇઓ નિવિગઇઅ પચ્ચખાઈ**—ખાવામાં જેથી કામાદિક ઉત્પન્ન થાય એવી ચીજ તે વિગઇ તે દશ છે ચાર અભક્ષ્ય માંસ, મદિરા, માખણ અને મધ. ૭ ભક્ષ્ય, દૂધ, દહી, ઘી, તેલ, ગોળ, પકવાન એ ૭ વિગઇમાંથી એક પણ વિગઈનું જે પચ્ચખાણ તે વિગઈ પચ્ચખાણ કહીએ; અને સમસ્ત વિગઇનું પચ્ચખાણ તે નિવિગઇનું પચ્ચખાણ કહીએ. પચ્ચખાઇ=પચ્ચખું છું.

**અન્નથ્થણાભોગેણં સહસાગારેણં**—અનુપયોગે સ્વભાવે મોંમાં પડવાથી.

**લેવાલેવેણં ગિહથ્થસંસઠ્ઠેણં**—લેપાલેપ તે જે વિગયનો સાધુને નીયમ હોય તે વિગયથી ગૃહસ્થનો હાથ ખરડાએલો હોય તે લુંછી નાખીને હોરાવે તો તેથી, ગૃહસ્થના ખરડેલા વાસણથી જે અન્ન આપે તે વિગઈથી મિશ્ર હોય તે અન્ન જમવાથી, પચ્ચખાણ ન ભાગે.

**ઉખિખત વિવેગેણ**—ગાઢી વિગઈ જે ગોળ પકવાનાદિક તેના ઉપર રોટલી પ્રમુખ મુકી હોય પછી તે ઉપાડી કોરે કરી હોય તો તે લેવાથી.

**પડુચ મખિખએણં**—મોણ દીધેલી રોટલી પ્રમુખ લેવાથી.

**પારિઠ્ઠાવણિયાગારેણં મહુત્તરાગારેણં**—કોઇ સાધુને આહાર પરઠવતો દેખી તે આહાર ગુરૂની આજ્ઞાથી (ઉપવાસાદિ પચ્ચખાણ હોય તોપણ) લેવો પડેતો તે લેવાથી. મોટાના આગારથી ઇત્યાદિ.

## बेआसणां तथा एकासणांनुं पच्चरव्वाण.

**ઉગ્ગએસુરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢ્ઢપોરિસિં પુરિમઢ્ઢં મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ, ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિઆહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં; અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહુત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, એકાસણં (એકવાર જમવું) બે આસણં (બેવાર ભોજન કરવું) પચ્ચખ્ખાઇ, તિવિહંપિઆહારં (ત્રણે પણ આહાર) અસણં, ખાઇમં, સાઇમં, અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં સાગારિઆગારેણં** ( સાધુ આશ્રીને તો ગૃહસ્થ આવીને ચાલ્યો જાય તો થોડીવાર સબુરી કરી અહાર કરે; જો તે ઉભો રહે તો બીજે ઠેકાણે આહાર કરવા બેસેતો પચ્ચખાણ ભાગે નહીં; શ્રાવકને આશ્રીને ચોર, બંધિવાન, વીગેરેના તથા ભીંત પડવાના અને ખરાબ દ્રષ્ટિવાળા પુરૂષનું આગમન ૯૦ ભય જમવા બેઠા પછી આવે તો બીજે ઠેકાણે જઇ જમે તો પચ્ચખાણ ભાગે નહીં.

**આઉંટણપસારેણં**—જમવા બેઠા પછી હાથ પગ પસારવાથી આસન ચળે નો પચ્ચખાણ ન ભાગે.

**ગુરૂઅભ્ભુઠ્ઠાણેણું**—ગુરૂ આવવાથી ઉઠે તો-પચ્ચખાણ ન ભાગે.

**પારિઠાવણિઆગારેણું**—વિધિથી નિર્દોષપણે ગૃહણ કરેલું વિધિથી વેહેચી આપેલું અન્ન તેને સાધુએ વિધિએ ભુક્ત કર્યા થકાં કાંઈ વધે એવું પારિષ્ટાપન યોગ્ય અધિક અન્ન, તે સ્નિગ્ધ અન્ન પરઠવતાં જીવ વિરાધનાદિ દોષ ઉપજતા જાણીને ગુરૂની આજ્ઞાએ એકાસણાદિથી ઉપવાસ સુધી પચ્ચખાણવાળાને તે વધેલા આહારને જમતાં પચ્ચખાણ ભંગ ન થાય: તેમાં એટલું વિશેષ જે ચઉવિહાર ઉપવાસમાં પાણીનું પારિટ્ઠાવણિયાગારેણું અને તિવિહાર ઉપવાસના પચ્ચખાણે અન્નાદિકનું પારિટ્ઠાવણિગાગારેણ, થાય; આ આગાર સાધુ મુનિરાજને હોય; પણ શ્રાવકોને હોય નહીં તો પણ આ-ગાવો તુટે માટે ગૃહસ્થને એકજ પાઠ સંલગ્ન કહેતાં દોષ નથી.

**મહત્તરાગારેણ, સવ્વસમાહિવત્તિઆગારેણં.**

**પાણસ્સ, લેવેણવા**—જે અન્નાદિકે કરી ભાજનાદિક ખરડાય તે લેપકૃત આચામ્લ, ઓસામણ દ્રાક્ષાદિકના પાણી પીવાથી પચ્ચખાણ ન ભાગે.

**અલેવેણવા**—અલેપકૃત પાણી તે સૌવીર, ધોયણ, ઇત્યાદિના પાણી પીવાથી પચ્ચખાણ ન ભાગે.

**અચ્છેણવા.**—ઉષ્ણ જળ તથા બીજાં પણ ઉકાળ્યાં પાણી, તથા નીતરેલુ ફળાદિકનું ધોવણ તેને પીએ તો પચ્ચખાણ ન ભાગે.

**બહુલેવેણવા.**—બહુ લેપ એટલે ડોહોળું ચોખાદીકનુ ધોયણ ગળીને પીયે તો પચ્ચખાણ ન ભાગે.

**સસિથ્થેણવા**—સિકથ સહિત અન્નાદિક દાણાના સ્વાદ વિના ધોવણ તથા દાથરાદિકનું ધોવણ ગળીને પીએ તો પચ્ચખાણ ન ભાગે.

**અસિથ્થેણવા**—સિથ્થ રહીત કણક પ્રમુખે હાથ ખરડ્યો હો-

૫ તેનું ધોવણ ગળીને પીએ તો પચ્ચખાણ ન ભાગે એ છ પ્રકારનાં પાણી સીવાય બાકીના પાણી,

**વોસિરામિ**—વોસિરાવું છું.

---

આ એકાસણા બેઆસણાનું પચ્ચખાણ તિવિઆહારૂં કરવાનો આ દેશમાં ઘણો ચાલ છે. તે દુવિહંપિ આહારં કરે તો પાણી તથા સોપારી પ્રમુખ સ્વાદિમ ખપે અને તે પચ્ચખાણ કરતાં અસણં ખાઇમનો પાઠ કહે, તિવિહંપિ આહારં કરે તો, અસણં ખાઈમં, સાઈમં, નો પાઠ કહે અને પાછળથી એકલું પાણી ખપે. અને ચઉવિહંપિ આહારં કરે તો, અસણં, પાણં, ખાઈમં, સાઇમનો પાઠ કહે અને એકાસણું કર્યા પછી પાણી પણ ખપે નહીં. એકાસણાના દુવિહાર પચ્ચખાણમાં સચ્ચિત આહાર લે તથા સચ્ચિત પાણી પીએ તો પાણસ્સના આગાર ન કહે, પણ અચ્ચિત્ત પાણી વાપરે તો પાણસ્સના આગાર કહે.

---

એકલઠાણાનું પચ્ચખાણ એકાસણાની પેઠે જાણવું પણ તેમાં સાત આગાર છે એટલે એમાં આઉટણપસારેણં ન કહેવું.

# अथ आयंबिलनुं पच्चख्वाण.

**ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરસિં સાઢપોરસિં મુઠસહિઅં પચ્ચખ્ખાઇ ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણું આયંબિલં પચ્ચખ્ખાઈ** (આયંબિલનું પચ્ચખાણ કરૂંછું) **અન્નત્થણાભોગેણં સહસાગારેણં લેવા-**

લેવેણ઼ં ગિહત્થસંસટ્ઠેણં ઉખિત્તવિવેગેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં એગાસણં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં સાગારિઆગારેણં આઉંટણપસારેણં ગુરૂઅબ્ભુઠાણેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સ લેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરે.

આ પચ્ચખાણનો અર્થ આગળનામાં આવી ગયો છે માટે અત્રે લખ્યો નથી.

## अथ चउविहार उपवासनुं पच्चरक्वाण.

સૂરે ઉગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચક્ખાઈ ( સૂર્યોદયથી ભાત પાણીનો નિયમ લઉ છું) ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિઠ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆ ગારેણં વોસિરે.

## अथ तिवीहार उपवासनुं पच्चरक्वाण.

સૂરે ઉગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણહાર (પાણીનો આહાર મોકળોછે) પોરિસિં સાઢપોરિસિં મુઠ્ઠસહિઅં ઘરસહિઅં ( ઘેર જઇને નવકાર ગણી પચખાણ પારૂં ) પચ્ચક્ખાઈ ઉગ્ગએસૂરે પુરિમઠ્ઠં અવઢ્ઢં પચ્ચક્ખાઇ અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સ-

લેવેણવા ( પાણી પીવાના ૭ આગાર છે તે લેપ જળ) અલેવેણવા
( ધોવણ જળ )અચ્છેણવા ( નિર્મળ ઉષ્ણ પાણી) બહુલેવેણવા ( ડો-
હોળા ) સસિત્થેણવા ( પીઠનું ધોવણ ) અસિત્થેણવા ( સીથ ર-
હિત ફાસુ જળ, એટલાં ટાળી બાકીનાં પાણી ) વોસિરે (વોસિરાવું છું)

## अथ चउत्थ भत्तादिकनुं पच्चक्खाण.

સૂરેઉગ્ગએ ચઉત્થભત્તં અભત્તટ્ઠં ( ચાર વારનું ભોજન જ-
મવાનો નિયમ=એકાસણું અપવાસ અને એકાસણું )
પચ્ચક્ખામિ સૂરેઉગ્ગએ છટ્ઠ ભત્તં અભત્તઠં પચ્ચ-
ક્ખામિ ઇત્યાદિ પ્રકારે આગાર સહિત કેહેવું.

અથ છઠ અઠમાદિ તપમાં બીજે દિવસે પાણી વાપરવું હોય
ત્યારે પાણહારનું પચ્ચખાણ કરે.

પાણહાર પોરસિં મુઠ્ઠસહિઅં પચ્ચક્ખાઇ અન્નત્થણા-
ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆ-
ગારેણં પાણસ્સલેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા
સસિત્થેણવા અસિત્થેણવા વોસિરે.

## अथ गंठसहिअं आदि अभिग्रहोनुं पच्चक्खाण.

ગંઠસહિઅં વેઠ્ઠસહિઅં દિવસહિઅં ( દીવો બળે ત્યાં સુધી)
થિબુગહિસહિઅં ( થાળીમાં પાણીનું ટીપું સૂકાય ત્યાં સુધી ) મુઠ્ઠસ-
હિઅં પચ્ચક્ખાઇ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરા-
ગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.

## अथ चौद नियम धारनारने देसावगासिकनुं पच्चक्खाण.

દેસાવગાસિઅં ( દિશિના અવકાશનું વ્રત ) ઉવભોગં (ઉ-

પભોગ) પરિભોગં પચ્ચખ્ખાઈ અન્નથ્થણાભોગેણં સહસાગા-રેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## अथ चौद नियम धारवानी गाथा.

**સચિત્ત દવ્વ વિગઈ**—પાણી ફળ બીજ દાતણ કણ તથા દ્રવ્ય અને છ વિગય પ્રમુખ ચીજનું પ્રમાણ કરે.

**વાણહ તંબોળ વથ્થ કુસુમેસુ**—પગરખાં, તંબોળ, વસ્ત્ર તથા ફુલ.

**વાહણ સયણ વિલેવણ**—વાહન, શય્યા, ચોપડવાની વસ્તુ.

**બંભ દિશિ ન્હાણ ભત્તેસુ**—મૈથુનની મર્યાદા, દિશિ પરિમાણ, નહાવાનો નિયમ, ભાતપાણીનો નિયમ કરે. આની સાથે પૃથ્વીકાય અપકાય તેઉકાય વાઉકાય વનસ્પતિકાય ત્રસકાય અસિ, મસી અને કૃષિ એ બધા મળી ત્રેવીસમાંથી પોતાથી જે રીતે પળે તે રીતે પાળે.

## अथ सांजनां पच्चरव्वाण.

## अथ पाणहार दिवसचरिमनुं पच्चरव्वाण.

**પાણહાર દિવસચરિમં પચ્ચખાઈ અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.**

## अथ चउविहारनुं पच्चरव्वाण.

**દિવસચરિમં પચ્ચખ્ખાઈ**—( દિવસના છેડાથી નવા સૂર્યોદય સુધી) **ચઉવ્વીહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.**

## अथ तिविहारनुं पच्चरव्वाण.

દિવસ ચરિમં પચ્ચખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વમાહિવત્તિયાગારેણં વોસિરે.

## अथ दुविहारनुं पच्चरव्वाण.

દિવસ ચરિમં પચ્ચક્ખાઇ દુવિહંપિ આહારં અસણં ખાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિવાગારેણં વોસિરે.

## अथ पच्चरव्वाणना आगारनी गाथा.

**દોચેવ નમુક્કારે, આગારા છચેવ પોરસિએ**=નમુક્કાર સહિયંના બે આગાર, પોરસિમાં વળી છ આગાર.

**સત્તેવઇ પુરિમઢ્ઢે, એકાસણગંમિ અટ્ઠેવ ॥ ૧ ॥** પુરિમઢ્ઢમાં સાત અને એકાસણામાં આઠ આગાર ॥ ૧ ॥

**સત્તેગઠાણેસુ અ, અટ્ઠેવ ય અંબિલંમિ** આગારા–એકલઠાણામાં સાત, અને આંબિલ તપમાં આઠ આગાર,

**પંચેવ ય ભત્તટ્ઠે છપ્પાણ ચરિમચત્તારિ ॥ ૨ ॥**––અપવાસાદિમાં પાંચ આગાર. પાણસ્સમાં છ, દિવસના છેડાથી નવો સૂર્યોદય થાય ત્યાં સુધી એટલે રાત્રીના તિવિહાર, ચઉવિહારાદિના ચાર આગાર છે ॥ ૨ ॥

**પંચ ચઉરો અભિગહે, નિવ્વિએ અટ્ઠ નવ આગારા**–અભિગ્રહના પચ્ચખાણમાં પાંચ તથા ચાર. નિવ્વીમાં આઠ કે નવ.

**અપ્પાઉરણે પંચ ચઉ, હવંતિ સેસેસુ ચત્તારિ॥ ૩ ॥**–મુનિને ચોળપટ્ટો ન પહેરવાને વિષે પાંચ કે ચાર. બાકીનામાં ચાર હોય.॥૩॥

હવે છ પ્રકારે પચ્ચખ્ખાણ શુદ્ધ થાય છે તે કહેછે.

**ફાસિઅં, પાલિઅં**—વિધિએ કર્યું તથા ઉચિત વેળાએ પ્રાપ્ત થયુ; પચ્ચખાણ વારંવાર ઉપયોગ દેઇ સંભાર્યું.

**સોહિઅં તીરિઅં**—પ્રથમ ગુરૂને અહાર પાણી દેઈ બાકી રહેલું ભોજન પોતે કરે તથા અતિચાર ન લગાડે; પચ્ચખાણ પોહોચ્યા પછી પણ થોડો વખત ઉપર ગએ પાળવું, નિર્મળ કરવું.

**કિટ્ટિઅં; આરાહિઅં**—ભોજન વેળાએ મહારે અમુક પચ્ચખાણછે એમ સંભારવું; પચ્ચખાણ જે રીતે કીધું એ રીતે આરાધવું; એ છ શુદ્ધી જાણવી.

**જંચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં**—અને વળી જે મેં ન આરાધ્યું હોય તેથી થએલું માહારૂ પાપ મિથ્યા થાઓ.

# अथ पच्चरकवाण पारवानो विधि.

પ્રથમ ઈરિવહિયાએ પડિક્કમીએ. યાવત જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીયરાય સુધી કરવું. પછી મન્હજિણાણંની સજાય કહી મુહપતિ પડિલેહવી. ઈચ્છામિ ખમાસમણો૦ ઈચ્છા કા૦ પચ્ચખાણ પારૂં; યથાશક્તિ; ઈચ્છામિ૦ ઈચ્છા કા૦ પચખાણ પાર્યું તહત્તિ; એમ કહી જમણો હાથ કટાસણા ચરવળા ઉપર થાપી. એક નવકાર ગણી, પચ્ચખાણ કર્યું હોય તે કહી પારવું તે લખીએ છીએ.

ઉગ્ગએસૂરે નમુક્કાર સહિઅં પોરિસિં સાઢ્ઢપોરિસિં ગંઠસહિઅ મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાણ કર્યું ચઉવ્વીહાર, આંબિલ નિવિ એકાસણું બેઆસણું કર્યું તિવિહાર, પચ્ચખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં; આરાહિઅં. જંચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડ.

# शांती जिननी आरती.

જય જય આરતી શાંતી તુમારી, તોરા ચરણ કમળકી મેં જાઉં બલિહારી ॥જય૦॥૧॥ વિશ્વસેન અચિરાજીકે નંદા, શાંતિનાથ મુખ પુનમચંદા ॥જય૦॥૨॥ ચાલીશ ધનુષ્ય સોવન મય કાયા, મૃગલંછન પ્રભુચરણ સુહાયા ॥જય૦॥૩॥ ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમા જિનવર જગ સહુ મોહે ॥જય૦॥૪॥ મંગળ આરતી તોરી કીજે, જન્મ જન્મનો લાહો લીજે ॥જય૦॥૫॥ કરજોડી સેવક ગુણ ગાવે, સો નર નારી અમરપદ પાવે. ॥જય૦॥૬॥ ઇતિ.

# अथ मंगळ चार.

ચારો મંગળ ચાર આજ મહારે ચારો મંગળ ચાર ॥ દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર ॥આજ૦॥૧॥ છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર ॥ આજ૦॥૨॥ વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ ॥આજ૦॥૩॥ ધૂપ ઉખેવોને કરો આરતી. મુખ બોલો જયકાર ॥આજ૦॥૪॥ હર્ષ ધરી આદીસર પુજો, ચોમુખ પ્રતિમા ચાર ॥આજ૦॥૫॥ હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવ પાર ॥આજ૦॥૬॥ સકળચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપગાર ॥આજ૦॥૭॥

દીવારે દીવો મંગળીક દીવો ॥ આરતી ઉતારોને બહુ ચિરંજીવો ॥ સોહામણો ઘેર પરવ દીવાળી ॥ અમર ખેલે અબળા નારી ॥ દીપાળ ભણે એને કળે અજુઆળી ॥ ભાવે ભકતે વદન નિહાળી ॥ દીપાળ ભણે જેણે એ કળીકાળે ॥ આરતી ઉતારી રાજા કુંમારપાળે ॥ તમ ઘર મંગળીક અમ ઘેર મંગળીક ॥ મંગળીક ચતુરવીધ સંઘને હોજો ॥ દીવારે દીવો મંગળીક દીવો ॥ આરતી ઉતારોને બહુ ચિરં જીવો ॥

# ॥ अष्टप्रकारीं पूजाना दूहा ॥

ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર ॥
અખંડ અક્ષત નૈવદ્યની, અષ્ટમી ફળ સુવિચાર ॥ ૧ ॥
ભાવસ્તવનને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર ॥
કારણથી કારજ સધે, તેણે ધૂર પૂજ ઉદાર ॥ ૨ ॥
ઈણી પરે જળ પુજા કરી, કરીએ અપ્પા શુદ્ધ ॥
માને છિણુ જે એહમાં, જાણો તેહ અબુદ્ધ ॥ ૩ ॥
હવે કરવા ગુણ વાસના, અસંખ્યાત પ્રદેશ ॥
ચંદનની પૂજા કરો, આણી ભાવ વિશેષ ॥ ૪ ॥
પૂજાને પરિણામ હોઉ, કરો ચંદનકી રીત ॥
શીતળતાને સુગંધતા, જિમ ભાજે ભવભીત ॥ ૫ ॥
હવે ત્રીજી સુમનસ તણી, પૂજા અતિહિ ઉદાર;
સુમનસ સુખ જિણથી લહે, તિણે સુમનસ પરકાર ॥ ૬ ॥
પ્રણિધાને સદ્ગતિ હોએ, પૂજથી કીમ નવી હોય;
સુમનસ ભાવે દુર્ગતા, પૂજ પંચાશક જોય ॥ ૭ ॥
હુતાશનથી કક્ષ જયું, તિમ ધ્યાના નલે કર્મ ॥
તિણે મિશે ધૂપ પુજા કરો, પામો જયું શિવશર્મ ॥ ૮ ॥
ઇણપરિ ધૂપ પૂજા કરી, જિન આગળ શુભ ભાવ॥
ટાળી વિભાવની પરિણતી, દૂર કરો પરભાવ ॥ ૯ ॥
જગ પ્રદીપ પુર દીપ શુભ, કરતાં ભાવો એહ॥
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ ॥ ૧૦ ॥
કેવળનાણ પઇવશુ, જયું લહે લોકા લોક ॥
ત્યું પૂજા દ્રવ્ય દીપની, કરતાં શિવફળ રોક ॥ ૧૧ ॥

હુવે અક્ષત પૂજા કરો, શાલિવ્રીહિ ગોધૂમ ॥
ઉજવળ પ્રભુ પુર ઢોઇને, ટાળો મોહકી ધુમ ॥ ૧૨ ॥
અક્ષય ફળ લેવા ભણી, અક્ષત પૂજ ઉદાર ॥
ઈહુ ભવ પણ નવિ ક્ષય હોયે, રાજે રિધિ ભંડાર ॥ ૧૩ ॥
હુવે નૈવેદ્ય નિવેદના, કીજે જીમ હુલીરાય ॥
ભવ નિર્વેદ પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય ॥ ૧૪ ॥
કર્તા ભોક્તા મુજ નહીં, પુદગલ ભાવનો જીવ ॥
તિણે પુદગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ ॥ ૧૫ ॥
ફળ પૂજા કરતાં થકાં, સફલ કરો અવતાર ॥
ફલ માગો પ્રભુ આગલે, તાર તાર, મુજ તાર ॥ ૧૬ ॥
જસ ફલ ઓપમ જગ નહીં, પામ્યા પછી ન અંત ॥
અવ્યાબાધ અચલ અરૂજ, માગો સુખ અનંત ॥ ૧૭ ॥

---

# अथश्री मौन एकादशीनु दोढशो कल्याणिकनु गणणुं प्रारंभ॥

## નીચે લખેલા કોઠામાં સંક્ષેપે લખેલા શબ્દની વીગત.

સર્વ૦=સર્વજ્ઞાયનમઃ
નાથા૦=નાથાયનમઃ
અર્હ૦=અર્હતેનમઃ

### ૧ જંબુદ્વીપે ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી મહાયશ સર્વ૦
૬ શ્રી સર્વાનુભૂતિઅર્હં૦
૬ શ્રી સર્વાનુભૂતિનાથા૦
૬ શ્રી સર્વાનુભૂતિસર્વ૦
૭ શ્રી શ્રીધરનાથા૦

### ૨ જંબુદ્વીપે ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી નમીનાથ સર્વ૦
૧૯ શ્રી મલ્લિનાથ અર્હં૦
૧૯ શ્રી મલ્લિનાથ નાથા૦
૧૯ શ્રી મલ્લિનાથ સર્વ૦
૧૮ શ્રી અરનાથ નાથા૦

૩ જંબુદ્વીપે ભરતે અના
ગત ચોવીશી
૪ શ્રી સ્વયંપ્રભ સર્વ૦
૬ શ્રી દેવશ્રુત અર્હં૦
૬ શ્રી દેવશ્રુત નાથા૦
૬ શ્રી દેવશ્રુત સર્વ૦
૭ શ્રી ઉદયનાથ નાથા૦

૪ ધાતકી ખંડે પૂર્વ ભ-
રતે અતીત ચોવીશી
૪ શ્રી અકલંક સર્વ૦
૬ શ્રી શુભંકરનાથ અર્હં૦
૬ શ્રી શુભંકરનાથ નાથા૦
૬ શ્રી શુભંકરનાથ સર્વ૦
૭ શ્રી સપ્તનાથ નાથા૦

૫ ધાતકી ખંડે પૂર્વ ભ-
રતે વર્તમાન ચોવીશી
૨૧ શ્રી બ્રહ્મેંદ્રનાથ સર્વ૦
૧૯ શ્રી ગુણનાથ અર્હં૦
૧૯ શ્રી ગુણનાથ નાથા૦
૧૯ શ્રી ગુણનાથ સર્વ૦
૧૮ શ્રી ગાંગિકનાથ નાથા૦

૬ ધાતકી ખંડે પૂર્વ ભ-
રતે અનાગત ચોવીશી
૪ શ્રી સાંપ્રત સર્વ૦
૬ શ્રી મુનીનાથ અર્હં૦
૬ શ્રી મુનીનાથ નાથા૦
૬ શ્રી મુનિનાથ સર્વ૦
૭ શ્રી વિશિષ્ટનાથ નાથા૦

૭ પુષ્કર વર દ્વીપે પુર્વ ભ
રતે અતીત ચોવીશી
૪ શ્રી મૃદુનાથ સર્વ૦
૬ શ્રી વ્યકતનાથ અર્હં૦
૬ શ્રી વ્યકતનાથ નાથા૦
૬ શ્રી વ્યકતનાથ સર્વ૦
૭ શ્રી કલાશત નાથા૦

૮ શ્રીપુષ્કર વર દ્વીપે પૂ
ર્વ ભરતે વર્તમાન ચોવીશી
૨૧ શ્રી અરણ્યવાસ સર્વ૦
૧૯ શ્રી યોગનાથ અર્હં૦
૧૯ શ્રી યોગનાથ નાથા૦
૧૯ શ્રી યોગનાથ સર્વ૦
૧૮ શ્રી અયોગનાથ નાથા૦

૯ પુષ્કરવર દ્વીપે પૂર્વ ભ-
રતે અનાગત ચોવીશી
૪ શ્રી પરમ સર્વ૦
૬ શ્રી શુદ્ધાર્તીનાથ અર્હં૦
૬ શ્રી શુદ્ધાર્તીનાથ નાથા૦
૬ શ્રી શુદ્ધાર્તીનાથ સર્વ૦
૭ શ્રી નિઃકેશનાથ નાથા૦

૧૦ ધાતકી ખંડે પશ્ચિમ
ભરતે અતીત ચોવીશી
૪ શ્રી સર્વાર્થ સર્વ૦
૬ શ્રી હરિભદ્ર અર્હં૦
૬ શ્રી હરિભદ્ર નાથા૦
૬ શ્રી હરિભદ્ર સર્વ૦
૭ શ્રી મગધાધીપ નાથા૦

૧૧ ધાતકી ખંડે પશ્ચિમ ભ રતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી પ્રયચ્છ સર્વ૦
૧૯ શ્રી અક્ષોભનાથ અર્હં૦
૧૯ શ્રી અક્ષોભનાથ નાથા૦
૧૯ શ્રી અક્ષોભનાથ સર્વ૦
૧૮ શ્રીમલયસિંહ સર્વ૦

૧૨ ધાતકી ખંડે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી દિનરૂક સર્વ૦
૬ શ્રી ધનદનાથ અર્હં૦
૬ શ્રી ધનદનાથ નાથા૦
૬ શ્રી ધનદનાથ સર્વ૦
૭ શ્રી પૌષધનાથ નાથા૦

૧૩ પુષ્કરવર દ્વીપે પશ્ચિ મ ભરતે અતીત ચોવીશી

૪ શ્રી પ્રલંબ સર્વ૦
૬ શ્રી ચારિત્રનિધિ અર્હં૦
૬ શ્રી ચારિત્રનિધિ નાથા૦
૬ શ્રી ચારિત્રનિધિ સર્વ૦
૭ શ્રી પ્રશમરાજિત નાથા૦

૧૪ પુષ્કરવર દ્વીપે પશ્ચિ મ ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી સ્વામી સર્વજ્ઞાય૦
૧૯ શ્રી વિપરીતનાથ અર્હં૦
૧૯ શ્રી વિપરીતનાથ નાથા૦
૧૯ શ્રી વિપરીત નાથ સર્વ૦
૧૮ શ્રી પ્રસાદનાથ નાથા૦

૧૫ પુષ્કરવર દ્વીપે પશ્ચિ મ ભરતેઅનાગતચોવીશી

૪ શ્રી અઘટિત નાથ સર્વ૦
૬ શ્રી ભ્રમણેંદ્રનાથ અર્હં૦
૬ શ્રી ભ્રમણેંદ્રનાથ નાથા૦
૬ શ્રી ભ્રમણેંદ્રનાથ સર્વ૦
૭ શ્રી ઋષભચંદ્રનાથા૦

૧૬ જંબુદ્વીપે ઐરવૃતેઅ તીત ચોવીશી

૪ શ્રી દયાંત સર્વ૦
૬ શ્રી અભિનંદન નાથ અર્હં૦
૬ શ્રી અભિનંદનનાથ નાથા૦
૬ શ્રી અભિનંદનનાથ સર્વ૦
૭ શ્રી રત્નેશનાથ નાથા૦

૧૭ જંબુદ્વીપે ઐરવૃતે વ ર્તમાન ચોવીશી

૨૧ શ્રી શ્યામકોષ્ટ સર્વ૦
૧૯ શ્રી મરૂદેવનાથ અર્હં૦
૧૯ શ્રી મરૂદેવનાથ નાથા૦
૧૯ શ્રી મરૂદેવનાથ સર્વ૦
૧૮ શ્રી અતિપાર્શ્વ નાથા૦

૧૮ જંબુદ્વીપે ઐરવૃતે અ નાગત ચોવીશી

૪ શ્રી નંદીષેણ સર્વ૦
૬ શ્રી વ્રતધરનાથ અર્હં૦
૬ શ્રી વ્રતધરનાથ નાથા૦
૬ શ્રી વ્રતધરનાથ સર્વ૦
૭ શ્રી નિર્વાણનાથ નાથા૦

૧૯ ધાતકીખંડે પૂર્વ ઐરવૃતે અતીત ચોવીશી
૪ શ્રી સૌંદર્ય સર્વ૦
૬ શ્રી ત્રિવિક્રમનાથ અર્હં૦
૬ શ્રી ત્રિવિક્રમનાથ નાથા૦
૬ શ્રી ત્રિવિક્રમનાથ સર્વ૦
૭ શ્રી નરસિંહનાથ નાથા૦

૨૦ ધાતકીખંડે પૂર્વ ઐરવૃતે વર્તમાન ચોવીશી
૨૧ શ્રી ખેમંત સર્વ૦
૧૯ શ્રી સંતોષિતનાથ અર્હં૦
૧૯ શ્રી સંતોષિતનાથ નાથા૦
૧૯ શ્રી સંતોષિતનાથ સર્વ૦
૧૮ શ્રી કામનાથ નાથા૦

૨૧ ધાતકીખંડે પૂર્વ ઐરવૃતે અનાગત ચોવીશી
૪ શ્રી મુનિનાથ સર્વ૦
૬ શ્રી ચંદ્રદાહ અર્હં૦
૬ શ્રી ચંદ્રદાહ નાથા૦
૬ શ્રી ચંદ્રદાહ સર્વ૦
૭ શ્રી દિલાદીત્ય નાથા૦

૨૨ પુષ્કરાર્ધે પૂર્વ ઐરવૃતે અતીત ચોવીશી
૪ શ્રી અષ્ટાહિક સર્વ૦
૬ શ્રી વણિક્નાથ અર્હં૦
૬ શ્રી વણિક્નાથ નાથા૦
૬ શ્રી વણિક્નાથ સર્વ૦
૭ શ્રી ઉદયજ્ઞાનનાથા૦

૨૩ પુષ્કરાર્ધે પૂર્વ ઐરવૃતે વર્તમાન ચોવીશી
૨૧ શ્રી તમોકંદ સર્વ૦
૧૯ શ્રી સાયકાક્ષ અર્હં૦
૧૯ શ્રી સાયકાક્ષ નાથા૦
૧૯ શ્રી સાયકાક્ષ સર્વ૦
૧૮ શ્રી ક્ષેમંતનાથ નાથા૦

૨૪ પુષ્કરાર્ધે પૂર્વ ઐરવૃતે અનાગત ચોવીશી
૪ શ્રી નિર્વાણીક સર્વ૦
૬ શ્રી રવિરાજ અર્હં૦
૬ શ્રી રવિરાજ નાથા૦
૬ શ્રી રવિરાજ સર્વ૦
૭ શ્રી પ્રથમનાથ નાથા૦

૨૫ ધાતકીખંડે પશ્ચિમ ઐરવૃતે અતીત ચોવીશી
૪ શ્રી પુરૂરવા સર્વ૦
૬ શ્રી અવબોધ અર્હં૦
૬ શ્રી અવબોધ નાથા૦
૬ શ્રી અવબોધ સર્વ૦
૭ શ્રી વિક્રમેંદ્ર નાથા૦

૨૬ ધાતકીખંડે પશ્ચિમ ઐરવૃતે વર્તમાનચોવીશ
૨૧ શ્રી સુશાંતિ સર્વ૦
૧૯ શ્રી હરદેવ અર્હં૦
૧૯ શ્રી હરદેવ નાથા૦
૧૯ શ્રી હરદેવ સર્વ૦
૧૮ શ્રી નંદીકેશ નાથા૦

૨૭ ધાતકીખંડે પશ્ચિમ ઐરવૃતેઅનાગત ચોવીશી

૪ શ્રી મહામૃગેંદ્ર સર્વં૦
૬ શ્રી અશોચિત અર્હં૦
૬ શ્રી અશોચિત નાથા૦
૬ શ્રી અશોચિત સર્વં૦
૭ શ્રી ધર્મેંદ્રનાથ નાથા૦

૨૮ શ્રીપુષ્કરવરદ્વીપેપશ્ચિમ ઐરવૃતે અતીતચોવીશી

૨૧ શ્રી અશ્વવૃંદ સર્વં૦
૧૯ શ્રી કુટિલક અર્હં૦
૧૯ શ્રી કુટિલક નાથા૦
૧૯ શ્રી કુટિલક સર્વં૦
૧૮ શ્રી વર્ધમાન નાથા૦

૨૯ પુષ્કરવરદ્વીપે ઐરવૃતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી નંદિકેશ સર્વં૦
૧૯ શ્રી ધર્મચંદ્ર અર્હં૦
૧૯ શ્રી ધર્મચંદ્ર નાથા૦
૧૯ શ્રી ધર્મચંદ્ર સર્વં૦
૧૮ શ્રી વિવેકનાથ નાથા૦

૩૦ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ અરવૃતે અનાગતચોવીશી

૪ શ્રી કુલાપક સર્વં૦
૬ શ્રી વિશોમ અર્હં૦
૬ શ્રી વિશોમ નાથા૦
૬ શ્રી વિશોમ સર્વં૦
૭ શ્રી અરણ્યનાથ નાથા૦

---

॥ સમાપ્તમ્ ॥

# શુદ્ધિપત્ર.

| પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૧૦ | પાપનો | પાપની |
| ૧૦ | ૨૪ | અણાગત | અનાગત |
| ૧૪ | ૧ | હોજા | હોજો |
| ૧૪ | ૨૧ | અર્થ | અર્થે |
| ૧૭ | ૨૦ | કરનારં | કરનાર |
| ૧૮ | ૮ | અર્ચા | અર્ચ્યા |
| ૧૮ | ૨૨ | સવ્વ | સવ્વ |
| ૧૯ | ૧૫ | ૧ | ૦ |
| ૧૯ | ૧૬ | અરિઠ | અરિષ્ટ |
| ૧૯ | ૧૮ | ચેઉવ્વીસં | ચઉવ્વીસં |
| ૨૪ | ૧૩ | ૩ધ | ૩૫ |
| ૨૬ | ૨ | દશણુને | દર્શણુને |
| ૨૬ | ૧૬ | વહીં | નહીં |
| ૨૮ | ૨ | સલીનતા | સંલીનતા |
| ૨૯ | ૩ | ઈચ્છ | ઇચ્છિં |
| ૩૧ | ૮ | સૂંબંધી | સંબંધી |
| ૩૨ | ૧૬ | આગ્રમણે | આગમણે |
| ૩૨ | ૧૬ | વિગ્રમણે | વિગમણે |
| ૩૩ | ૨૦ | પૈહેલા | પેહેલા |
| ૩૮ | ૧૯ | મલ | મૂલ |
| ૪૨ | ૧૪ | સવ્વરસ | સવ્વસ્સ |
| ૪૮ | ૧૧ | સ્તુતી | ગુરૂઆજ્ઞા |
| ૪૯ | ૧૬ | સાહુ | સાહૂ |
| ૫૦ | ૧૩ | દવતા | દેવતા |
| ૫૪ | ૧ | તસ્મ | તસ્મૈ |
| ૫૪ | ૬ | અનિશયે | અતિશયે |
| ૫૪ | ૮ | પ્રથમનાય | પ્રમથનાય |
| ૫૪ | ૨૪ | આવહન | જયઆવહન |
| ૫૭ | ૧૬ | સુખ | સુખ |
| ૫૮ | ૧૭ | કડાય | કડપ્પ |
| ૬૦ | ૨૧ | મહારક્ષિકનાવ | મહારક્ષિક નાવળી |
| ૭૫ | ૭ | તસ્સઉત્તર | તસ્સઉત્તરી |
| ૮૦ | ૧ | ધનુપ | ધનુષ |
| ૮૨ | ૧ | જયવત | જયવંત |
| ૮૩ | ૩ | વાતરાગં | વીતરાગં |
| ૮૪ | ૯ | શ્રીમાન | શ્રીમન |
| ૮૫ | ૧૧ | જીનદાજ | જીનરાજ |
| ૯૬ | ૮ | આદાધન | આરાધન |
| ૯૮ | ૧૧ | સુપરે | સુપેરે |
| ૯૯ | ૬ | તલ | તલે |
| ૧૨૬ | ૨૨ | મંગકેલિ | મંગલકેલિ |
| ૧૨૬ | ૨૪ | કૃપા | કૃપા |
| ૧૨૭ | ૧ | નિવિકલ્પ | નિર્વિકલ્પ |
| ૧૨૭ | ૩ | તપોવિતમં | તપોભિતમં |
| ૧૨૭ | ૪ | ભ્રાત | ભ્રાંત |
| ૧૨૮ | ૧ | સ્ફુદત | સ્ફુરત |
| ૧૨૮ | ૧ | કરર્થીતો | કદર્થિતો |
| ૧૨૮ | ૧૨ | યશોજીતં | યશોર્જીતં |
| ૧૨૮ | ૧૫ | મસ | મમ |
| ૧૨૮ | ૧૯ | દેતક્ષ | દેતદત્ર |
| ૧૩૧ | ૧૪ | ધર | ઘર |
| ૧૪૨ | ૭ | પ્રામ | પ્રાણ |
| ૧૪૩ | ૮ | દ્રષ્ટીં | દ્રષ્ટી |
| ૧૪૩ | ૧૬ | પાચ | પાંચ |
| ૧૪૯ | ૨૦ | ચારી | ચોરી |

# જાહેર ખબર.

સર્વ જૈન ધર્માભિલાષી સજ્જનોને ખબર આપવામાં આવે છે કે શ્રી આદ્ય જૈન ધર્મ પ્રવર્તક સભાએ છપાવી પ્રગટ કરેલાં નીચે લખેલાં પુસ્તકો નીચે લખેલે ઠેકાણેથી મળશે. ટપાલ ખર્ચ જુદું પડશે.

| | |
|---|---|
| શ્રી દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રાર્થ બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે. | રૂ૦-૬-૦ |
| સામાયક સૂત્ર અર્થ સહીત પૃષ્ઠ ૪૮. | રૂ૦-૧-૦ |
| પ્રાર્થનાવળી. | રૂ૦-૧-૦ |
| પાંત્રીસ બોલનો થોકડો તથા પૂજા વિધિ-શાસ્ત્રી. | રૂ૦-૧-૦ |
| પૂજા વિધિનો કાગળ. ,, | રૂ૦-૦-૬ |

મોહાદેવ રામચંદ્ર તથા જગજીવન દલપત બાસેટનની હુવેલી ત્રણ દરવાજા આગળ.
શા. વાડીલાલ મોહોકમભાઈ જોઈન્ટ ટ્રેઝરર ધનપીંપળી મદનગોપાલની હુવેલી.
શા. પોપટલાલ પુરૂશોત્તમ ટ્રેઝરર ભમપોળ-પતાસાની પોળ.
શા. બાલાભાઈ કકલભાઇ જૈન સ્કુલ શિક્ષક નાગજીભુધરની પોળ માંડવીની પોલ. — અમદાવાદ

શા. અમરચંદ ઘેલાભાઈ-શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની આફીસ. — ભાવનગર
શા. ડાહ્યાભાઇ ઉત્તમચંદ શ્રી જૈન વિદ્યા-શાળા પાયધૂની. — મુંબાઇ
શા. કીલાભાઇ જેઠાભાઇ જૈન સભાના પ્રેસીડંટ બોરસદ.
શ્રી જૈન ધર્મ પ્રવર્તક સભા-શાખા. ના. ૧) વીરમગામ.